પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૧૦-૨૦૨૫-શનિવાર, સુરત

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૬૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ધનતેરસે વિશ્વ બજારમાં સોના-ચાંદીના ભાવ ગગડયા

## કોમોડિટી એક્સચેન્જ પર સોનામાં ૩૫૦૦ અને ચાંદીમાં ૧૨૦૦૦ રૂપિયાનો ઘટાડો : આજે ભારતમાં ૩૯ ટન સોનું વેચાવાનો અંદાજ

મુંબઈ, તા. ૧૮

સોના-ચાંદીમાં અભૂતપૂર્વ તેજી વચ્ચે આજે ધનતેરસના પવિત્ર દિવસે રાહત મળી હોય તેમ ભાવ વધતા અટકયા હતા અને કડાકો સર્જાયો હતો. વિશ્વ બજારમાં રાત્રે સોનું તથા ચાંદીમાં જોરદાર ગાબડુ પડવા સાથે ઉથલપાથલ સર્જાઈ હતી. કોમોડીટી એકસચેંજમાં એક તબકકે ચાંદીમાં ૧૨૦૦૦ તથા સોનામાં ૩૫૦૦ રૂપિયાથી વધુનો કડાકો સર્જાયો હતો.ધનતેરસના આજના પવિત્ર દિવસે સોના-ચાંદીની ખરીદીનું અનેરૂ મહાત્મ્ય છે. બેફામ તેજી બાદ આજે આંશીક રાહત મળતાં શુકનવંતી ખરીદીમાં ગ્રાહકોને હાશકારો થાય તેમ છે. ઈન્ડિયા બુલીયન જવેલરી એસોસીએશનના અંદાજ પ્રમાણે સોનાના ભાવ ઉંચા હોવા છતાં આજે ભારતમાં ૩૫ થી



૩૯ ટન સોનાનું વેચાણ થશે. જવેલરીનાં વેચાણમાં ૨૫-૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. છતા સિકકા બિસ્કીટની ડીમાંડ સારી રહેશે.ગત વર્ષની ધનતેરસની સરખામણીએ સોનામાં ૫૦૯૩૯ તથા ચાંદીમાં ૭૧૩૫૭ રૂપિયાનો વધારો છે જે અનુક્રમે ૬૫ ટકા તથા ૭૩ ટકાની ભાવ વૃદ્ધિ સુચવે છે. ભારતમાં આજે ૫૦,૦૦૦ કરોડના સોનાનું વેંચાણ થવાનો અંદાજ છે.દરમ્યાન આજે સોના તથા ચાંદી બન્નેનાં ભાવમાં ઘટાડો હતો.વિશ્વ બજારમાં રાત્રે ભાવમાં જબરી ઉથલપાથલ મચી હતી. ઉંચામાં ૪૩૭૯ ડોલરવાળો ભાવ ૪૨૦૦ની નજીક આવી ગયો હતો અને છેવટે ૪૨૫૧ ડોલર હતો. ચાંદી ઉંચામાં ૫૪ ડોલરને વટાવી ગયા બાદ ૫૧ ડોલર સુધી ઉતરી આવી હતી અને છેવટે ૫૧.૯૪ ડોલર હતો.

# પ્રાંતિજના મજરા ગામે હિંસક જૂથ અથડામણ

## મંદિરનો વહીવટ અને સરપંચના વિવાદમાં ૧૦૦થી વધુ વાહનોની તોડફોડ અને આગ : સામ સામા હુમલામાં ૭ લોકો ઘવાયા

સાબરકાંઠા, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામે ગઈકાલે રાત્રે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. ગામના મંદિરને લઈને થયેલી તકરાર ઉગ્ર બનતાં સામસામે પથ્થરમારો થયો હતો, જેમાં ૭થી ૮ લોકોને ઈજા પહોંચી હતી. આ અથડામણમાં કુલ ૧૦૦ જેટલા વાહનને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે, કેટલાક ઘરોના બારી-બારણાના કાચ સહિત અન્ય વસ્તુઓને પણ નુકસાન થયું છે. એક કારને સળગાવી દેવાની ઘટના પણ સામે આવી છે.

પ્રાંતિજ તાલુકાના મજરા ગામે ગઈકાલે રાત્રે બે જૂથ વચ્ચે થયેલી હિંસક અથડામણનો મામલો વધુ સ્પષ્ટ થયો છે. ગામમાં આવેલા ભૈરવ મંદિરના વહીવટની જૂની અદાવત અને સરપંચને લગતાં વિવાદોમાંથી આ ઘર્ષણ સર્જાયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દિવાળીના તહેવારને લઈને ત્રણ દિવસ માટે મંદિરના ચોકમાં ગરબાનું આયોજન થવાનું હતું, પરંતુ તેના પૂર્વે જ ગામમાં બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ભારે જૂથ અથડામણ થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ મોડી રાત્રે એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. આ અંગે હિંમતનગરના ઢઅજી એ.કે. પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, હિંસા ફેલાવનારા ૨૫થી ૩૦ જેટલા લોકોને રાઉન્ડ અપ (અટકાયત) કરવામાં આવ્યા છે. હાલમાં મજરા ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસનો મોટો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે અને સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે. પોલીસે બંને જૂથ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે

બે જૂથ સામસામે આવી જતાં પહેલાં ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ પરિસ્થિતિ વણસી ગઈ હતી. અસામાજિકતત્વોએ લાકડીઓ વડે મારામારી કરી હતી, ત્યાર બાદ ભારે પથ્થરમારો કર્યો હતો અને અનેક વાહનોમાં આગચંપી અને તોડફોડ કરી હતી.

ગ્રામપંચાયતના સદસ્ય જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ચાર દિવસ પહેલાં પણ નાનું છમકલું થયું હતું, બે દિવસ પહેલાં પણ થયું. જો કે, અમે તેને ગંભીરતાથી લીધું ન હતું. જો કે, કાલ રાત્રે નવ વાગ્યા પછી મોટી બબાલ થઈ હતી. એ લોકોએ પટેલોના ઘરે જઈ જઈને તોડફોડ કરી નુકશાન પહોંચાડ્યું.

અનુસંધાન પાના ૭ પર

# ભારતનું ગોલ્ડ રીઝર્વ પ્રથમ વખત ૧૦૦ અબજ ડોલર આંબી ગયું

### વર્ષ ૧૧૯૬-૯૭ બાદ પ્રથમ વખત મુલ્ય સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું

નવી દિલ્હી, તા. ૧૮

સોના-ચાંદીના ભાવમાં કેટલાક વખતથી ધરખમ તેજી છે.ભારતીય રિઝર્વ બેન્ક છેલ્લા મહિનાઓથી સોનાની સતત ખરીદી કરી જ રહી છે. સાથોસાથ ભાવ વધી રહ્યા હોવાથી ભારતના ગોલ્ડ રિઝર્વનું મૂલ્ય પ્રથમ વખત ૧૦૦ અબજ ડોલરને આંબી ગયુ છે.

૧૦ મી ઓકટોબરે પુરા થયેલા સપ્તાહના અંતે ભારતના ગોલ્ડ રિઝર્વનું મુલ્ય ૩.૬ અબજ ડોલર વધીને ૧૦૨.૪ અબજ ડોલર થયુ હતું. જયારે કુલ વિદેશી હુંડીયામણ અનામત ૨.૨ અબજ ડોલર ઘટીને ૬૯૭.૮ અબજ ડોલરની રહી હતી.

વિદેશી હુંડીયામણ અનામતમાં સોનાનો હિસ્સો વધીને ૧૪.૭ ટકા થયો છે.જે ૧૯૯૬-૯૭ પછીના સૌથી ઉંચા સ્તરે છે. છેલ્લા એક દાયકામાં સોનાની સતત ખરીદી તથા ઉંચા ભાવ એમ બેવડી અસરથી અનામત ભંડોળમાં સોનાનો હિસ્સો સાત ટકાથી વધીને ડબલ થઈ ગયો છે.સપ્તાહ દરમ્યાન વિદેશી કરન્સી એસેટસ ૫.૬ અબજ ડોલર ઘટીને ૫૭૨.૧ અબજ ડોલર રહી ગઈ હતી.

છેલ્લા વર્ષોમાં સોનાની સતત ખરીદી વચ્ચે ચાલુ સાલ ખરીદી ધીમી પડી હતી. નવમાંથી માત્ર ચાર મહિનામાં જ રિઝર્વ બેન્કે સોનુ ખરીદ કર્યું હતું.આગલા વર્ષોમાં

અનુસંધાન પાના ૭ પર

# લુધિયાણાથી દિલ્હી જતી ગરીબ રથ ટ્રેનમાં આગ લાગી

### યાત્રી ટ્રેનની આગ પર તાકીદે કાબુ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી

નવી દિલ્હી, તા. ૧૮

લુધીયાણાથી દિલ્હી જઈ રહેલી અમૃતસર-સહરસા ગરીબરથ એકસપ્રેસ ટ્રેનમાં આજે સવારે સરહિન્દ રેલ્વે સ્ટેશન પાસે આગ લાગી હતી. જોકે યાત્રીઓને ત્વરીત સુરક્ષીત રીતે અન્ય કોચમાં શિફટ કરવામાં આવતા અને ફાયર બ્રિગેડે તરત આગને કાબુમાં લેતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનામાં માત્ર એક મહિલા દાઝી હતી.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લુધીયાણાથી દિલ્હી જઈ રહેલી અમૃતસર-સહરસા ગરીબરથ એકસપ્રેસ ટ્રેન આજે સવારે સરીહન્દ રેલવે સ્ટેશન પાસે પહોંચી તો એક કોચમાં આગ લાગી હતી. જેથી ટ્રેનને તરત રોકી દેવામાં આવી હતી અને રેલ કર્મીઓએ રાહત કાર્ય શરૂ કરી દીધુ હતું.ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી અને યાત્રીઓને સુરક્ષીત રીતે શિફટ કરવામાં આવ્યા હતા. રેલવે કર્મચારીઓને તરત કોચ ખાલી કરાવ્યો હતો. ફાયર બ્રિગેડે ઝડપથી આગ પર કાબુ મેળવ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

# પાક.નો અફઘાન પર ફરી હુમલો ત્રણ ક્રિકેટરો સહિત ૧૦નાં મોત

### પાક. પર વળતો હુમલો કરવા તાલિબાનનો હુંકાર

કાબુલ, તા. ૧૮

પાકિસ્તાને સીઝફાયર વચ્ચે અફઘાનિસ્તાન પર ફરી વખત એર સ્ટ્રાઈક કરતા બન્ને દેશો વચ્ચેના સંબંધો સ્ફોટક બની ગયા છે. પાકિસ્તાની હુમલામાં અફઘાનિસ્તાનના ત્રણ ક્રિકેટરો સહિત ૧૦ લોકોના મોત નિપજતા ખળભળાટ સર્જાયો છે. અફઘાનિસ્તાને તાત્કાલીક અસરથી પાક. સાથેની ત્રિકોણીય ટી-૨૦ સીરીઝમાંથી ખસી જવાનું જાહેર કર્યું છે.

પાકિસ્તાન તથા અફઘાનિસ્તાન વચ્ચે છેલ્લા દિવસોમાં સર્જાયેલા સંઘર્ષ બાદ બન્ને દેશોએ સીઝફાયર જાહેર કર્યું હતું પરંતુ પાકિસ્તાને પોત પ્રકાશીને તેનું ઉલ્લંઘન કર્યું હોય તેમ ગઈરાત્રે અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી હતી અને તેમાં ત્રણ ક્રિકેટર સહિત ૧૦ લોકોના મોત થયા હતા. અફઘાનિસ્તાનના પતિકા ક્ષેત્રમાં આ હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો.

રહેણાંક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ તકે ફ્રેન્ડશીપ મેચ રમીને પરત ફરી રહેલા ક્રિકેટરો પણ ઝપટે ચડી ગયા હતા અને તેમાથી ત્રણના મોત થયા હતા. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે કહ્યું કે ફ્રેન્ડશીપ મેચ રમવા માટે ક્રિકેટ ટીમ પતિકા ક્ષેત્રની રાજધાની સારાના ગઈ હતી.

ત્યાંથી પરત ફરતી વખતે પાકિસ્તાનનો હુમલો થયો હતો અને તેમાં ત્રણ ખેલાડીઓના મોત થયા હતા. ખેલાડીઓની ઓળખ કબીર, હારૂન તથા સીબગતુલ્લાહ તરીકે થઈ છે. ત્રણ ક્રિકેટર ઉપરાંત અન્ય સાત લોકો પણ મોતને ભેટયા હતા. આ સિવાય અન્ય પાંચ લોકો ઘાયલ થયા હતા.

પાકિસ્તાનના આ હવાઈ હુમલાને પગલે બન્ને દેશો વચ્ચે ફરી પરિસ્થિતિ સ્ફોટક બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. છેલ્લા દિવસોમાં પાકિસ્તાને અફઘાનિસ્તાનના પતિકા ક્ષેત્રમાં જ અનેક હવાઈ હુમલા કર્યા હતા. તે પછી મિત્ર દેશોના દબાણ હેઠળ ૪૮ કલાકનું સીઝફાયર નકકી થયું હતું પરંતુ પાકિસ્તાને તેનું ઉલ્લંઘન કરીને નવેસરથી એર સ્ટ્રાઈક કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

# મોઝામ્બિકના સાગરમાં નાવ પલટતા 3 ભારતીયોના મોત


### દુર્ઘટનામાં પાંચ ભારતીયોને બચાવી લેવાયા : પાંચ ગુમ

નવી દિલ્હી, તા. ૧૮

હિન્દ મહાસાગરમાં ભારતીય નાગરિકોને લઈ જઈ રહેલી એક નાવ અચાનક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ છે. આ અકસ્માતમાં ત્રણ ભારતીયોના જીવ ગયા હતા. જયારે ૫ લોકો હજુ લાપતા છે. જેમની તલાશ થઈ રહી છે.

આ અકસ્માત શુક્રવારે મોઝામ્બિકમાં બીરા પોર્ટ પાસે થયો હતો. મોઝામ્બિકમાં ભારતીય દુતાવાસ મુજબ આ નવમાં એક ટેન્કરના ક્રુ મેમ્બર સવાર હતા તેમને રોજની જેમ ઓપરેશન ટ્રાન્સફર માટે ટેન્કર પર લઈ જવામાં આવી રહ્યા હતા. ત્યારે અચાનક નાવ પલટી ગઈ હતી જેથી આ દુર્ઘટના સર્જાઈ હતી.આ નાવમાં કુલ ૧૪ ભારતીય નાગરીક હાજર હતા. નાવ પલટવાનું કારણ હજુ સુધી બહાર નથી આવ્યું. આ દુર્ઘટનામાં ૩ ભારતીયોના મોત થયા છે. જયારે ૫ ભારતીયો લાપતા છે અને અન્યોને બચાવવામાં આવ્યા છે. જેમાં એક ગંભીર ઘાયલ થતાં તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયો છે.૫ લાપતા ભારતીયોનાં બચાવનું અભિયાન ચાલુ છે.





# માલદાની આદિ મસ્જિદ પર યુસુફ પઠાણની પોસ્ટથી વિવાદ

### પશ્ચિમ બંગાળ ભાજપે તેને આદિનાથ મંદિર ગણાવ્યું

નવી દિલ્હી, તા. ૧૮

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણની એક સોશિયલ મીડિયા પોસ્ટથી વિવાદ થયો છે. પઠાણે બંગાળના માલદામાં આવેલી આદિના મસ્જિદની મુલાકાત લીધી હતી. પઠાણે સોશિયલ મીડિયા પર આદિના મસ્જિદનો પોતાનો એક ફોટો શેર કર્યો હતો અને તેને ઐતિહાસિક ગણાવ્યો હતો. બંગાળ ભાજપે જવાબ આપતા કહ્યું હતું કે, "બરાબર છે - આદિનાથ મંદિર."યુસુફ પઠાણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, "પશ્ચિમ બંગાળના માલદામાં આવેલી આદિના મસ્જિદ, ૧૪મી સદીમાં સુલતાન સિકંદર શાહ દ્વારા બનાવવામાં આવેલી એક ઐતિહાસિક મસ્જિદ છે. સુલતાન સિકંદર શાહ ઈલ્યાસ શાહી સલ્તનતના બીજા શાસક હતા.

૧૩૭૩-૧૩૭૫ ની વચ્ચે બનેલી આ મસ્જિદ તે સમયે ભારતીય ઉપખંડની સૌથી મોટી મસ્જિદ હતી, જે આ પ્રદેશની સ્થાપત્ય ભવ્યતાને પ્રતિબિંબિત કરે છે." યુસુફ પઠાણની પોસ્ટનો જવાબ આપતા, પશ્ચિમ બંગાળ ભાજપે તેના સત્તાવાર X હેન્ડલ પરથી પોસ્ટ કર્યું, "બસ, સાચું છે - આદિનાથ મંદિર."આ પછી, સોશિયલ મીડિયા યુઝર્સ વિવિધ રીતે પ્રતિક્રિયા આપી

અનુસંધાન પાના ૭ પર

# યુક્રેનના રાષ્ટ્રપતિની વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ સાથે મુલાકાત

### ઝેલેન્સકી ટોમહોક મિસાઈલો માંગવા અમેરિકા પહોંચ્યા

નવી દિલ્હી, તા. ૧૮

શુક્રવારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીએ વ્હાઈટ હાઉસ ખાતે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી, જ્યાં તેમણે રશિયા સામે લડવા માટે ટોમહોક મિસાઈલો આપવાની વિનંતી કરી હતી. જોકે, ટ્રમ્પે આ મામલે ઉદાસીનતા દાખવી હતી.

ટ્રમ્પે કહ્યું, "હું ઈચ્છું છું કે યુક્રેનને ક્યારેય ટોમહોકની જરૂર ન પડે." જોકે, ઝેલેન્સકીએ ટોમહોકના બદલામાં હજારો યુક્રેનિયન-નિર્મિત ડ્રોન આપવાની ડીલ ઓફર કરી. ટ્રમ્પ સંમત થયા, પરંતુ ઉમેર્યું કે યુક્રેનને લાંબા અંતરના શસ્ત્રો પૂરા પાડવાથી બંને દેશો વચ્ચે તણાવ વધુ વધશે.

ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેનિયન લોકો માટે સૌથી મહત્વપૂર્ણ બાબત મજબૂત સુરક્ષા ગેરંટી છે. તેમણે કહ્યું કે નાટો સભ્યપદ શ્રેષ્ઠ છે, પરંતુ

અનુસંધાન પાના ૭ પર

# બિહાર ચૂંટણી : ૧૦ બેઠકો પર મહા ગઠબંધનના ઉમેદવારો સામ સામે

### બિહારમાં લાલુ પ્રસાદ ફરી જંગલરાજ લાવવા માંગે છે : અમીત શાહ

નવી દિલ્હી, તા. ૧૮

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ૧૨૧ બેઠકો માટે નામાંકન પ્રક્રિયા શુક્રવારે પૂર્ણ થઈ. મતદાન ૬ નવેમ્બરે થશે. નામાંકન પૂર્ણ થયા પછી પણ મહાગઠબંધનની અંદર બેઠકોની વહેંચણીનો વિવાદ ચાલુ રહ્યો. કોંગ્રેસે ૪૮ ઉમેદવારોના નામ જાહેર કર્યા, જયારે સીપીઆઈએમએલએ ૧૮ ઉમેદવારોની જાહેરાત કરી.

આરજેડીએ ઉમેદવારોની એક પણ યાદી જાહેર કરી નથી. નામાંકનના છેલ્લા દિવસે, આરજેડી, કોંગ્રેસ અને વીઆઈપી પોતપોતાના ઉમેદવારોને પક્ષના પ્રતીકોનું વિતરણ કરવાનું ચાલુ રાખ્યું. મહાગઠબંધન પક્ષોએ ૧૦ બેઠકો પર એકબીજા સામે ઉમેદવારો ઉભા રાખ્યા છે.

કોંગ્રેસ અને આરજેડીએ પાંચ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. સીપીઆઈ અને કોંગ્રેસ ત્રણ બેઠકો પર અને વીઆઈપી અને આરજેડી એક બેઠક પર ચૂંટણી લડશે. નારાજ વીઆઈપી વડા મુકેશ સાહનીએ જાહેરાત કરી છે કે તેઓ ચૂંટણી નહીં લડે. તેમણે કહ્યું કે તેઓ નાયબ મુખ્યમંત્રી બનશે અને રાજ્યસભા માટે ચૂંટણી નહીં લડે.

આ દરમિયાન, પાંચ ઢઢછ પક્ષોએ સંકલનમાં ઉમેદવારો ઉભા રાખ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૬ થી ૧૮ ઓક્ટોબર સુધી બિહારના પ્રવાસે છે. તેઓ આજે

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પ તંત્રની ડિપોર્ટેશનની આડેધડ કામગીરી પર અમેરિકાની કોર્ટે બ્રેક મારી

## આઈસીઈના એજન્ટ્સ અને પબ્લિક વચ્ચે વધતા ઘર્ષણનો વીડિયો જોઇને જજ વ્યથિત થયા

નવી દિલ્હી, તા. ૧૮

શિકાગો એરિયામાં હાલ ICEના એજન્ટ્સ અને પબ્લિક વચ્ચે ઘર્ષણ વધી રહ્યું છે તેવામાં કોર્ટે એક મહત્વનો આદેશ આપતા ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટની કાર્યવાહીમાં સામેલ થતા એજન્ટ્સ માટે બોડી કેમેરાનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો છે.

કોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી છે કે એજન્ટ ડ્યૂટી પર હોય ત્યારે આ કેમેરા સતત ચાલુ રહેવા જોઈએ. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ સારા એલિસે આ અંગેનો ઓર્ડર આપતા કહ્યું હતું કે પ્રોટેસ્ટર્સ અને ફેડરલ એજન્ટ વચ્ચે થઈ રહેલી અથડામણના વિડીયો જોઈને પોતે વ્યથિત છે.

ખાસ તો મંગળવારે ICEના એજન્ટ્સે એક કારને ટક્કર મારતા થયેલા અકસ્માત બાદ એકઠા થઈ ગયેલા ટોળાંને વિખેરવા માટે ફેડરલ એજન્ટ્સે ટીયર ગેસના શેલ છોડતા મામલો ખૂબ જ ગંભીર બની ગયો હતો અને કોર્ટે તેની પણ ખાસ નોંધ લીધી હતી.

કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે જો એજન્ટ્સ બોડી કેમનો ઉપયોગ કરશે તો ગ્રાઉન્ડ પર શું થઈ રહ્યું છે તેનું ડોક્યુમેન્ટેશન કરવું સરળ રહેશે, જોકે આ કેસની હિયરિંગ દરમિયાન ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા બોડી કેમેરાના ઉપયોગ સામે વાંધો વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કોર્ટના આદેશ બાદ DHSના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હાલ એવો કોઈ આદેશ નથી કે જેના હેઠળ બોડી કેમેરાનો ઉપયોગ ફરજિયાત બનાવી શકાય. તેમણે એમ પણ કહ્યું હતું કે કોર્ટે આ મામલામાં

અનુસંધાન પાના ૭ પર

### સુરત મહાનગર પાલિકાના

# વર્ગ ચારના કર્મીઓને એસઆઈની બઢતી કેસમાં હાઈકોર્ટનું કડક વલણ

## તા.૧૦ નવેમ્બરે હાઈકોર્ટમાં વધુ સુનાવણી

સુરત, તા.૧૮

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ ૪ ના કર્મચારીઓ કે જેઓએ મંજૂરી લઈને ચાલુ ફરજની સાથે સેનેટરી ઈન્સ્પેક્ટરનો ડિપ્લોમા કર્યો છે. તેવા કર્મચારીઓને માસિક સાધારણ સભાના ઠરાવ નંબર ૧૪૧૪/૨૦૧૩ તારીખ ૨૪/૯/૨૦૧૩ મુજબ સિનોયોરિટીના ધોરણે બઢતીથી તેમજ જે કર્મચારીઓએ ઓછામાં ઓછી નવ વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય,તેવા કર્મચારીઓને સેનેટરી સબ ઈન્સ્પેક્ટરની જગ્યા ઉપર લેવાનો ઠરાવ થયેલ છે. જે મુજબ દર વર્ષે મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડીને સંબંધિત કર્મચારીઓ પાસેથી માહિતી માંગવામાં આવતી હતી.તે મુજબ ૨૦૧૩/૧૪ થી આજદિન સુધી ૪૫૦ થી વધુ વર્ગ ચારના કર્મચારીઓને સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવેલ હતી. હાલના ડેપ્યુટી મ્યુનસિપલ કમિશનર (મધ્યસ્થ મહેકમ) દ્વારા જીએડી/ઈએસટી.૧૫૨૩ તારીખ ૯/૬/૨૦૨૫ થી એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો.તેમાં સામાન્ય સભાના ઠરાવ નંબર ૪૮૧/૨૦૨૩ તારીખ ૨૨/૯/૨૦૨૩ નો ઉલ્લેખ કરીને અરજીઓ માંગવામાં આવેલ હતી.સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયન દ્વારા મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (મધ્યસ્થ મહેકમ)ને આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી અને આ પરિપત્રનો જો અમલ થાય તો જે કર્મચારીઓ સિનિયોરિટી ધરાવે છે,ખરેખર તેઓને અગ્રીમતા આપીને બઢતી આપવી જોઈએ,તેવી રજૂઆત કરેલ હતી. પરંતુ યુનિયનની આ રજૂઆત ધ્યાને લેવામાં આવેલ ન હતી. જેથી સુરત સુધરાઇ કામદાર સ્ટાફ યુનિયનના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એક સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવેલ હતી.જે હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.છતાં સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા તારીખ ૨૫/૯/૨૦૨૫ ના રોજ કચેરી હુકમ નંબર ન.જીએડી/ઈએસટી.૩૮૫૯ થી ૭૮ જેટલા કર્મચારીઓને સેનીટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવેલ છે.જે કર્મચારીઓને ૪૮૧ નંબરના ઠરાવ મુજબ બઢતી આપવામાં આવેલ છે તેવું જણાઈ રહ્યું છે.જેના કારણે વર્ગ ચારના જે કર્મચારીઓ સિનિયર છે, તે લોકોને અન્યાય થયો છે. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા કેસમાં ફરી સુરત સુધરાઇ કામદાર સ્ટાફ યુનિયન દ્વારા તારીખ ૨૬/૯/૨૦૨૫ ના રોજ એક સિવિલ એપ્લિકેશન ( ફોર એમેન્ડમેન્ટ)દાખલ કરવામાં આવેલ છે.જેની સુનાવણી તારીખ ૧૬/૧૦/૨૦૨૫ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ હતી. જે સમયે અરજદાર સુરત સુધરાઈ સ્ટાફ યુનિયન સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વિદ્વાન એડવોકેટ શ્રી એ.એસ.આસ્થાવાદીએ દલીલો કરી હતી અને તારીખ ૨૫/૯/૨૦૨૫ ના રોજ જે કચેરી હુકમ કરવામાં આવેલ હતો.તે બાબતે પણ દલીલો કરી

અનુસંધાન પાના ૭ પર

## ચીખલીના વિવિધ માર્ગો પર જંગલ કટીંગની કામગીરી શરૂ

### વાહન વ્યવહારને નડતરરૂપ ઝાડી, ઘાસ વગેરેનો સફાયો

નવસારી, તા.૧૮

નવસારી જિલ્લામાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, (માર્ગ અને મકાન) પેટા વિભાગ, ચીખલી દ્વારા જાહેર સુરક્ષા તથા માર્ગ પર અવરજવર સરળતાથી થઈ શકે તે હેતુથી નવસારી (માર્ગ અને મકાન) પેટા વિભાગ, ચીખલી હસ્તકના આવેલ રસ્તા બામણવેલ હરણગામ દોણજા રોડ, વગેરે ઉપર ૮માણસોની અલગ-અલગ ટીમ, ૪ગ્રાસ કટર મશીનરીનો ઉપયોગ કરીને જંગલકટીની કામગીરી હાથ ધરેલ છે. આ કામગીરી અંતર્ગત ઝાડ, પાંદડા, ઘાસ વગેરેને હટાવવાની કામગીરી શરૂ કરવામામાં આવી છે, જેથી વાહનવ્યવહાર સરળતાથી ચાલી શકે તેમજ અકસ્માતના બનાવો ન બને. આ કામગીરીમાં રસ્તાની ડામર સપાટી તથા સાઈડ સોલ્ડરમાં ઊગી નીકળેલ ઝાડ, ઘાસ વગેરે અવરોધ ઊભો કરતા ઝાડોને મશીનરી અને ટીમની મદદથી દુર કરવામાં આવશે.




# ટેકનીકલ કોર્ષ પૂર્ણ થતા યુનિ. દ્વારા પ્રમાણપત્રોનુ વિતરણ કરાયું

## યોગથી થતા લાભો અંગે માર્ગદર્શન આપતા દીપેશ સુખડીયા

સુરત, તા.૧૮

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કન્ટિન્યુઇંગ એજ્યુકેશન એન્ડ એક્સટેન્શન વર્ક દ્વારા સંચાલિત "એન્સિયન્ટ યોગીક સાયન્સ એન્ડ ટેકનીક" (૩ ક્રેડિટ શોર્ટ ટર્મ સર્ટીફિકેટ કોર્ષ)ની ત્રીજી બેચ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે.

આ કોર્ષનો હેતુ પ્રાચીન યોગ વિજ્ઞાન અને આધુનિક ટેકનીકનો સંયોજન કરીને શારીરિક તેમજ માનસિક આરોગ્યમાં સુધારાઓ લાવવાનો છે. વિવિધ ઉંમરના તથા વિવિધ વ્યવસાયના લોકોએ આ કોર્ષમાં ભાગ લીધો હતો. પ્રસંગે શ્રી દીપેશભાઈ સુખડિયા દ્વારા યોગથી થતા લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાદમાં માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવ ડૉ. આર.સી. ગઢવીના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ડિપાર્ટમેન્ટના કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ પટેલ, કોર્ષ ઇન-ચાર્જ શ્રી વિનોદભાઈ રાવલ તથા જીજ્ઞાબેનની ઉપસ્થિતિ રહી હતી. અંતે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા સૌએ યોગને જીવનશૈલીનો ભાગ બનાવવા આહ્વાન કર્યું હતું.




# દીપ માઉન્ટેન સ્કૂલ દ્વારા શુભમ કે માર્ટ મોલની શૈક્ષણિક મુલાકાત

સુરત, તા.૧૮

દીપમાઉન્ટેન સ્કૂલમાં ધોરણ ૧ થી ૫ ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ ના તમામ વિદ્યાર્થીઓ માટે શુભમ કે માર્ટ મોલની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓને વ્યવસાય, નાણાકીય વ્યવહાર અને ગ્રાહક વ્યવહાર જેવા ક્ષેત્રોમાં વાસ્તવિક અનુભવ અપાવવાનો હતો, જેથી વર્ગખંડમાં શીખવાતા સિદ્ધાંતો વધુ સ્પષ્ટ અને રસપ્રદ બને. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ વસ્તુ રચના, માલખરી પ્રક્રિયા અને ગ્રાહક સેવા જેવી બાબતોનો અભ્યાસ કર્યો. આ પ્રકારનો શૈક્ષણિક મુલાકાતો વિદ્યાર્થીઓમાં સામાજિક કૌશલ્ય, સ્વતંત્રતા તથા શીખવાની રુચિમાં વધારો કરે છે. મોલ જેવી જગ્યા પર આનંદ સાથે પ્રાયોગિક જ્ઞાન મેળવવાની તક મળવાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સમજણ બંનેનો વિકાસ થાય છે.

# નવસારી ફેમિલી કોર્ટમાં કરેલી પૂર્વ પત્નીની ખોરાકીની અરજી નામંજૂર

## માત્ર દીકરીની ખોરાકી મંજૂર કરતી કોર્ટ

સુરત, તા.૧૮

નવસારી ફેમિલી કોર્ટ દ્વારા છૂટાછેડા લીધેલ પત્નીની અરજી ખાધા ખોરાકી માટે કરવામાં આવેલ .જેમાં એક્સ પત્ની ની ખોરાકી નામંજૂર .વિગત મુજબ સામાવાળા પતિ અને એક્સ પત્ની યાને છુટાછેડા લીધેલ પત્ની છેલ્લા પાંચ વર્ષથી એકબીજાથી અલગ રહેતા હતા સંમતિથી છુટાછેડા પાંચ વર્ષ પહેલા થઈ ગયેલ હતા જેમાં દીકરી નો કબજો અરદારે યાને કે એક્સ પત્નીએ લીધેલ પાંચ વર્ષ બાદ એક્સ પત્નીએ પોતાના માટે અને દીકરી માટે ભરણપોષણનો કેસ પતિ પર કરેલ જેમાં કેસ ચાલી જતા કેસ દરમિયાન ઉલટ તપાસ દરમિયાન એડવોકેટ મોના પંડ્યા એ સાબિત કરેલ કે અરજદાર પત્ની પોતે કમાઈ છે તથા પોતે પોતાની રીતે જુદા જુદા ધંધા કરીને સારી એવી આવક મેળવતા આવેલ છે અને પાંચ વર્ષ પહેલા બંને વચ્ચે છૂટાછેડા થઈ ગયેલ હોય જે છુટાછેડા પોતાની મરજી અને સંમતિથી લીધેલ.જેના કારણે કેસ ચાલી જતા એવુ સાબિત થએલ કે એક્સ પત્નીએ કરેલ ભરણપોષણ નો કેસ માં પોતે સારી આવક મેળવે છે અને કમાઈ છે તેથી ભરણપોષણ મેળવવા અંગેના કોઈ હુકમ ની કોઈ જરૂર લાગતી નથી તથા એવું સાબિત થયેલ છે કે એક્સ પત્ની પોતે જ્યારે કમાતી હોય અને સારું કમાતી હોય તો તેવા સંજોગોમાં પતિએ પત્નીને ભરણપોષણ આપવાનો રહેતો નથી જેને ધ્યાને લઈને નામદાર નવસારી ફેમિલી કોર્ટમાં પતિ તરફે યાને ાી સામા વાળા તરફે એડવોકેટ મોના પંડ્યા એ હાજર રહીને કેસ ચલાવતા પતિ તરફથી એડવોકેટ મોના પંડ્યા એ ધારદાર દલીલ કરતા એક્સ પત્નીને કોઈ પૈસા પતિએ ચૂકવવાના રહેતા નથી એટલે કે તેને માંગેલ દાદ નામંજૂર કરવામાં આવે છે અને દીકરી પૂરતી ખોરાકી મંજૂર . એક્સ પત્ની ની ખોરાકી નામંજૂર.



# મનપાના ટેકનીકલ સ્ટાફ માટે વર્કશોપ યોજાયો

સુરત, તા.૧૮

ગુજરાત સરકારશ્રી ધ્વારા વર્ષ– ૨૦૨૫ ને ઘોષિત કરવામાં આવેલ અર્બન ડેવલપમેન્ટ વર્ષ (UDY-૨૦૨૫) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા National Institute of Urban Affairs (NIUA, Autonomous body of MoHUA)ના સહયોગ તથા SVNIT, Surat ના તજજ્ઞશ્રીઓના સહકારથી સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન/વિભાગમાં રોડ– ટ્રાફિકની કામગીરી સાથે સંકળાયેલ ટેકનીકલ સ્ટાફ માટે cc Capacity Building Wrokshop on Non-Motroised Transprot & Road Safety ccનું તા.૧૬/૧૦/૨૦૨૫ તેમજ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ કેડરના ૨૫૦ કરતા વધુ જેટલા ટેકનીકલ સ્ટાફ ધ્વારા ભાગ લેવામાં આવેલ તેમજ તજજ્ઞો ધ્વારા Non-Motroised Transprot & Road Safety સંબંધિત સ્થળ પર અમલીકરણ કરવા જોગ ટેકનીકલ બાબતોની જાણકારી આપી સુરત મહાનગરપાલિકાના સ્ટાફને માહિતગાર કરવામાં આવેલ.

# નવસારી જિલ્લામાં અધવચ્ચેથી શિક્ષણ છોડી દેનાર બાળકોના સર્વે કરાયો

## અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધેલ બાળકો પુનઃ શાળામાં પ્રવેશ કરાવવા અપીલ

સુરત, તા.૧૮

સમગ્ર શિક્ષા નવસારી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ નવસારી અંતર્ગત ૬ થી ૧૮ વર્ષની વયજુથના કદી શાળાએ ન ગયેલ અને શાળામાંથી અધવચ્ચેથી ઉઠી ગયેલા બાળકો કે, જેઓ પોતાનું ધોરણ ૧ થી ૧૨ નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી, તેવા બાળકોનો સંપર્ક કરવા લોકોને મદદરૂપ બનવા અપીલ કરાય છે. નવસારી જિલ્લા સહીત છેવાડાના વિસ્તારોમાં બાળકો અધવચ્ચેથી શિક્ષણ છોડી દેતા હોય છે. અને અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધેલ બાળકો પુનઃ શાળામાં પ્રવેશ કરે તે માટે સરકાર પણ કાર્યશીલ રહે છે.

ત્યારે સમગ્ર શિક્ષા અંતર્ગત ૬ થી ૧૮ વર્ષ સુધીના શાળા બહારના તેમજ અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધેલ બાળકોના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારની આસપાસ કે જ્યાં સ્લમ વિસ્તાર, ઝૂંપડપટ્ટી વિસ્તાર, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન,

અનુસંધાન પાના ૭ પર



સુરતના સગરામપુરા સ્થિત ફેમીલી ફર્સ્ટ હોસ્પિટલ ખાતે આજે ધનતેરસના શુભ દિવસે ડો. શ્વેતા પટેલ તથા હોસ્પિટલ સ્ટાફ દ્વારા ધનવંતરીની પૂજા કરવામાં આવી હતી.

# કાળીચૌદશે ભૂત-પ્રેત, મશાલ સરઘસ કાઢી મેલીવિદ્યાને અગ્નિદાહ અપાશે

## ચાર ચોકમાં કુંડાળાના રિવાજને તિલાંજલિ આપી અનાજ-પાણીનો બગાડ અટકાવાશે

અમદાવાદ, તા.૧૮

આજે ભારત જન વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય કચેરી દ્વારા કાળીચૌદશની સદીઓ જુની માન્યતા, પરંપરા, કુરિવાજોને જાકારો આપવા અનેકવિધ જાગૃતિ કાર્યક્રમો સ્મશાનમાં આપવાના છે. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના વડ-વાજડી ગામે મશાલ સરઘસ, મેલીવિદ્યાની નનામીનો નાશ, ચાર ચોકમાં કુંડાળામાં મુકેલા કકડાટના વડા આરોગવા સહિત અનેકવિધ કાર્યક્રમો યોજાવાના છે. ચમત્કારોથી ચેતોનો અલૌકિક કાર્યક્રમ પણ નિદર્શન સાથે કરવાના છે. ચાર ચોકમાં કુંડાળા કરી વડા-ભજીયા મુકવાનો રિવાજ બંધ કરવો જોઈએ. અનાજ-પાણીનો બગાડ અટકાવી રાષ્ટ્ર ધર્મ બજાવીએ. કહેવાતી મેલીવિદ્યાનો નાશ નિવારણના હોમ-હવન સામે વૈજ્ઞાનિક સમજ, સાધના-ઉપાસનાની પોકળતા, સંધ્યા સમયે પ્રેતાત્માની અવર-જવર, જાતજાતના પ્રદેશ પ્રમાણે રિવાજો-માન્યતા જોવા મળે છે તે અપ્રસ્તુત હોય વર્તમાન સમયે તિલાંજલિ આપવાનો સમય પાકી ગયો છે. ૩૨ વર્ષથી સ્મશાન સહિત અનેક સ્થળોની જાત માહિતીના આધારે તમામ હકિકતો બોગસ, બેબુનિયાદ સાબિત થઈ હતી. લેભાગુઓ સદીઓથી ભ્રામકતા ઉભી કરી લોકોમાં ભય-ડર ફેલાવવાનું કામ કર્યું છે. લોકોને બરબાદી સિવાય કશું મળ્યું નથી જેની જાથા નિંદા કરે છે. કાળીચૌદશ ભારે દિવસ, અદ્રશ્ય શક્તિ, મેલીવિદ્યા, આસુરી શક્તિની એકબીજા સામે આપ લે કરવી, સાધના-ઉપાસના સિદ્ધ કરવું, વગેરે તમામ બાબતો જાથાએ હંબક સાબિત કરી હતી. વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧ મી સદીમાં માનવીનું

અનુસંધાન પાના ૭ પર

# કીમ નદીના બ્રીજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું

સુરત, તા.૧૮

અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ(NH-૬૪) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી આવેલી છે. જેની પર બનેલા મેજર બ્રીજનું એનડીટી ટેસ્ટ થતાં આ બ્રીજ જુનો અને નબળો હોવાનું પરિણામ આવતા આ બ્રીજ પર ભારે વાહનો અને માલવાહક વાહનોની અવર જવર બંધ કરવા જણાવ્યું હોવાથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરી વૈકલ્પિક માર્ગ જાહેર કર્યો છે. જે અનુસાર, તા.૧૪/૧૧/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન ભારે વાહનો અને માલવાહક વાહનો માટે અંકલેશ્વર હાંસોટ કદરામા રોડ (NH-૬૪) પર વડોલી વાંક અને સાહોળ ગામ વચ્ચે કીમ નદી ઉપર આવેલ મેજર બ્રીજ તરફ આવતા-જતા વાહનો માટે (૧) અંક્લેશ્વરથી (NH-૪૮) કીમ થઈ ઓલપાડ આવવા-જવા માટે (૨) ઓલપાડથી કીમ થઈ અંક્લેશ્વર (NH-૪૮) આવવા-જવા માટે ડાયવર્ઝન અપાયું છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.

# કંપનીને ખામીવાળી કારના સ્પેરપાર્ટ્સ બદલી આપવા આદેશ

## એડવોકેટ મોના પડ્યાની દલીલો ગ્રાહ્ય રાખતી ગ્રાહક કોર્ટ

સુરત, તા.૧૮

ફાઈવ સિટર કારમાં વારંવાર ખામી સર્જાતા કાર માલિકે ગ્રાહ્ય કોર્ટમાં ફરિયાદ રદ કરતા જે પણ સ્પેરપાર્ટ્સ ખરાબ થયા છે અથવા તો સિસ્ટમ ખરાબ થઈ છે તે નવી નાંખી આપવા માટે ફોરવ્હીલર કંપનીને આદેશ કરાયો છે. ઉત્રાણમાં સાંઇપુજા રેસીડેન્સીમાં રહેતા જયેશ જીતેન્દ્રભાઈ ગોટીએ ઉધનામાં આવેલી એક પ્રાઈવેટ કંપનીમાંથી રૂા.૧૯ લાખની કિંમત ધરાવતી ફાઇવ સીટર કાર ખરીદી હતી. કારમાં કોઈ ખામી અંગે વીમા કંપની પાસેથી પાસેથી ત્રણ વર્ષનો ઈન્સ્યોરન્સ પણ લેવાયો હતો. જો કે, આ કારમાં ઓટો-ડોર સિસ્ટમમાં પ્રોબ્લેમ થઈ હતી, ચાલુ ગાડીમાં બ્લુટુથ કનેક્ટીવીટી થઇ શકતી ન હતી અને રિવર્સ કેમેરો પણ બંધ થઈ ગયો હતો. અનેકવાર હેડલાઈટમાં પણ પ્રોબ્લેમ આવતા રાત્રીના સમયે કાર ચલાવવામાં ઈસ્યુ આવતો હતો. આ બાબતે કાર સર્વિસ સેન્ટરના મેનેજરને જાણ કરાઈ હતી પરંતુ તેઓએ કોઈ ધ્યાન આપ્યું ન હતું. આખરે જયેશભાઈએ એડવોકેટ મોના પંડયા મારફતે સુરતની ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરીને કાર રિપ્લેસ કરી નવી કાર આપવામાં આવે તેવી માંગ કરી હતી. સુરતની ગ્રાહક કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ જયેશભાઈની અરજી અંશતઃ મંજૂર કરી હતી અને ગાડીમાં જે પણ ખરાબી છે તેમજ જે સ્પેરપાર્ટ્સ ખરાબ થઇ ગયા છે તે કંપનીના જ નાંખી આપવા માટેનો આદેશ કર્યો હતો.

# ગોયા બજાર કન્યા શાળામાં દિવાળી પર્વની ઉજવણી



અંકલેશ્વર, તા.૧૮

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અંકલેશ્વર સંચાલિત ગોયા બજાર સ્થિત કન્યાશાળા બ્રાન્ચ નંબર ૧ ખાતે દિવાળી પર્વ તથા નૂતન વર્ષની ઉત્સાહભેર આગોતરી ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીનાં ભાગરૂપે શાળાનાં વિદ્યાર્થીઓએ રંગો તથા પુષ્પો દ્વારા સુંદર રંગોળીનું સર્જન કર્યું હતું. સાથેજ ફટાકડા ફોડીને નૂતન વર્ષનાં આગમનને આવકારી એકમેકને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ તડકેશ્વર, માંડવી ખાતે આવેલી એનયુ સિટીઝન ફેબ્રિકસ પ્રા.લિ.ની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી હતી. જ્યારે બુધવાર, તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ઈચ્છાપોર સ્થિત ગ્રીન લેબ ડાયમંડ્સ એલએલપીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ લઈને પ્રોડકશન સહિતની વિવિધ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો.ચેમ્બરના પ્રતિનિધિ મંડળે એનયુ સિટીઝન ફેબ્રિકસ પ્રા.લિ.ની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ દરમિયાન કંપનીના આધુનિક ઉત્પાદન એકમની વિગતવાર માહિતી મેળવી હતી. કંપનીની અદ્યતન ઉત્પાદન પ્રક્રિયામાં વોટરજેટ, વોશિંગ, સ્ટેન્ટર, કોટિંગ અને પીવીસી કેલેન્ડર જેવા મહત્વપૂર્ણ યુનિટ્સની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કંપની દ્વારા ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં અપનાવવામાં આવેલી નવીન ટેકનોલોજી, ગુણવત્તા નિયંત્રણ પ્રણાલીઓ તેમજ પર્યાવરણલક્ષી અભિગમને પ્રતિનિધિ મંડળે બિરદાવી હતી.ચેમ્બરના પ્રતિનિધિ મંડળે લેબ ગ્રોન હીરાના ક્ષેત્રમાં અગ્રણી સ્થાન ધરાવતા ગ્રીનલેબ ડાયમંડ્સની પણ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી હતી. પ્રતિનિધિ મંડળે ડાયમંડ ગ્રોઈંગ, કટિંગ, પોલિશિંગ તથા ક્વોલિટી ટેસ્ટિંગની વિવિધ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો. કંપની દ્વારા અપનાવવામાં આવેલી સસ્ટેનેબલ પ્રોડકશન પ્રોસેસ, પર્યાવરણલક્ષી અભિગમ તેમજ હીરા ઉદ્યોગમાં આવેલા ઈનોવેશન અને ડિજિટલ ટેકનોલોજી વિષે વિસ્તૃત જાણકારી મેળવી હતી.ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગો આજે ટેક્નોલોજી, ઈનોવેશન અને ક્વોલિટી તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. એનયુ સિટીઝન ફેબ્રિક્સ અને ગ્રીન લેબ ડાયમંડ્સ જેવી કંપનીઓએ પોતાના ક્ષેત્રમાં નવીનતા અને સસ્ટેનેબિલિટીને પ્રાથમિકતા આપીને ઉદ્યોગ જગતમાં એક નવો માપદંડ ઉભો કર્યો છે. આવા ઉદ્યોગોની મુલાકાતથી ચેમ્બરના સભ્યોને ઉદ્યોગની નવી ટેકનિકસ અને પ્રોડકશન પ્રોસેસ વિશે પ્રાથમિક જાણકારી મેળવવાનો લાભ મળે છે.

# એક જેકેટ હો જાયે



કોઈ પણ ગારમેન્ટની ઉપર પહેરવામાં આવતું વસ્ત્ર એટલે જેકેટ. જેકેટમાં ઘણી વેરાઈટી આવે છે. કેઝ્યુઅલ જેકેટ અને ફોર્મલ જેકેટ. જેકેટ પહેરવાથી તમારા લુકમા એક એક્સ્ટ્રા એલિમેન્ટ એડ થાય છે. એમ કહી શકાય કે જેકેટ પહેરવાથી તમારો મોભ્ભો વધી જાય. જેકેટની પસંદગી કરતી વખતે તમારી હાઈટ અને બોડી ટાઈપ ખાસ ધ્યાનમાં રાખવી કારણકે જેકેટમાં ઘણી લેન્થ આવે છે અને અલગ અલગ પ્રકારની સ્ટાઈલિંગ હોય છે. સ્લીવલેસ જેકેટ પણ હોય છે અને સ્લીવ્સની વેરિએશનવાળા જેકટ પણ હોય છે. આજે આપણે સેમી ફોર્મલ જેકેટની વાત કરીએ.

શોર્ટ જેકેટ એટલે જેની લેન્થ કમર સુધી હોય અથવા કમરથી ઉપર હોય. આ જેકેટમાં સ્લીવ હોય અને ન પણ હોય ડીપેન્ડિંગ કે ઓવરઓલ ડ્રેસની પેટર્ન કેવી છે. જો તમારે શોર્ટ જેકેટ પહેરવા છે તો તમારું શરીર ખૂબ જ સુડોળ હોવું જોઈએ. જો તમારી હાઈટ ઓછી હોય તો શોર્ટ જેકેટ ન પહેરવા.

જેકેટનું ફેબ્રિક અને તેની પરનું વર્ક તમારા બેઝ આઉટફિટ પર આધાર રાખે છે. જો તમારો બેક્સ આઉટફિટ પ્લેન હોય તો જેકેટ વર્કવાળું પહેરવું જેથી કરી પ્લેન ડ્રેસ પર વર્કવાળું જેકેટ ઉઠીને આવે. અને જો તમારો ડ્રેસ પ્રિન્ટેડ હોય તો પ્લેન ફેબ્રિકનું જેકેટ પહેરી શકાય.

લોન્ગ જેકેટ એટલે કે જેની લેન્થ તમારા બેઝ ડ્રેસ લેન્થ જેટલી હોય અથવા તો થોડી ઉપર નીચે હોય છે . એટલે કે, જો તમારી ડ્રેસની લેન્થ ૪૮ ઈંચ હોય તો જેકેટ તે જ લેન્થનું આવશે કે પછી ૨ ઈંચ ઉપર એટલે કે, ૪૬ ઈંચ હશે. આ કોન્સેપ્ટ સેમ ટુ સેમ કલરમાં પણ હોઈ શકે અને કોન્ટ્રાસ્ટ કલરમાં પણ હોઈ શકે.

જો તમારે સેમ કલર કોમ્બિનેશનમાં પહેરવું હોય તો આઈવરી ગોલ્ડ કલરનો કલીદાર બેઝ ડ્રેસ અને તેની ઉપર સેમ શેડનું જ ટ્રાન્સપેરન્ટ જેકેટ કે જેમાં મારું કલરની પાઈપિન નાખી હોય જેન અલીધે જેકેટ પહેર્યું છે એમ લાગે. અને આઈવરી પર મરૂન કલર ઉઠીને જ આવશે. અને જો કોન્ટ્રાસ્ટ કલરમાં પહેરવું હોય તો બ્લેક કલરના કલીદાર ડ્રેસ સાથે મરૂન કલરનું સ્લીવલેસ જેકેટ પહેરી શકાય. બ્લેક અને મરૂન કલરનું કોમ્બિનેશન સારું પણ લાગે છે.

એમજ ઓરેન્જ આ ને બ્લુ, રાણી અને ઓરેન્જ, કે પછી વાઈટ કલર સાથે મલ્ટિ કલર કોમ્બિનેશન પહેરી શકાય. જો તમારે આગવી છાપ ઊભી કરવી હોય તો રો સિલ્કનું કે સોફ્ટ વેલવેટનું જેકેટ પહેરી શકાય. રો સિલ્કના અને વેલ્વેટના જેકેટથી એક રોયલ લુક આવશે. આ જેકેટ પ્લેન હશે તો પણ સારા લાગશે અને જેકેટ પર થોડું વર્ક હશે તો પણ સારું લાગશે. આ જેકેટ પહેર્યા પછી મિનિમમ જ્વેલરી લુક સારો લાગશે. આ જેકેટ જ આખા લુકને કમ્પ્લીટ કરે છે. બીજી રીતે કહીયે તો આ ડ્રેસને ડબલ લેયરવાળો ડ્રેસ પણ કહેવાય.આ લુક સાથે તમે તમારી ચોઈસ મુજબ સિગાર પેન્ટ્સ, ફલેરી પ્લાઝો કે પછી ઘાઘરો પહેરી શકો. આજકાલના ટ્રેન્ડ મુજબ ફલેરી પ્લાઝો વધારે સારો લાગશે, જે દૂરથી ઘાઘરાનો જ લુક આપે છે. તહેવારોના દિવસોમાં જેટલો સિમ્પલ ડ્રેસ હશે તેટલા વધારે સુંદર લાગશે. કોઈનું આંધળું અનુકરણ કરવું નહિ. તમને અને તમારા બોડીને જે શોભે તે જ કપડાં પહેરવા. ખાસ ધ્યાન એ રાખવું કે કલર કોમ્બિનેશન બ્રાઈટ હોવા જોઈએ.



**શોર્ટ જેકેટ એટલે જેની લેન્થ કમર સુધી હોય અથવા કમરથી ઉપર હોય. આ જેકેટમાં સ્લીવ હોય અને ન પણ હોય ડીપેન્ડિંગ કે ઓવરઓલ ડ્રેસની પેટર્ન કેવી છે. જો તમારે શોર્ટ જેકેટ પહેરવા છે તો તમારું શરીર ખૂબ જ સુડોળ હોવું જોઈએ. જો તમારી હાઈટ ઓછી હોય તો શોર્ટ જેકેટ ન પહેરવા.**



# કોણ છે 'ફોર્બ્સ' મેગેઝિનમાં સ્થાન પામનાર એકમાત્ર આશા કાર્યકર?


**'ફોર્બ્સ' જેવાં પ્રતિષ્ઠિત મેગેઝિનમાં સ્થાન પામવા તમારે મિલિયોનેર કે બિલિયોનેર કે સુપરસ્ટાર અથવા તો કોઈ પાવરફુલ પોલિટિશિયન હોવું જરૂરી છે?**

ના, જરાય નહી. એના તેના માટે જરૂરી છે તમારા કર્મક્ષેત્રમાં નિષ્ઠાવાન પ્રયત્ન, જે લોકોના જીવનને જ નહીં, એમના હૃદયને પણ સ્પર્શી જાય. આવી મહિલાઓ જ નારીશક્તિનું સાચું ઉદાહરણ છે.

મટિલ્ડા કુલ્લુ! આ નામ ભાગ્યે જ કોઈએ પહેલાં સાંભળ્યું હશે, પરંતુ આજે એ આખી દુનિયામાં પ્રખ્યાત છે. ઓડિશાની રહેવાસી મટિલ્ડા કુલ્લુ ન તો કોઈ ઉદ્યોગપતિ છે કે ન તો ઉચ્ચ શિક્ષિત છે. આશા કાર્યકર તરીકે, તે માત્ર ૫,૦૦૦ રૂપિયાનો પગાર મેળવે છે તેમ છતાં 'ફોર્બ્સ- ઈન્ડિયા વુમન-પાવર ૨૦૨૧' ની યાદીમાં સ્થાન મેળવનાર એ પ્રથમ ભારતીય આશા કાર્યકર છે.૨૦૦૫માં સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન શરૂ કર્યું અને નબળા સમુદાયોને આરોગ્ય સંભાળ સાથે જોડવા માટે આ આશા કાર્યકરોની ભરતી કરી. ભારતમાં આવા દસ લાખથી વધુ કાર્યકરો સક્રિય છે. મટિલ્ડાની સફર ૨૦૦૬ માં ઓડિશાના સુંદરગઢ જિલ્લાના ગર્ગદબહાલ ગામમાં આશા કાર્યકર તરીકે શરૂ થઈ હતી.આ પહેલા એ પતિ સાથે ઘર ચલાવવા માટે નાની નોકરીઓ અને સીવણકામ કરતી હતી, જે ૪ લોકોના પરિવાર માટે પૂરતું નહોતું. આશા વર્કર તરીકે કામ કરવાનો એનો મુખ્ય ઉદ્દેશ્ય પરિવાર માટે પૈસા કમાવવાનો હતો, પણ પોતાના કર્મને એણે ધર્મ માનીને જે રીતે નિભાવ્યું, તેની કહાણી ન માત્ર રોચક છે, પરંતુ પ્રેરણાદાયક પણ છે.મટિલ્ડાનો દિવસ દરરોજ સવારે ૫ વાગ્યે ઉઠવાથી શરૂ થાય છે. પરિવાર માટે નાસ્તો અને બપોરનું ભોજન તૈયાર કર્યા પછી અને ઢોરની સંભાળ રાખ્યા પછી, તે સવારે ૭:૩૦ વાગ્યે સાઈકલ પર પોતાના ઘરેથી કામ માટે નીકળે છે.ગર્ગદબહાલ ગામમાં ગામલોકો બીમાર પડે ત્યારે ન તો ડોક્ટર પાસે જતા કે ન તો હોસ્પિટલ જતા, એ લોકો સારવાર માટે 'ઝાડ ફૂંક' (કાળો જાદુ) કરતા. સગર્ભા સ્ત્રીઓને પ્રસૂતિ માટે હોસ્પિટલમાં જવાની પણ મંજૂરી નહોતી, તેથી બાળજન્મ દરમિયાન મુશ્કેલીઓના ઘણા કિસ્સાઓ સામે આવતા હતા. આવી સ્થિતિમાં, મટિલ્ડાનું પહેલું કાર્ય આ માનસિકતા બદલવાનું અને ગ્રામજનોને આરોગ્ય યોજનાઓ સમજાવવાનું હતું.કુલ્લુને ગામલોકોને યોગ્ય તબીબી માર્ગો અપનાવવા માટે શિક્ષિત કરવામાં વર્ષો લાગ્યા. સદ્ભાગ્યે મટિલ્ડાને કેટલાક શિક્ષિત ગ્રામજનોનું સમર્થન મળ્યું. ઘરે ઘરે જઈ, ગ્રામજનોને આરોગ્ય યોજનાઓ અને આરોગ્ય તપાસના મહત્ત્વ વિશે એ માહિતી આપતી, પરંતુ કુલ્લુ અનુસૂચિત જનજાતિની હોવાથી કેટલાંય ઘરોમાં એને જાતિવાદ અને અસ્પૃશ્યતાનો સામનો પણ કરવો પડ્યો.શરૂઆતમાં, એનું મુખ્ય કાર્ય ગામની ગર્ભવતી મહિલાઓની તપાસ કરવાનું અને એમને શક્ય તેટલી તબીબી સહાય પૂરી પાડવાનું હતું. એણે ૨૦૦થી વધુ મહિલાઓને પ્રસૂતિ કરવામાં મદદ કરી છે. ધીમે ધીમે લોકો એના ઉપર વિશ્વાસ પણ મૂકવા લાગ્યા. જૂની પેઢીના લોકો હજી જાતિવાદના કારણે એનાથી દૂર રહેતા, પણ નવી પેઢીના લોકો મદદ માટે એની પાસે જતા હવે ખચકાતા નથી. ક્યારેક ગામલોકોની તબિયત સારી ન હોય તો એ કુલ્લુના ઘરે દવા લેવા માટે આવી જાય છે.ઘણીવાર, એને અડધી રાતે પ્રસૂતિ માટે ગર્ભવતી સ્ત્રીની મદદ કરવા દોડી જવું પડે છે.

એના અન્ય નિયમિત કાર્યોમાં પ્રસૂતિ પહેલા/પ્રસૂતિ પછીની તપાસ, રસીકરણ, સેનિટાઈઝેશન, સ્વચ્છતાને પ્રોત્સાહન આપવું, પોલિયો અને અન્ય રસીઓ આપવી, સર્વેક્ષણો કરવા વગેરેનો સમાવેશ થાય છે. અને મહત્ત્વની વાત એ, કે આ બધું મટિલ્ડા એકલા હાથે સંભાળે છે!આટલી મહેનત પછી એને માત્ર ૫,૦૦૦ રૂપિયા મળે છે! સરકાર તરફથી અપાતી પ્રોત્સાહક રકમ આપવામાં પણ સરકારી બાબુઓ જાણે પોતાના ગજવામાંથી આપવાના હોય તેવા ઠાગાઠૈયાં કરે. હમણાં આશા વર્કરોએ ૨ વર્ષથી બાકી રકમ માટે આંદોલન કરવાની પણ ફરજ પડી હતી.કોવિડના સમયગાળામાં મટિલ્ડા કુલ્લુએ કરેલું કામ ખૂબ પ્રશંસનીય બન્યું હતું. માર્ચ મહિનામાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન પછી જયારે આખા દેશને ઘરે રહેવાનું કહેવામાં આવ્યું, ત્યારે આશા વર્કરોને દરેક ઘરની મુલાકાત લેવા અને ગામલોકોને આ નવા વાયરસ વિશે શિક્ષિત કરવાનું કહેવામાં આવ્યું. લોકો કોવિડ ટેસ્ટથી દૂર ભાગતા હતા, એમને સમજાવવા ખરેખર મુશ્કેલ હતા.લોકોના સીધા સંપર્કમાં આવવાનું હતું, છતાં પીપીઈ, માસ્ક, ગ્લોવ્સ અને સેનિટાઈઝર પણ નહોતા મળ્યા. આમ છતાં મટિલ્ડાએ પોતાનું કામ પૂરી નિષ્ઠાથી નિભાવ્યું. કોવિડની બીજી લહેર દરમિયાન પોતે ચેપગ્રસ્ત થઈ હોવા છતાં, સ્વસ્થ થયા પછી બે અઠવાડિયામાં ફરી કામ શરૂ કર્યું હતું.

# આંખોના રંગ-રૂપ અનુરૂપ આઈ- શેડો



આંખોના આકર્ષક લૂક માટે આઈશેડો જરૂરી છે. મહિલાઓ આંખોનું સૌંદર્ય વધારવા શેડોનો ઉપયોગ કરે છે પણ ચહેરાના રંગ અને શેડોનું ખોટું સિલેકશન કરવાથી આંખોની સુંદરતા વધવાની જગ્યાએ ઘટી જાય છે. ઘણી વખત તો આઈશેડોથી ચહેરો આર્ટિફિશિયલ લાગે છે તેથી જરૂરી છે કે, આઈશેડોનું સાચું સિલેકશન થાય. આઈશેડો તમે તમારી આંખનો રંગ અને સ્કિનના રંગ અનુસાર સિલેકટ કરો. દરેક વ્યક્તિની આંખનો કલર અલગ-અલગ હોય છે. આંખોની કીકીના કલર પ્રમાણે પણ આઈશેડો સિલેકટ કરી શકો છો. જો તમારી આંખની કીકી નીલા રંગની હોય તો ભૂરો રંગ, પર્પલ કલર કે લીલા કલરની આઈશેડો સારી લાગશે. ગોરી ત્વચા પર નીલા, ગુલાબી અને બ્લેક કલરની આઈશેડો સારી લાગે છે. શ્યામ ત્વચા હોય તેમની આંખો પર હલકા ભૂરા રંગની અને ગોલ્ડર કલરની આઈશેડો સારો લૂક આપશે, પરંતુ કોન્ટેકટ લેન્સ પહેરતી મહિલાઓએ પાવડર આઈશેડોનો ઉપયોગ ક્યારેય ન કરવો. તેમના માટે ક્રીમી આઈશેડો જ સારી રહેશે. દિવસ દરમિયાન તમે સિમ્પલ આઈશેડોનો ઉપયોગ કરો અને રાત્રે કે સાંજે ગ્લિટરવાળી આઈશેડોનો ઉપયોગ કરો જેનાથી આંખો ચમકીલી લાગશે. આઈશેડોને હંમેશા એકસરખી ફેલાઈ દો. તેમાં ધાબા ન દેખાવા જોઈએ.

**આઈશેડો સ્ટિક :** આઈશેડો સ્ટિકના રૂપમાં પણ મળે છે જે ક્રીમ જેવું હોય છે ગરમીમાં ઢીલી અને ઠંડીમાં કડક થઈ જતી સ્ટીકને લગાવું અને આંખ પર સ્પ્રેડ કરવું મુશ્કેલીભર્યું છે.

**પાવડર આઈશેડો :** આ કોમ્પેકટ પાવડર જેવું હોય છે. આમા મોઈશ્ચરાઈઝર પણ હોય છે. સ્કિન પર લાંબો સમય સુધી ટકી પણ શકે છે તૈલીય ત્વચા માટે ઉત્તમ છે આને એપ્લીકેટર દ્વારા લગાવાય છે.

**ક્રીમી આઈશેડો :** ક્રીમી આઈશેડો ડ્રાય સ્કિન માટે સારી રહે છે, કારણ કે તેનો બેઝ તેલ હોય છે. આને સ્કિન પર સરળતાથી ફેલાવી શકાય છે.

**પેન્સિલ આઈશેડો :** અલગ-અલગ પ્રકારની આઈશેડો હવે પેન્સિલ સ્વરૂપમાં પણ આવે છે, પરંતુ આઈબ્રો પેન્સિલ કરતાં આ પેન્સિલ ખૂબ જ મુલાયમ હોય છે. પેન્સિલમાં વેકસનું પ્રમાણ વધારે હોય છે.

# ખોરાક કરતાં કેલરી દીઠ વધુ પોષણ આપે છે

**આ શાકભાજીઓ ખાવી હેલ્ધી છે એમ કહેતા માતા અને દાદી હંમેશા સાચા હતા મેથી, પાલક, તાંદળજો, સુવા વગેરે તેમાંના મોટા ભાગની પસંદીદા શાકભાજી છે.**



શિયાળો ચાલી રહ્યો છે અને શાકબજાર, લારીઓ અને શેરીઓ વિવિધ લીલાં પાંદડાવાળી શાકભાજીઓથી છલકાઈ રહ્યાં છે. આપણે જોઈએ છીએ કે બગીચામાં સરસ વોક થઈ આવ્યા પછી, મોટાભાગના વોકર્સ આ વિવિધ ભાજીઓ બેગમાં ઘરે લઈ જતાં હોય છે. મોટા ભાગના ઘરોમાં એમાંથી સૂપ, મૂઠિયાં, પરાઠા અથવા સબ્જી અને અન્ય ઘણી ફૂડ આઈટમો બનતી હોય છે. આ શાકભાજીઓ ખાવી હેલ્ધી છે એમ કહેતા માતા અને દાદી હંમેશા સાચા હતા મેથી, પાલક, તાંદળજો, સુવા વગેરે તેમાંના મોટા ભાગની પસંદીદા શાકભાજી છે. ચાલો, આ લીફી વેજિટેબલ્સ-લીલી ભાજીઓમાં શું વિવિધતા છે તે જોઈએ. લીફી ભાજીઓ વજનના મેનેજમેન્ટ માટે બહુ જ આઈડિયલ છે કેમ કે તે ટીપીકલ લો કેલરી ધરાવે છે. ફેટ ઓછી, ડાયેટરી ફાઈબર વધારે અને ભરપૂર પ્રમાણમાં ફોલિક એસિડ, વિટામી સી, પોટેશિયમ અને મેગ્નેશિયમ વગેરે હોવાના કારણે કેન્સરનું અને હાર્ટ ડિસિઝનું જોખમ ઘટાડવામાં તે બહુ જ મદદરૂપ થાય છે. આ પોષક તત્વ્ ઉપરાંત એવા કેટલાય પોષક તત્વો જેને લીધે તે એકબીજાથી અલગ પડે છે. પાલક : ઘાટી લીલી ભાજી પાલકમાં ઘણું બધું ફોલટ રહેલું છે જે લાલ લોહીના ઉત્પાદનમાં વધારો કરે છે. કીડ્ઝ કાર્ટૂનમાં પોપાઈની લીલી ભાજી તરીકે પસંદગી પાલકની છે જેમાં કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, વિટામિન એ, વિટામીન કે સારા પ્રમાણમાં છે. એમાં માઈલ્ડ ફલેવર હોવાથી વિવિધ પ્રકારના ફળો અને શાક સાથે સહેલાઈથી મિક્સ કે સ્મૂધીમાં બ્લેન્ડ કરી શકાય છે.મેથી : મેથીના દાણા ખૂબ જ પ્રાચીન મસાલો છે જેનો ઉપયોગ વિવિધ વાનગીઓમાં સ્વાદ માટે થાય છે. એના પાંદડા સ્વાદમાં કડવા હોય છે, પણ જયારે કોઈ પણ રેસીપીમાં ઉમેરવામાં આવે છે ત્યારે તેનો ચોકકસપણે ફ્રેન્ડલી ટેસ્ટ લાગે છે. સ્વાદમાં ઉમેરો કરવા ઉપરાંત તે ઘણી ન્યુટ્રીશનલ વેલ્યૂ પણ ધરાવે છે મેથીના પાન એ કુદરતી ઔષધિ પણ છે મેથીના પાન એ કુદરતિ ઔષધી પણ છે જે ન્યુટ્રીશનલ સપ્લિમેન્ટ તરીકે કામ કરે છે તે રોગો સામે અસરકારક ફાઈટ આપે છે અને તેમાં આયર્ન, સોડિયમ અને પોટેશ્યમ ઉપરાંત વિટામિન બી ૬ મેગ્નેશિયમના સારા સ્ત્રોત જોવા ઘણા હેલ્થ બેનિફિટસ પણ છે. તે કોલેસ્ટેરોલ અને બ્લડ પ્રેશર ઘટાડવા, વાળને તાકાત આપવા વગેરેમાં ફાયદાકારક છે.લેટ્યૂસ : આ ન્યુટ્રીઅન્ટ્સ-ડેન્સ પાંદડા ક્રિસ્પી અને સહેજ કડવા છે, અને કાચા સલાડ અથવા સૂપમાં પણ તેનો ઉપયોગ કરી શકાય છે. લેટયૂસ વિટામીન્સ એ, સી અને કે થી સમૃદ્ધ છે, તે ખાવાથી દૃષ્ટિ, હાડકાની તંદુરસ્તી અને સ્કિનને મદદ થાય છે. તે સ્કિનની ઈલાસ્ટિસિટીને સુધારવા માટે મદદ કરે છે.લીલી ડુંગળી : ટેન્ગી અને મુસાલેદાર ટેસ્ટવાળી લીલી ડુંગળી આખું વરસ મળતી હોય છે પરંતુ શિયાળા દરમિયાન તે સારી કવોલિટી સાથે ઘણા જથ્થામાં ઉપલબ્ધ છે. આ સ્પ્રિંગ ઓનિયનનો ઉપયોગ પંજાબી દાળ, સલાડ, કઢી અથવા સબ્જીના રૂપમાં થાય છે. પોષણની રીતે લીલી ડુંગળીમાં ડુંગળી અને લીલાશના ફાયદા છે. તે વિટામિન કે, સી અને વિટામિન એ નો પણ ઉત્તમ સ્ત્રોત છે.સરસવ અથવા રાયડાની ભાજી : આ લીલી શાકભાજી શરીરમાંથી ટોકિસન્સ બહાર કાઢવામાં મદદ કરે છે અને કેન્સર વિકસાવવાની તકોમાં ઘટાડો કરે છે. તે કોલેસ્ટરોલને ઘટાડીને હદયની તંદુરસ્તીને પ્રોત્સાહનઆપે છે અને વિટામિન એ, વિટામીન સી અને મેગ્નેશિયમનો પણ એક ગ્રેટ સોર્સ છે, જે બ્લડપ્રેશરનું નિયમન કરવામાં મદદ કરે છે.બીટરૂટ ગ્રીન : કૃપા કરીને બીટના પાંદડાં ફેંકશો નહી. તે બીટ કરતાંય વધારે ન્યુટ્રીશનલ છે. આ પાંદડા વિટામિન કે નો સારો સોર્સ છે, જે હાડકાંને મજબૂત કરવામાં અને ટાઈપ ૨ ડાયાબિટીસને ઘટાડવા માટે મદદ કરે છે. બધી લીલી ભાજીઓ અન્ય કોઈપણ ખોરાક કરતા કેલરી દીઠ વધુ પોષણ પહોંચાડે છે તે ફાયટોન્યુટરન્સ પ્રોટીન, વિટામિન્સ, એન્ટીઓકિસડન્ટથી સભર હોય છે તેથી કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળો અને વિવિધ લીલી ભાજીઓનો ઉપયોગ કરતા રહો. અને તેમાંથી વિવિધ વાનગીઓ બનાવો. દર અઠવાડિયે ઓછામાં ઓછા બે વિવિધ પ્રકારની લીલી ભાજીઓ ખાવી આઈડિયલ છે. આ રીતે તમે તમારા શરીરને વિવિધ પ્રકારના ન્યુટ્રીઅન્ટ્સ ખવડાવશો .

## તંત્રી લેખ...-

**શનિવાર, તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૫**

# શિક્ષક કભી સાધારણ નહી હોતા

ગુજરાતમાં ભાજપની સરકારને સુંડલા ભરીને મત આપ્યા છતાં રાજ્યના પ્રધાનમંડળમાં સ્થાન ન મળવાની કચ્છની ફરિયાદ ભૂપેન્દ્ર પટેલ સરકારનાં નવસંસ્કરણ સાથે પૂરી થઈ છે. ગાંધીનગરમાં યોજાયેલા શપથવિધિમાં ૨૧ મંત્રીએ શપથ લીધા. તેમાં અંજાર વિભાગના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાનો પણ સમાવેશ થતાં કચ્છમાં આનંદ વ્યાપ્યો છે. વ્યવસાયે શિક્ષક અને સાદગીભર્યું વ્યક્તિત્વ ધરાવતા શ્રી છાંગા પહેલી જ વાર વિધાનસભ્ય બન્યા અને પ્રધાનમંળમાં માનવંતુ સ્થાન મેળવ્યું છે. એટલું જ નહીં ખાતાં ફાળવણીમાં તેમને ઉચ્ચ-ટેકનિકલ શિક્ષણ વિભાગ જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. એ સાથે કચ્છની રાજનીતિમાં અંજાર બેઠક અને રતનાલનો ડંકો ફરી એકવાર વાગ્યો છે. જીવનભર શિક્ષક રહ્યા પછી નાની વયે કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે ચૂંટાયા પછી ત્રિકમભાઈએ રાજનીતિમાં મક્કમ પ્રગતિ કરી અને આજે મંત્રીપદ હાંસલ કર્યું છે. ચાણક્યનું વિખ્યાત વિધાન છે : શિક્ષક કભી સાધારણ નહીં હોતા... એ રાજકીય સંદર્ભમાં સચોટ પુરવાર થયું છે. સીમાવર્તી કચ્છ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. ઔદ્યોગિક વિકાસ, ધમધમતા પ્રવાસન, ખેતી-પશુપાલનનો મુખ્ય વ્યવસાય તેમજ સમયાંતરે આવતી કુદરતી આફતોને લીધે ઉદ્ભવતા પ્રશ્નોના નીવેડા માટે ગાંધીનગરમાં કચ્છનું પ્રતિનિધિત્વ હોવું અતિજરૂરી છે. આમ તો આ જિલ્લાએ ગુજરાતને મુખ્યમંત્રી, ત્રણ વિધાનસભા સ્પીકર આપ્યા છે, કચ્છના અમુક ચહેરાઓએ કેબિનેટ મંત્રીપદે શોભાવ્યાં છે. સુરેશ મહેતા મુખ્યમંત્રી બનવા ઉપરાંત ત્રણ વખત કેબિનેટ મંત્રી તરીકે નંબર ટુના મોભાદાર સ્થાને રહ્યા હતા. એ પછી છેલ્લા દોઢ દાયકા દરમ્યાન અંજારના રતનાલ ગામના જ વાસણભાઈ આહીરે ત્રણવાર રાજ્યકક્ષાનું મંત્રીપદ અને બેવાર સંસદીય સચિવ પદ મેળવીને કચ્છની રાજનીતિમાં નવું પરિમાણ સર્જ્યું હતું, પણ ૨૦૨૨માં વિધાનસભા ચૂંટણીમાં ભૂપેન્દ્રભાઈ પટેલે વિક્રમી સરસાઈથી જીત મેળવી અને કચ્છની છએ છ બેઠક પર કેસરિયો લહેરાયા છતાં કચ્છ પ્રતિનિધિત્વ વિહોણું રહ્યું હતું. અહીં એ નોંધનીય છે કે, નરેન્દ્રભાઈ મોદી ૧૨ વર્ષ રાજ્યના મુખ્યમંત્રી પદે રહ્યા અને ૨૦૧૪થી વડાપ્રધાન બન્યા એ ગાળામાં કચ્છનો જબ્બર વિકાસ થયો છે. કચ્છ ખૂબ વિકસ્યું છે અને વિકસી રહ્યું છે. અન્યાયની વાત હવે ભૂતકાળ બનીને રણની ડમરીમાં ઊડી ગઈ. અલબત્ત, ભાજપ સંગઠનમાં સાંસદ વિનોદ ચાવડાને પ્રદેશ મહામંત્રી તરીકે જવાબદારી મળી એ મહત્ત્વની વાત છે. ૨૦૨૧માં ડૉ. નીમાબેને વિધાનસભાના પ્રથમ મહિલા સ્પીકર તરીકે ગૌરવશાળી જવાબદારી સંભાળી હતી. તેમ છતાં રાજ્ય સરકાર કક્ષાએ નાની-મોટી રજૂઆત, પ્રશ્નો માટે પ્રતિનિધિત્વ મેળવવું એ કચ્છનો અધિકાર છે. ચાર વર્ષના ગાળા બાદ કચ્છને મંત્રીપદ મેળવ્યાનો આનંદ હોય એ સ્વાભાવિક છે. પ્રધાનમંડળમાં ફેરફારના હેવાલ વહેતા થયા ત્યાર પછી કચ્છના જનપ્રતિનિધિઓમાંથી જુદાં-જુદાં નામોની અટકળ થતી હતી. મંત્રી બન્યા પછી કચ્છમિત્ર સાથેની વાતચીતમાં શ્રી છાંગાએ જિલ્લાના વિકાસ માટે સૌ કોઈને સાથે રાખીને પ્રયત્નશીલ રહેવાનો સધિયારો આપ્યો છે. કચ્છ હાલમાં શિક્ષણ ક્ષેત્રે ગંભીર સ્થિતિનો સામનો કરી રહ્યું છે. કચ્છ યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સ્ટાફની ભરતી સહિતના મુદ્દા અટવાયેલા છે. ગુણવત્તાના પ્રશ્નોને લીધે કચ્છના છાત્રો આજે પણ મોટી સંખ્યામાં ઉચ્ચ અભ્યાસ માટે બહાર જવાનું પસંદ કરે છે. આ સ્થિતિ સુધારવાની જરૂર છે અને તે માટે સઘન પ્રયાસો કરવા પડશે. ત્રિકમભરાઈ ભલે ઉચ્ચ શિક્ષણ-તાંત્રિક શિક્ષણના મંત્રી છે, પણ એક પ્રધાન તરીકે તેમની પાસે પ્રદેશના સર્વાંગી વિકાસ સહિત બધી જ બાબતોના નીવેડા માટેની ભૂમિકાની અપેક્ષા રહેશે. શ્રી છાંગાને મંત્રીપદ મેળવવા બદલ અભિનંદન. જનઅપેક્ષાઓમાં તેઓ ખરા ઊતરે એવી અપેક્ષા.

# પત્નીને મદદ તો માતાને કેમ નહીં?

યુવાપેઢીમાં કેટલાક ફેરફાર આવ્યા છે એની નોંધ લેવા જેવી છે. ખાસ કરીને શિક્ષિત યુવા પેઢીમાં કેટલાક ફેરફાર દામ્પત્ય જીવનની તસવીર બદલતા જોવા મળે છે, જેમકે પત્નીને ઘરકામમાં કે અન્ય કામોમાં મદદ કરવી. થોડાં વર્ષો પહેલાં આવાં દ્રશ્યો બહુ ઓછાં જોવા મળતાં હતાં. હવે એવાં દ્રશ્યો ઘેર ઘેર જોવા મળી રહ્યાં છે.આ બદલાવ કેમ આવ્યો? આવો પ્રશ્ન પૂછવા જેવો છે. અને સાથે એ પણ પૂછવું જોઈએ કે, પત્નીને મદદ કરનાર પતિ એની માતાને કામમાં ભાગ્યે જ મદદ કરે છે, આવું કેમ? એક સિક્કાની બે બાજુ જેવા આ પ્રશ્ન છે.આજે કોઈ યુવક-યુવતી વચ્ચે લગ્ન થાય છે. પછી દામ્પત્ય જીવનની શરૂઆતમાં પતિ પત્નીને મદદ કરવા માટે તત્પર હોય છે. ક્યારેક એમાં ફરજ પણ જોવા મળે છે. પણ પતિ મદદ કરે છે જરૂર. પછી એ રસોડાનું કોઈ કામ હોય કે પછી ઘરનું બીજું કોઈ કામપ પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય એવા દંપતીમાં તો આવો માહોલ અચૂક જોવા મળે છે. આ બહુ સારો બદલાવ છે.એ વાત સાચી કે, પતિ ઘર માટે કમાય અને પત્ની ઘર સાચવે. એવી પરમ્પરા સદીઓથી ચાલતી આવે છે, પણ હવે એમાં બદલાવ આવ્યો છે તો એનું સ્વાગત થવું જોઈએ. જોકે, આજે ય કેટલાક પતિ એમ જ માને છે કે, રસોડા કે ઘરનાં કોઈ કામકાજ તો પત્નીને જ કરવાના હોય છે અને ત્યારે પતિઓ ભૂલી જાય છે કે, એમને તો રવિવારે કે અન્ય રજાઓ મળે છે, પણ પત્નીને પતિ જેવી આવી ક્યારેય સત્તાવાર રજા મળતી નથી.એક બીજો પણ બદલાવ જોવા મળી રહ્યો છે. યુવતી સાસરે આવે તો સાસુ-સસરાને મા-પિતા કે મમ્મી કે ડેડી કહેવા લાગે છે, પણ પતિ એના સાસુ-સસરાને મમ્મી ડેડી કહેવામાં સંકોચ કરે છે. આપણા જ એક પરિવારનો કિસ્સો છે. સગાઈ થઇ એ પછી એ યુવાન સાસરે ગયો અને સાસુને આંટી કહી બોલાવ્યાં ત્યારે એની વાગ્દત્તાએ કહ્યું કે, હું તારી મમ્મીને મમ્મી કહું છું, તને મારી મમ્મીને મમ્મી કહેતા કેમ સંકોચ થાય છે? તું નહિ કહે તો હું ય નહિ કહુંપ.! આવું કહ્યા બાદ યુવાનનું વલણ બદલાયું હતું. આ બદલાવ પણ ઈચ્છનીય છે.તારી- મારી વાત કરું તો હું તને ઘરકામમાં મદદ કરતો આવ્યો છું. પછી શાકભાજી સમારવાની વાત હોય કે, ઘર સાફ કરવાની કે થેપલા ચોળવવાની વાત હોય કે પૂરી તળવાનીપ પૌવા કે ઉપમા બનાવવાની વાત હોય. મારો સાથ એમાં હોય જ છે. કેટલાક પતિઓ રસોઈ પણ સારી બનાવી જાણે છે. અને એવા પતિની પત્ની પોતાને ભાગ્યશાળી માને છે. પતિની જેમ પત્નીઓ પણ ઓફિસ જતી હોય તો પછી પતિઓ રસોડામાં કેમ ના જઈ શકે? વાત સાવ સીધી સાદી છે, પણ આપણા સમાજમાં હજુ એ સંપૂર્ણપણે સ્વીકાર્ય બની નથી.હા, આ સાથે એ પ્રશ્નનો જવાબ મેળવવો જોઈએ કે, પત્નીને મદદ કરતો પુરુષ માતાને કે બહેનને ઘરકામમાં કેમ મદદ નથી કરતોપ?મારી વાત કરું તો તને ખબર પણ છે કે, હું મારી બાને ઘણી બધી મદદ કરતો. રસોઈમાં નાની-મોટી મદદ કરું અને જરૂર પડ્યે વાસણો પણ ધોયાં છે. સાચું કહું તો આ બધું મને હું બહાર ભણવા ગયો અને હોસ્ટેલમાં રહેવું પડ્યું ત્યારે બહુ કામ લાગ્યું હતું, પણ બધા યુવાન માતાને મદદ કરતા નથી એ વાસ્તવિકતા છે.

અમે ઘરમાં ત્રણ ભાઈ જ હતા-બહેન નહોતી એટલે પણ હું કદાચ બાને મદદ કરતો હોઈશ એમ પણ માની શકાય, પરંતુ મોટાભાગના યુવાનો માતાને કે બહેનને મદદ કરતા નથી. પરંપરાગત કુટુંબ વ્યવસ્થામાં, માતા અને બહેન જ ઘરના તમામ કામકાજ માટે મુખ્ય જવાબદાર વ્યક્તિઓ ગણાતી.બીજું કે, દીકરા દ્વારા માતા કે બહેનને ઘરકામમાં મદદ કરવાની સામાજિક કે કૌટુંબિક અપેક્ષા ક્યારેય રાખવામાં નહોતી આવતી. બાળપણમાં ઘરમાં એની ભૂમિકા અલગ હતી એટલે માતા કે બહેનને મદદ કરવાની ટેવ કે સંસ્કૃતિ ઊભી થઈ નહીં. ક્યારેક, સંસ્કૃતિના ભાગ રૂપે દીકરો એવું માને છે કે માતાના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી અથવા તે એમની ભૂમિકાનું અપમાન ગણાશે, ભલે તે મદદ કરવાના ઈરાદે હોય. આ માનસિકતા બદલાય એ જરૂરી છે. ઘરમાં મહિલા કોઈ પણ હોય એને પુરુષ સભ્યે મદદ કરવી જોઈએ. એનાથી કુટંબ ભાવના પ્રબળ બને છે.

**વિસાવદરમાં જીત્યા પછી ઈટાલિયાએ સૌરાષ્ટ્રમાં ઉપરાછાપરી સભાઓ કરવા માંડી છે.**

# ભાજપની નજર સવર્ણો નહીં, ઓબીસી મતબેંક પર

## પાટીદાર આંદોલન વખતે વાઘાણી પ્રદેશ પ્રમુખ હતા.

ગુજરાતમાં અંતે ભાજપે નવા પ્રધાનમંડળની રચના કરી નાખી. ભાજપ નો-રિપીટ થિયરી અપનાવીને બધા પ્રધાનોને રવાના કરી દેશે એવી હવા જામેલી પણ આ વખતે ભાજપે એવો પ્રયોગ કરવાનું ટાળ્યું છે. જૂના પ્રધાનમંડળમાંથી જગદીશ વિશ્વકર્મા પ્રદેશ પ્રમુખ બન્યા એટલે વિદાય થવાના જ હતા પણ તેમના સિવાય બીજા નવ પ્રધાનોને રવાના કરી દેવાયા છે. તેમના સ્થાને નવા ૧૬ ચહેરા અને ચાર જૂના જોગીઓને સમાવીને મુખ્યમંત્રી સાથે ૨૬ સભ્યોનું પ્રધાનમંડળ બનાવી દેવાયું છે. હર્ષ સંઘવી, કનુભાઈ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પરસોત્તમ સોલંકી, પ્રફુલ્લ પાનેસેરિયાને રિપીટ કરાયા છે પણ એ સિવાયના બાકીનાને દરવાજો બતાવી દેવાયો છે.

જૂના પ્રધાનોમાં હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રીપદ અપાયું એ વિદાય થયેલા પ્રદેશ પ્રમુખ અને હાલમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલનો પ્રભાવ દર્શાવે છે. હર્ષ સંઘવી પાટીલના ખાસ માણસ છે અને તેમને નાયબ મુખ્યમંત્રીપદ આપીને ગુજરાત સરકારમાં હજુય પાટીલનો પડ્યો બોલ ઝીલાશે એવો સ્પષ્ટ સંકેત આપી દેવાયો છે. હર્ષ સંઘવીને પહેલાં રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી ને હવે નાયબ મુખ્યમંત્રી બનાવડાવીને પાટીલે સાબિત કર્યું છે કે, ભાજપ હાઈકમાન્ડ એટલે કે નરેન્દ્ર મોદી તેમની વાત સાંભળે છે.પાટીલે પ્રદેશ પ્રમુખ તરીકે યશસ્વી કામગીરી કરીને ભાજપને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૧૮૨માંથી વિક્રમસર્જક ૧૫૬ બેઠકો જીતાડી હતી. તેના સિરપાવરૂપે પાટીલને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં કેબિનેટ કક્ષાના મંત્રી બનાવાયા હતા ને હમણાં બિહારમાં ભાજપ-જેડીયુને જીતાડવા માટે સહપ્રભારી પણ બનાવાયા છે. પાટીલ હવે સીધેસીધા ગુજરાતના રાજકારણમાં નથી પણ સાવ આઉટ થયા નથી તેનો સ્પષ્ટ સંકેત હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવીને આપી દેવાયો છે.નવા મંત્રીમંડળમાં જીતુ વાઘાણીનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ કેમ કે વાઘાણી ફેકાઈ ગયા પછી પાછા આવ્યા છે. ફિનિક્સ પંખી તેની રાખમાંથી ઊભું થાય છે એવું કહેવાય છે. જીતુ વાઘાણી ગુજરાતના રાજકારણના ફિનિક્સ છે કેમ કે વાઘાણી જેટલું ફેંકાઈને કોઈ પાછું નથી આવ્યું. આનંદીબેન પટેલને રવાના કરીને વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવાયા ત્યારે રૂપાણીના સ્થાને જીતુ વાઘાણીને પ્રદેશ પ્રમુખ બનાવાયેલા.પાટીદાર આંદોલન વખતે વાઘાણી પ્રદેશ પ્રમુખ હતા. એ કપરા કાળમાં વાઘાણી અને રૂપાણીની જોડીએ ગમે તે રીતે ભાજપની નૈયાને પાર પાડી છતાં ૨૦૧૯માં ત્રણ વર્ષ પૂરાં થતાં વાઘાણીને પ્રદેશ પ્રમુખપદેથી રવાના કરીને સી.આર. પાટીલને પ્રમુખ બનાવાયેલા. વાઘાણીની હાલત એ રીતે અપમાનજનક હતી કે, કોઈ હોદ્દા વિના સાવ નવરા કરી દેવાયેલા. ત્રણ વર્ષ નવરા બેસી રહ્યા પછી ૨૦૨૨માં રૂપાણીને બદલીને ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવાયા ત્યારે વાઘાણીનાં નસીબ પાછાં ચમક્યાં.વાઘાણીને નવા મંત્રીમંડળમાં કેબિનેટ રેન્ક આપીને શિક્ષણ મંત્રી બનાવી દેવાયેલા પણ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૬ બેઠકની વિક્રમસર્જક બહુમતીથી જીત્યો પછી વાઘાણીનું પત્તું પાછું કપાઈ ગયેલું. વાઘાણીનો એ પછી કોઈ ભાવ જ નહોતો પુછાતો તેના કારણે લાગતું હતું કે, વાઘાણીનું બોર્ડ પૂરું થઈ ગયું છે ત્યાં જ વાઘાણીની કેબિનેટમાં રી-એન્ટ્રી થઈ છે.વાઘાણીને અમિત શાહ તરફની વફાદારી ફળી છે. સાથે સાથે સૌરાષ્ટ્રમાં ગોપાલ ઈટાલિયા ફરી વળ્યા છે એ પણ ફળ્યું છે. વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાએ ભવ્ય વિજય મેળવીને ભાજપને આંચકો આપી દીધેલો. ૨૦૨૨ની ચૂંટણીમાં આ બેઠક આમ આદમી પાર્ટીએ જ જીતી હતી પણ આપના ધારાસભ્ય ભૂપત લાખાણી ભાજપમાં ભળી જતાં ભાજપને આ બેઠક જીતવાનો ભરોસો હતો પણ ગોપાલ ઈટાલિયાએ ભાજપની આશા પર પાણી ફેરવી દીધેલું.વિસાવદરમાં જીત્યા પછી ઈટાલિયાએ સૌરાષ્ટ્રમાં ઉપરાછાપરી સભાઓ કરવા માંડી છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોને દોડતા કરી દીધા છે ને યુવા નેતાઓમાં વિશ્વાસ પેદા કર્યો છે કે, ઈટાલિયાની જેમ પોતે પણ જીતી શકે છે. તેના કારણે સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીએ જનઆંદોલનો કરવા માંડ્યાં છે. બોટાદમાં આપના નેતાઓએ કડદાના મામલે કરેલા બખેડાએ ભાજપને ચોંકાવી દીધો છે. ખેડૂતોમાં આ આંદોલન વ્યાપક ના બને એટલે ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા માંડ્યું છે. તેના ભાગરૂપે જીતુ વાઘાણીને યાદ કરાયા છે. આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભરૂચમાં ભાજપના કેમ્પમાં ભારે ઉત્પાત મચાવ્યો છે ને તેના કારણે ભરૂચમાંથી ઈશ્વરસિંહ પટેલને ભાજપે ફરી યાદ કરવા પડ્યા છે.ભાજપે નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રને વધારે મહત્ત્વ આપ્યું તેનું કારણ પણ આપનો ડર છે. ભૂપેન્દ્ર પટેલના જૂના મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર-કચ્છના પાંચ મંત્રી હતા. આ વખતે આ આંકડો લગભગ ડબલ કરીને નવ કરી દીધો છે. ગોપાલ ઈટાલિયા સામે સીધાં શિંગડાં ભેરવનારા મોરબીના કાંતિ અમૃતિયા અને અમરેલીના કૌશિક વેકરીયાની પસંદગી પણ સૌરાષ્ટ્રના પાટીદારોને આપ તરફ વળતા રોકવા માટે કરાઈ છે એ કહેવાની જરૂર નથી.આપને ખાળવા માટે સૌરાષ્ટ્રમાંથી પાટીદાર આગેવાન જયેશ રાદડિયાને પણ પ્રધાન બનાવાશે એવું લાગતું હતું પણ ભાજપે રાદડિયાને કોરાણે મૂક્યા છે. રાદડિયાએ ઈફકોની ચૂંટણીમાં દિલીપ સંઘાણી સાથે મળીને ભાજપનો ખેલ પાડી દીધેલો. ભાજપે અમિત શાહના ખાસ મનાતા બિપિન પટેલ ઉર્ફે બિપિન ગોતાને ઈફકોની ચૂંટણીમાં મેદાનમાં ઉતારેલા પણ રાદડિયાએ બિપિન ગોતાનું પડીકું કરાવી દીધેલું. સી.આર. પાટીલે પ્રમુખપદેથી વિદાય થતી વખતે આ વાતનો વસવસો વ્યક્ત કરેલો. રાદડિયા વિસાવદરમાં ગોપાલ ઈટાલિયાના વિજયરથને ના રોકી શક્યા તેનું પરિણામ તેમણે ભોગવવું પડ્યું છે એવું મનાય છે.ગુજરાતના નવા મંત્રીમંડળમાં બે-ત્રણ બાબતો ઊડીને આંખે વળગે એવી છે. પહેલી વાત એ કે, પાટીદારો સિવાયના સવર્ણોને અવગણાયા છે. કનુભાઈ દેસાઈને જાળવી રખાયા છે પણ નવા મંત્રીઓમાં કોઈ બ્રાહ્મણ કે વણિક નથી. હર્ષ સંઘવી જૈન છે પણ જૈન લઘુમતી સમુદાય છે જ્યારે કનુભાઈ દેસાઈ અનાવિલ છે એ જોતાં બ્રાહ્મણ કે વણિક કોઈ નથી. ક્ષત્રિયોમાંથી માત્ર રીવાબા જાડેજાનો સમાવેશ કરાયો છે. બીજી તરફ અન્ય પછાત વર્ગ (ઓબીસી)માંથી આઠ ધારાસભ્યોને પ્રધાન બનાવાયા છે.મુખ્યમંત્રીને બાદ કરો તો પાટીદાર પ્રધાનોની સંખ્યા સાત થાય છે એ જોતાં એક સમયે સવર્ણોનો પક્ષ ગણાતો ભાજપ હવે સવર્ણોને બાજુ પર મૂકીને ઓબીસી મતદારોને રીઝવવા તરફ વળી રહ્યો છે એ સ્પષ્ટ છે. ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીને બે વર્ષની વાર છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપ હવે પછીની ચૂંટણીમાં ઓબીસી મતબેંક પર ધ્યાન કેન્દ્રિત કરશે એ પણ સ્પષ્ટ છે.

**બાળકો મોટા થાય, સેટલ થઇ જાય અને એ ઘર છોડે પછી યુગલોને એમનાં લગ્નજીવનનું મૂલ્યાંકન કરવાની તક મળે છે.**

# મોટી ઉંમરે છૂટાછેડા!

- બાળકો પુખ્ત થઇ ગયા હોય, પણ એમના માટે માતા-પિતાનું આટલાં વર્ષો પછી અલગ થવું ભાવનાત્મક આઘાત સમાન હોય શકે છે. સંતાનો માટે એય ધર્મસંકટ થાય છે કે કોના પક્ષે રહેવું, મા પક્ષે કે પિતા પક્ષે?

આ શબ્દથી માત્ર પતિ પત્ની છુટ્ટા પડે છે એવું નથી. ક્યારેક આખો પરિવાર છુટ્ટો પડતો હોય છે. એનાં સારાં પરિણામ કરતાં ખરાબ પરિણામ આપણે વધુ જોયા છે. જોકે, હવે છૂટાછેડા નવાઈની વાત રહી નથી. અને પશ્ચિમના દેશોમાં તો મોટી ઉંમરે છૂટાછેડા લેવાનું પ્રમાણ વધ્યું છે. આવા છૂટાછેડાને 'ગ્રે ડિવોર્સ' કહેવામાં આવે છે.

એક અહેવાલ મુજબ અમેરિકા જેવા દેશોના આંકડા દર્શાવે છે કે ૫૦ અને તેથી વધુ ઉંમરના લોકોમાં છૂટાછેડાનો દર છેલ્લા કેટલાક દાયકાઓમાં લગભગ બમણો થઈ ગયો છે. ગ્રે ડિવોર્સ એ ૫૦ કે તેથી વધુ ઉંમરના યુગલો વચ્ચે થતા છૂટાછેડા માટે વપરાતો એક અનૌપચારિક શબ્દ છે.મને એ સમજાતું નથી કે, ૪૦ -૫૦ વર્ષના લગ્નજીવન બાદ પતિ પત્ની વચ્ચે એવી તો કઈ ગાંઠ પડે છે કે જે ઉકેલી શકાતી નથી અને વાત છૂટાછેડા સુધી પહોચી જાય છે? આટલાં વર્ષોમાં તો સંતાનો પણ મોટા થઈ જાય છે.

હા, એ સમજી શકાય છે કે, પતિ કે પત્નીનું અવસાન થઇ જાય અને મોટી ઉંમરે કોઈ ફરી લગ્ન કરે. જીવનસાથી શોધે. જીવનનાં બાકીના વર્ષો એની સાથે વિતાવે. જેમ કે, અમેરિકામાં રહેતા નટવર ગાંધી અને પન્ના નાયક. બંને સાહિત્યકાર છે અને બંને જીવનનાં આઠમા દાયકામાં એકબીજાનાં જીવનસાથી બન્યાં, પણ આવા કિસ્સા કેટલા?મોટી ઉંમરે છૂટાછેડા વધવાનાં મુખ્ય કારણો તપાસીએ તો વધી રહેલી આર્થિક સ્વતંત્રતા એક મોટું કારણ છે. આજના યુગમાં મહિલાઓ વધુ શિક્ષિત અને આર્થિક રીતે સ્વતંત્ર છે, જેના કારણે તેઓ અસંતુષ્ટ લગ્નને લાંબા સમય સુધી સહન કરવા તૈયાર નથી અને છૂટાછેડા લેવાનો નિર્ણય લેવા સક્ષમ છે. ઉપરાંત, લોકો હવે પહેલા કરતાં વધુ લાંબુ જીવે છે. ૫૦ કે ૬૦ વર્ષની ઉંમરે, લોકોને લાગે છે કે એમની પાસે હજી ૨૦-૩૦ વર્ષનું જીવન બાકી છે, અને આ વર્ષો ખુશીથી જીવવા માટે જીવનસાથી બદલવાનું પસંદ કરે છે.

બાળકો મોટા થાય, સેટલ થઇ જાય અને એ ઘર છોડે પછી યુગલોને એમનાં લગ્નજીવનનું મૂલ્યાંકન કરવાની તક મળે છે. જો લગ્નનું બંધન માત્ર બાળકો માટે જ ટકાવવામાં આવ્યું હોય તો બાળકો ગયા પછી અલગ થવાનો નિર્ણય સરળ બની જાય છે.આધુનિક યુગમાં લોકો પોતાના વ્યક્તિગત સુખ અને સંતોષને વધુ મહત્વ આપે છે. જો લાંબા સમયથી ચાલી આવતા લગ્નમાં સંતોષ ન હોય, તો એ ફેરફાર લાવવા માંગે છે. ભારતમાં પણ શહેરી વિસ્તારો અને શિક્ષિત વર્ગોમાં આ વલણ જોવા છે. સુખી સંપન્ન લોકો અને સેલિબ્રિટીમાં તો આવા કિસ્સાઓ બહુ જોવા મળે છે, જેમ કે, આમિર ખાન અને કિરણ રાવ.

આમીરના જીવનમાં તો આ બીજો બનાવ છે. અને ત્રીજીવાર એ લગ્ન કરે એવી શક્યતા છે.કિરણ રાવ સાથે ૧૫ વર્ષના લગ્નજીવન પછી જુલાઈ ૨૦૨૧માં છૂટાછેડાની જાહેરાત કરીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. બંનેએ સંયુક્ત નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે એ બન્ને એમના જીવનમાં નવું પ્રકરણ શરૂ કરી રહ્યા છે અને બાળક માટે સહ-પાલક તરીકે સાથે રહેશે.

અભિનેતા કમલ હાસન અને સારિકાના સંબંધો લગભગ બે દાયકા સુધી ચાલ્યા, જેમાં એમણે લાંબા સમય સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યાં બાદ લગ્ન કર્યાં હતાં. ૨૦૦૪માં એમણે છૂટાછેડા લીધા હતા. મલાઈકા અરોરા અને અરબાઝ ખાન, સોહેલ ખાન અને સીમા સજદેહ, ધનૂષ અને ઐશ્વર્યા રજનીકાંત, રિતિક-સુસાનપ. આ યાદી લાંબી બની શકે છે.

બાળકો પુખ્ત થઇ ગયા હોય, પણ એમના માટે માતા-પિતાનું આટલાં વર્ષો પછી અલગ થવું ભાવનાત્મક આઘાત સમાન હોય શકે છે. સંતાનો માટે એય ધર્મસંકટ થાય છે કે કોના પક્ષે રહેવું, મા પક્ષે કે પિતા પક્ષે? માતા-પિતા સાથે સમાન સંબંધ જાળવી રાખવો મુશ્કેલ બની જાય છે.

માતા-પિતાના લાંબા સમયના લગ્નનો અંત જોઈને પુખ્ત બાળકોને પોતાના અંગત સંબંધ વિશે શંકા કે ડર પેદા થઈ શકે છે.

અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે, સંતાન એવુંય વિચારી શકે કે 'જો મારા માતા-પિતા આટલા વર્ષો પછી સફળ ન થયાં, તો હું કેવી રીતે સફળ થઈ શકીશ?'

હા, ઘણીવાર લગ્નજીવનમાં એવું બનતું હોય છે કે, થોડાં વર્ષો પછી લગ્નમાં પ્રેમ રહેતો નથી એ માત્ર જવાબદારી બની જાય છે.

આપણે કેટલાક કિસ્સાઓમાં આવું જોઈએ છીએ. અને એમાં સ્ત્રીને વધુ ભોગવવું પડે છે. અને એમાંય કોઈનો કોઈ સાથે અફેર હોય તો બંને છુટા પડતી વેળા રાજીખુશીથી અલગ થતા નથી. બંને વચ્ચે લગ્નની શરૂઆતમાં જે મીઠાશ હતી એ ખટાશમાં ફેરવાઈ જાય છે.ઘણીવાર આવા કિસ્સામાં નાની મોટી ગેરસમજ પણ કામ કરી જાય છે. એને એ જો કોઈ દૂર કરી દે તો લગ્ન જીવન ફરી મહેકી ઉઠે છે, પણ એવી ગેરસમજ દૂર કરનારા લોકોની સંખ્યા ઘટતી જાય છે એ આજના યુગની કમનસીબી છેપ તું શું કહે છે?

**તેની સામે મૂળ કોંગ્રેસી એવા રાઘવજી પટેલ હવે પ્રધાન નથી રહ્યા.**

# નવી વાયબ્રન્ટ સરકાર; નવી આશાઓ અને અપેક્ષા

## ૨૦૨૨ના અંતિમ માસમાં ૧૫૬ બેઠકની ધીંગી બહુમતી સાથે સત્તામાં આવેલી ભાજપ સરકાર સામે કેટલીક દુર્ઘટનાઓના પડકાર આવ્યા

વાક્બારસના પાવન દિવસે ગુજરાત સરકારનું નવું મંત્રીમંડળ સત્તારૂઢ થઈ ગયું છે. બે દિવસ ચાલેલી રાજકીય ગતિવિધિના અંતે શુક્રવારે સવારે શપથવિધિ સમારોહ સંપન્ન થયો છે. ભારતીય જનતા પાર્ટીની પ્રણાલી અનુસાર તમામ વિસ્તાર, તમામ જ્ઞાતિનાં સમીકરણોને તદ્દન ત્રાજવે તોળીને મંત્રીમંડળની રચના કરવામાં આવી છે. એકાદ શહેર કે વિસ્તારના કોઈ ધારાસભ્યને કદાચ ક્યાંક ખટકો હોય તો આવડી મોટી વ્યવસ્થામાં તે નગણ્ય છે, તેને બાદ કરતાં પ્રધાનમંડળ સંતુલિત છે તેવું કહી શકાય. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ધારાસભ્યોની સંખ્યા મંત્રીમંડળમાં ઘટી છે અને સૌરાષ્ટ્રનું મહત્ત્વ - સંખ્યા વધી છે. લાગે છે કે જે મુદ્દા ભૂતકાળમાં ઊઠયા હતા, તેને પક્ષે ધ્યાને લીધા છે અને વર્તમાન સ્થિતિ શું છે તેની પણ પૂર્ણ પરખ કરી છે. ૨૦૨૨ના અંતિમ માસમાં ૧૫૬ બેઠકની ધીંગી બહુમતી સાથે સત્તામાં આવેલી ભાજપ સરકાર સામે કેટલીક દુર્ઘટનાઓના પડકાર આવ્યા, બચુ ખાવડ જેવા મંત્રીઓનાં પ્રકરણોએ સરકારને જવાહદેહી ભૂમિકામાં મૂકી, તેની વચ્ચે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમના સાથીઓએ કામ કરવાનું ચાલુ રાખ્યું. કેટલાક મંત્રીઓ શિથિલ રહ્યા એવી ફરિયાદો ઊઠી તો ક્યાંક ચૂંટાયેલી પાંખ ઉપર અધિકારી વર્ગ હાવી થતો હોવાની, ક્યાંક કોઈ ટેન્ડરમાં રસ લેતા હોવાનું ચર્ચાયું. મંત્રીમંડળનું વિસ્તરણ થશે તે વાત તો લાંબા સમયથી હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલના સમયમાં આ પ્રક્રિયા થઈ જવાની હતી. આજે જે થયું તેને વિસ્તરણને બદલે નવસંસ્કરણ પણ કહી શકાય, કેમ કે છ મંત્રી રિપિટ કરાયા છે, ૧૯ નવા ચહેરા ભૂપેન્દ્રભાઈની સાથે જોડાયા છે. ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે ,નવી નિમણૂકોમાં મોટાભાગના ૫૦-૫૫ વર્ષના વયજૂથના છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખૂદ ૪૦ વર્ષના છે. એ રીતે રીવાબા જાડેજા સૌથી નાની વયના (૩૪) મંત્રી બન્યાં છે.ભૂપેન્દ્ર પટેલ સહિત કુલ ૨૬ મંત્રી છે. ગૃહમંત્રી તરીકે કાર્યરત રહેલા હર્ષ સંઘવીને ધારણા મુજબ પદોન્નત કરીને નાયબ મુખ્યમંત્રીની જવાબદારી સોંપાઈ છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા સિનિયર નેતા અર્જુન મોઢવાડિયાનો સમાવેશ આખરે કેબિનેટમાં થઈ ગયો છે. તેની સામે મૂળ કોંગ્રેસી એવા રાઘવજી પટેલ હવે પ્રધાન નથી રહ્યા. જો કે, તેવું કુંવરજી બાવળિયાના કિસ્સામાં બન્યું નથી. તેમને તેમની જ્ઞાતિનું કારણ મદદ કરી ગયું છે. નવા પ્રધાનોનાં નામ જાહેર થયાં ત્યારથી સૌથી ચર્ચા એક જ વાતની છે કે જેમની પીઠ ગૃહમંત્રી અમિત શાહે થાબડી હતી, તેવા જયેશ વિઠ્ઠલભાઈ રાદડિયાને પ્રધાનમંડળમાં સમાવાયા નથી, વાત તો એવી હતી કે તેમને ગૃહમંત્રી બનાવવામાં આવશે. ગુજરાતનું મંત્રીમંડળ દક્ષિણ ગુજરાતથી અસરગ્રસ્ત છે તેવી છાપ આ વખતે ભૂંસાઈ ગઈ છે. સૌરાષ્ટ્ર - કચ્છના કુલ નવ ધારાસભ્ય હવે લાલ લાઈટવાળી મોટરકારમાં ફરશે. તેમને મંત્રીપદ અપાયાં છે. ઉત્તર ગુજરાતમાંથી ચાર ચહેરા, દક્ષિણ ગુજરાતમાંથી છ અને મધ્ય ગુજરાતમાંથી સાત ધારાસભ્ય મંત્રી બન્યા છે. સૌરાષ્ટ્ર - કચ્છમાં આ અંગે થોડો કચવાટ હતો, તે ઉપરાંત આમ આદમી પાર્ટી આ વિસ્તારમાં થોડું કાઠું કાઢી રહી છે તે પણ કારણ હોઈ શકે. નવાં પ્રધાનમંડળમાં પાટીદાર સમાજમાંથી સાત, ઓબીસી વર્ગમાંથી આઠ, અનુસૂચિત જાતિમાંથી ત્રણ અને અનુસૂચિત જનજાતિમાંથી ચાર ધારાસભ્યને સમાવાયા છે. આ બધામાં ત્રણ મહિલા છે. જો કે, ભૂપેન્દ્રભાઈની કેબિનેટમાં એકપણ મહિલા નથી. બીજીતરફ, ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાનું મંત્રીપદ પણ હવે રહ્યું નથી, જેની પાછળ વિવિધ કારણ ચર્ચાઈ રહ્યાં છે. જામનગરનાં રિવાબા રવીન્દ્ર જાડેજા અને અંજારના ત્રિકમ છાંગા સહિત ૧૨ ધારાસભ્ય એવા છે, જેમની પ્રથમ ટર્મ છે અને તેમને પ્રધાનપદું મળ્યું છે. ભાજપના સમર્થકો અને કાર્યકર્તાઓ એકવાતે રાજી છે કે હાર્દિક પટેલને પ્રધાનમંડળમાં સમાવાયા નથી. બચુ ખાવડના પુત્રો ઉપર ભ્રષ્ટાચારનો આક્ષેપ હતો, ત્યારે જ તેમને મંત્રીમંડળમાંથી પડતા મૂકવાની જરૂર હતી. જો કે, મોડે મોડે ભાજપે તેમને મંત્રીમંડળથી અળગા કરી ભૂલ સુધારી લીધી છે. નજીકનાં ભવિષ્યમાં ગુજરાતમાં મહાનગરપાલિકાની ચૂંટણી છે. બે વર્ષ પછી વિધાનસભાની પણ ચૂંટણી છે. શાસનવિરોધી મતની માનસિકતા અને સ્થિતિ ઊભી થાય તે પૂર્વે ભાજપે નવી જ ટીમ ગુજરાતમાં મૂકી દીધી છે. ભાજપનાં શીર્ષ નેતૃત્વે મંત્રીમંડળની રચનામાં તમામ રીતે સંતુલન જાળવવાની કોશિશ કરી છે. હવે અગત્યનું તો એ છે કે અગાઉનાં મંત્રીમંડળ સમયની જે ક્ષતિઓ રહી હોય તે અટકે, તેનું પુનરાવર્તન ન થાય. લોકોમાં રસ્તા, હાઈ - વેથી લઈને અન્ય જે જે ફરિયાદો કે અસંતોષ હોય તે શક્ય તેટલો જલદી શમે તો આ પરિવર્તન સાર્થક થશે. આ બદલાવની ટીકા કે તેના ઉપર વિશ્લેષણ એવાં પણ થઈ રહ્યાં છે કે ૧૫૬ બેઠક સાથે પ્રજાએ જે લોકો ઉપર વિશ્વાસ મૂક્યો હતો, જેને પાર્ટીએ જ પસંદ કર્યા હતા તે પ્રધાનોમાં આવું પરિવર્તન શા માટે, પરંતુ આ તો કોઈપણ સરકાર કે પક્ષનો સંવૈધાનિક અધિકાર છે. બધાને પરફોર્મ કરવાની તક મળે તેવો પણ એક આશય આની પાછળ હોઈ શકે. એકંદરે, નવી ટીમ પાસે કેન્દ્રીય નેતૃત્વ અને રાજ્યની જનતાને અસરકારક કામગીરીની અપેક્ષા છે. હર્ષ સંઘવીનું કદ ગુજરાતમાં વધુ મોટું થયું, એમાં ભાવિ સૂચિતાર્થ છે ?



# સોનાક્ષી સિન્હા પ્રેગનેન્ટ, પાર્ટીમાં છુપાવ્યો બેબી બમ્પ!

**બોલીવુડનું ક્યૂટ કપલ સોનાક્ષી સિંહા અને ઝહીર ઇકબાલ હંમેશા ચર્ચામાં રહે છે. લગ્ન પછી સોનાક્ષી અને ઝહીર જીવનનો ભરપૂર આનંદ માણી રહ્યા છે. તેઓ વારંવાર વેકેશન પર જાય છે અને સોશિયલ મીડિયા પર તેમના ફેન્સ સાથે ખાસ ક્ષણો શેર કરે છે. સોનાક્ષીની ગર્ભાવસ્થા વિશે ઘણી વખત અફવાઓ સામે આવી છે. જોકે, એક કાર્યક્રમમાં સોનાક્ષીએ એવું કંઈક કર્યું જેનાથી ફેન્સને ખાતરી થઈ ગઈ કે, તે પ્રેગ્નેન્ટ છે!સોનાક્ષી સિંહાએ ડિઝાઇનર વિક્રમ ફડનીસના ફેશન શોમાં હાજરી આપી હતી. તેણીએ લાલ ફૂલોનો અનારકલી ડ્રેસ પહેર્યો હતો, જેમાં તે ખૂબ જ સુંદર દેખાતી હતી. આ દરમિયાન તે દુપટ્ટાથી પેટ છુપાવતા પ્રેગ્નેન્સી અફવાઓ ફેલાઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલો એક વિડીયો જોઈને ફેન્સ કહી રહ્યા છે કે તેણી રેડ કાર્પેટ પર પોઝ આપતી વખતે તેના દુપટ્ટા અને હાથથી પેટ ઢાંકી રહી હતી.**



# ‘ડિલ્યુઝન’ના કલાકારો સુઝી અને કિમ સિઓને ચીનમાં શૂટિંગ રદ કર્યું

સુઝી અને કિમ સીઓન હોની કોરીયન ડ્રામા ‘ડિલ્યુઝન’નું વિદેશનું શૂટિંગ અચાનક રદ કરી દેવાયું છે. જૂન હી હ્યુનની ડ્રામા ‘ટેમ્પેસ્ટ’ સામે ચીનમાં વિરોધ ફાટી નીકળ્યો છે. તેથી હવે ‘ડિલ્યુઝન’નું શૂટિંગ પણ અચાનક રદ કરી દેવાયું છે. એવા અહેવાલો છે કે છેલ્લી ઘડીએ આ શૂટ રદ થયું છે અને હવે તેઓ વૈકલ્પિક લોકેશન જોઈ રહ્યા છે. પ્રાથમિક રીતે આ ફિલ્મના શૂટ માટે શાંઘાઈને પસંદ કરવામાં આવ્યું હતું. પરંતુ હવે ટીમ નવા વિકલ્પો જુએ છે.

એવા અહેવાલો છે કે જુન લી હ્યુનની ‘ટેમ્પેસ્ટ’ માં એક ડાયલોગ હતો, જે ચાઈનીઝ દર્શકોને વાંધઆજનક લાગ્યો, તેનાથી દેશમાં આ કલાકારની છાપ પણ ખરાબ થઈ છે. તેના કારણે કેટલીક બ્રાન્ડે જુનને પોતાની જાહેરાતોમાંથી પણ દૂર કરી દીધો છે. તેથી ઘણા લોકો ‘ટેમ્પેસ્ટ’ની ઘટનાને ‘ડિલ્યુઝન’ છેલ્લી ઘડીએ બદલાયેલા શૂટના લોકેશનને તેની સાથે જોડી રહ્યા છે. જોકે ‘ડિલ્યુઝન’ની ટીમમાંથી આ અંગે કોઈ જાણકારી મળી નથી.

આ ઘટના અંગે જુન લી હ્યુનની ટીમે નિવેદનમાં જણાવ્યું છે કે, “જુનને બ્રાન્ડે પહેલાના આયોજન મુજબ જ દૂર કર્યો છે, તેના બોયકોટ અંગેની વાતો અફવા છે.” ડિલ્યુઝનની ટીમ હવે સાઉથ કોરિયામાં જ કોઈ સ્થળો પર શૂટ કરશે, આ ઉપરાંત વિયેતનામના કેટલાક સ્થળો પણ ચર્ચામાં છે.



# ‘મહિલા સ્વાસ્થ્ય પાછળ રોકાણ કરવાનો સમય પાકી ગયો છે’

ક્રિતિ સેનને તાજેતરમાં વર્લ્ડ હેલ્થ સમિટમાં મહિલાઓના આરોગ્યમાં સમાનતા અને વિકાસ અંગે એક વ્યાખ્યાન આપ્યું હતું. તે યૂએનએપપીએમાં જેન્ડર ઈક્વાલિટી માટે ભારતની માનદ એમ્બેસેડર છે, તે બર્લિનમાં વર્લ્ડ હેલ્થ સમિટમાં ભાષણ આપનારી પહેલી ભારતીય છે. તેણે ‘મહિલાઓનું સ્વાસ્થ્ય અને વૈશ્વિક સમૃદ્ધિ’ વિષય પર વાત કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર તેના આ ભાષણના અંશો અને તેનાં અનુભવ અંગે વાત કરી હતી.

ક્રિતિએ પોતાના વ્યાખ્યાનના એક અંશમાં જણાવ્યું હતું કે, મહિલાઓ ખોટા નિદાનને કારણે હાર્ટ એટેકનો શિકાર બની શકે એવી શક્યતા પુરુષો કરતાં ૫૦ ટકા વધુ હોય છે. વધુમાં તેણે જણાવ્યું હતું કે વર્ષોથી કાર ડેશ ડમી સામાન્ય પુરુષોના કદને ધ્યાનમાં રાખીને જ બનાવવામાં આવે છે, તેથી કાર એક્સિડેન્ટમાં પણ મહિલાઓને ગંભીર ઈજા થવાની શક્યતાઓ પુરુષોની સરખામણીએ ૪૦ ટકા વધારે છે. તેણે મહિલાઓના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવાનો સમય પાકી ગયો હોવાની વાત કરી હતી, જે વિશ્વની અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ કરવા છતાં લાંબા સમયથી તેમને હંમેશા ફંડનો અભાવ હોય છે. તેણે મહિલાઓનાં સ્વાસ્થ્યમાં રોકાણ કરવાની આર્થિક જરૂરિયાત પર ભાર મૂકતો ડેટા શેર કરતાં કહ્યું, પ્રત્યેક ઈ૩૦૦ મિલિયનના રોકાણ માટે, વળતર ઈ૧૩ બિલિયન મળી શકે છે. દરેક ડોલરે ઓછામાં ઓછા નવ ડોલરનો આર્થિક લાભ થાય છે.

આ વીડિયો શેર કરતાં કેપ્શનમાં ક્રિતિએ લખ્યું, “મહિલાઓ માનવજાતનો અડધો હિસ્સો ધરાવે છે. મહિલાઓનાં સ્વાસ્થ્યમાં રોકાણ કરવાનો અને દવાઓ, આરોગ્ય સંભાળ અને સલામતી તકનીકોનું પરીક્ષણ કરતી વખતે તેમને સમાન રીતે સામેલ કરવાનો સમય પાકી ગયો છે!

યૂએનએપપીએમાં જેન્ડર ઈક્વાલિટી માટે ભારતની માનદ એમ્બેસેડર તરીકે વર્લ્ડ હેલ્થ સમિટમાં મુખ્ય વક્તા તરીકે હાજરી આપવાની ખુશી અને ગૌરવ પ્રાપ્ત થયું છે. આજે જે વિષય પર ચર્ચા કરવાની જરૂર છે, તેવા જેન્ડર ઈક્વાલિટીના મુદ્દા પર થોડો પ્રકાશ પાડી શકી તેનો આનંદ છે. સાથે જ યૂએનએફપીએના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર મેડમ મિસ ડાયેન કિએટાને મળી શકવાની ખુશી છે – તમારા વ્યક્તિત્વની હુંફ અને તમારા અવાજની આશાઓ ખરેખર સ્પર્શી જાય એવી છે.”

# ‘મેં વર્ષોથી ઘર અને કામ વચ્ચે બેલેન્સ રાખ્યું જ છે, મારા માટે આ સામાન્ય છે’

**ત્યારે કોંકણાએ એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું, “આ ઘણી સામાન્ય વાત છે. આ એક એવી બાબત છે, જેની સાથે હું વર્ષોથી કામ લેતી આવી છું – કામ અને ઘર બંને વચ્ચે હંમેશા સંતુલન કરતી આવી છું.”**

## દીપિકા પાદુકોણની કામના નક્કી કલાકોની ચર્ચા અંગે કોંકણા સેને આઠ કલાકની શિફ્ટ અંગે વાત કરી



દીપિકા પાદુકોણની આઠ કલાકની શિફ્ટની શરતો અને વધારે કલાકો માટે વધારાના વળતરની માગણીઓને કારણે તેણે સંદીપ રેડ્ડી વાંગાની ‘સ્પિરિટ’ અને ‘કલકી ૨૮૯૮ એડી’ની સિક્વલ –એમ બે ફિલ્મ ગુમાવવી પડી છે. આ ચર્ચાઓ વચ્ચે હવે કોંકણા સેન શર્માએ પણ પોતાના વિચારો રજૂ કર્યા છે. તાજેતરમાં કોંકણાની ‘સર્ચ: ધ નૈના મર્ડર કેસ’ સિરીઝ શરૂ થઈ છે.

ત્યારે કોંકણાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, “આ ઘણી સામાન્ય વાત છે. આ એક એવી બાબત છે, જેની સાથે હું વર્ષોથી કામ લેતી આવી છું – કામ અને ઘર બંને વચ્ચે હંમેશા સંતુલન કરતી આવી છું.”

આગળ કોંકણાએ જણાવ્યું, “જ્યારે સારો દિવસ હોય તો, મને લાગે છે મારો દિવસ કેટલા બધાં પાસાઓથી સમૃદ્ધ છે, કે જેથી એકાદ પાસું થોડું નબળું હોય તો પણ, બીજા તરફ ધ્યાન આપી શકાય છે. પરંતુ કેટલાક દિવસ એવા હોય છે, ત્યારે મને લાગે છે, ખબર નહીં હું બધું કઈ રીતે મેનેજ કરીશ. ક્યારેક તમે નિષ્ફળ જાઓ છો, જ્યારે કેટલાક દિવસે તમને સફળતા મળે છે અથવા ઓછી નિષ્ફળતા મળે છે. આ રીતે તેને જોવું જોઈએ.”

કોંકણાએ એમ પણ કહ્યું કે કઈ રીતે સમય બદલાયો છે અને હવે ૪૦ વર્ષથી ઉપરની ઉમરના કલાકારોને પણ સારા રોલ મળે છે પરંતુ કેટલાંક કિસ્સામાં, આપણે હજુ લાંબું અંતર કાપવાનું છે. કોંકણાએ કહ્યું, “મને ઘણું સુખદ આશ્ચર્ય થાય છે કે હું જે પ્રકાકરના

રોલ કરું છું એમાં મારે હું બહુ નાની હોય એવું બતાવવાની જરૂર પડતી નથી. મોટી થિએટર રિલીઝમાં ઘણા કલાકારોએ પહેલાં આવું કરવું પડતું હતું.”

કોંકણા સહમત થઈ કે હવે ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓ પર ધ્યાન આપવામાં આવે છે, “લોકો હંમેશા કહે છે કે ૪૦ વર્ષથી મોટી મહિલાઓ ચાલશે, ૫૦થી મોટી નહીં, તમે પણ ૫૦થી વધુ ઉંમરના હશો તો ૪૦થી ઉપરના છો એવું કહેશો. લોકો આવા ખેલ ખેલે છે, પરંતુ આપણે આ સ્થિતિથી પણ ઉપર આવીશું.”

# ઝરીન ખાને સોશિયલ મીડિયા પર અભદ્ર કમેન્ટ સામે નારાજગી દર્શાવી

## ઝરીન કહે છે, ‘આ શું ચક્કર છે, કોઈ સમજાવો પ્લીઝ’

ઝરીન ખાને ૨૦૧૦માં પિરીયડ ડ્રામા ‘વીર’થી સલમાન ખાન સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું. તે સોશિયલ મીડિયા પર જે રીતે લોકો અભદ્ર કમેન્ટ્સ કરે છે અને વાંધાજનક વાતો કરે છે, તેની સખત વિરોધમાં છે. તેણે મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ પ્રકારના લોકોનો ઉધડો લીધો હતો. તેઓ લગભગ તેની દરેક પોસ્ટ નીચે અયોગ્ય અને અપમાનજનક કમેન્ટ્સ કરીને બાગી જાય છે. ઝરીને એક વીડિયો મેસેજમાં તેના ફોલોવર્સને સંબોધીને સોશિયલ મીડિયા પર વધી રહેલી નકારાત્મકતાઓ પર અકળામણ વ્યક્ત કરી હતી.ઝરીને કહ્યું કે આ બધું દેખીતી રીતે જ અકળાવી દે એવું છે, “હેલો એવરીવન. શું તમારી સાથે પણ આવું થાય છે? જેવું હું કંઈ પોસ્ટ કરું છું, આવી કમેન્ટ્સ આવવાની શરૂ થઈ જાય છે. લોકો પાણી અને પીચના ઈમોજી મુકે છે, કોઈ લખે છે, ‘સેવાઓ ઉપલબ્ધ છે’, ‘છોકરાઓ આવી જાઓ’ કે પછી ‘બોયફ્રેન્ડની જરૂર છે, ઘરમાં એકલી છું’’’ આગળ ઝરીન કહે છે, તે ગમે તે પોસ્ટ કરે, લોકો તેની સાતમણી કરવાનું ચૂકતાં નથી, પછી તેની કોઈ ખુશીની વાત હોય કે પછી તે પોતાના અંગત વિચારો રજૂ કરતી હોય, કે પછી કોઈને શ્રદ્ધાંજલિ પણ આપતી હોય. “હું શું શેર કરું છું, તેનાથી કોઈ ફરક પડતો નથી, લોકો ગંદી વાતો કરવાનું બહાનું શોધી જ લે છે. ઘણી કમેન્ટ્સ એટલી ગંદી હોય છે કે, તે જોઈને આંચકો લાગી જાય છે.’’ઝરીને આ વીડિયો મેસેજની પોસ્ટની કેપ્શનમાં લખ્યું છે, “આ શું ચક્કર છે..કોઈ સમજાવો પ્લીઝ. અને શું તમારી સાથે પણ આવું થાય છે? મને કમેન્ટ્સમાં જણાવો.”

# શ્રેયા ઘોષાલનું લતા મંગેશકરજી સાથે ગાવાનું સ્વપ્ન અધૂરું રહ્યું

ભારતનાં લોકપ્રિય સિંગિંગ રિયલિટી શોમાના ‘ઈન્ડિયન આઈડલ’ની નવી સિઝન આવી રહ્યી છે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર આવનારી આ વખતની સીઝનની થીમ ‘યાદોની પ્લેલિસ્ટ’ છે. આ સિઝન સંગીત, યાદો અને ભાવનાઓનું અનોખું સંમિશ્રણ છે. આ સાથે જ શ્રેયા ઘોષાલ ફરી એકવાર જજ તરીકે જોડાઈ રહ્યાં છે, તેમની સંગીતપ્રતિભા, હુંફ અને પ્રોત્સાહનથી સ્પર્ધકો અને દર્શકો બંનેને પ્રેરણા મળે છે.

ભારતનાં સૌથી પ્રિય ગાયિકાઓમાંનાં એક શ્રેયા ઘોષાલ માત્ર પોતાનાં મધુર અવાજ માટે જ નહીં, પરંતુ સંગીત પ્રત્યેના તેમનાં પ્રેમ અને આદર માટે પણ જાણીતાં છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ કયા સંગીતના દિગ્ગજ સાથે ગાવા ઈચ્છે છે, ત્યારે શ્રેયાએ દિલમથી જવાબ આપ્યો:

“જો મને ભૂતકાળના કોઈ સંગીતના દિગ્ગજ સાથે ગાવાની તક મળી હોત, તો ઘણા નામો હોત! પરંતુ મને લાગે છે કે આ કોઈને આશ્ચર્ય નહીં થાય, કારણ કે આખી દુનિયા જાણે છે કે હું લતા મંગેશકરજી અને આશાજીની એટલી મોટી ચાહક અને શિષ્યા છું. જો મને ક્યારેય લતાજી સાથે ગાવાનું અથવા તેમને લાઈવ પર્ફોર્મ કરતાં જોવા મળ્યું હોત, તો પણ – કે પછી હું ફક્ત દિવાલ પર બેસેલી એક નાની માખી બનીને પણ તેમને ગાતા સાંભળી શકી હોત – તો એ મારા માટે અતિ આનંદ અને આશીર્વાદની વાત હોત.’’તેમનું આ સ્વપ્ન દર્શાવે છે કે મહાન કલાકારો પણ અન્ય મહાન પ્રતિભાઓમાંથી પ્રેરણા લે છે અને પ્રશંસા પણ નવી ઊંચાઈઓ સુધી પહોંચાડે છે. આજના ટેલેન્ટ અને જૂના યુગના ગીતોનું અનોખું સંયોજન રજુ કરતી આ સીઝન સંગીતના સ્વરો, યાદો અને ભાવનાઓની અદભૂત સફર બનવાનું વચન આપે છે. ઈન્ડિયન આઈડલની નવી સિઝન ૧૮ ઑક્ટોબર ૨૦૨૫થી દર શનિવાર અને રવિવારે રાત્રે ૮ વાગ્યે – સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને સોની લિવ પર જોઈ શકાશે.



# ઇજાગ્રસ્ત ગ્રીનના સ્થાને ઓસી. ટીમમાં લબુશેન સામેલ

## ભારત સામે રમનારી ઓસ્ટ્રેલિયન વન-ડે ટીમમાં પરિવર્તન




પ્રવાસી ભારત સામે રવિવારે રમાનારી પ્રથમ વન-ડે ક્રિકેટ મેચ માટેની ઓસ્ટ્રેલિયન ટીમમાં એક પરિવર્તન કરવામાં આવ્યું છે અને ઈજાગ્રસ્ત કેમરૂન ગ્રીનને સ્થાને શુક્રવારે મોખરાના બેટર મેરનસ લબુશેનને સામેલ કરવામાં આવ્યો હતો.

કેમરૂન ગ્રીન ઘાયલ છે અને તે ભારત સામેની આ સિરીઝની ત્રણેય મેચ ગુમાવશે. તેને સાઈડમાં કમર તરફ સોજો હતો અને પસંદગીકારો આગામી એશિઝને ધ્યાનમાં રાખીને તેના અંગે કોઈ જોખમ લેવા માગતા નથી. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે શુક્રવારે જણાવ્યું હતું કે ગ્રીને નાના તબક્કામાં રિહેબની પ્રક્રિયા પૂરી કરી છે અને પુનરાગમનના માર્ગે છે. તે શેફિલ્ડ શિલ્ડની મેચો રમવાનો છે અને તેમ કરીને એશિઝ માટે તૈયારી કરશે પરંતુ હાલના તબક્કે અમે તેને ભારત સામે રમાડવાનું જોખમ ખેડવા માગતા નથી.

તેને સ્થાને સમાવવામાં આવેલો મેરનસ લબુશેન ઓસ્ટ્રેલિયાની અગાઉ જાહેર કરાયેલી મુખ્ય ટીમનો હિસ્સો ન હતો પરંતુ તાજેતરમાં તેણે શેફિલ્ડ શિલ્ડની મેચમાં ક્વિન્સલેન્ડ માટે શાનદાર ૧૫૯ રન ફટકારતાં હવે તેને ટીમમાં સામેલ કરાયો છે.

આ સિરીઝ માટેની કાંગારું ટીમમાં ત્રીજા વાર ફેરફાર કરવાની ફરજ પડી છે. અગાઉ જોશ ઈંગ્લિસ અને મેથ્યુ કુન્હેમાનને ઈજાને કારણે બાકાત રાખવા પડ્યા હતા અને તેમને સ્થાને જોશ ફિલિપ અને એડમ ઝમ્પાને ટીમમાં સામેલ કરાયા હતા.

ઓસ્ટ્રેલિયન ટીમઃ મિચેલ માર્શ (સુકાની), ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, બેન દ્વારશૂઈષ, નાથાન એલિસ, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, મેથ્યુ કુન્હેમાન, મેરનસ લબુશેન, મિચેલ ઓવન, જોશ ફિલિપ, મેથ્યુ રેનશો, મેથ્યુ શોર્ટ, મિચેલ સ્ટાર્ક.

# દરેક મેચમાં કોહલી-રોહિતને ટ્રાયલ પર મૂકવા મુર્ખામી ગણાયઃ અગરકર

## બંનેની રમતની સમીક્ષા થશે પરંતુ તેઓ ટ્રાયલ પર નથી કે તેમણે કાંઈ પુરવાર કરવાનું નથી

ભારતના મહાન બેટર અને સિનિયર ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલીની રમતની સમીક્ષા થશે પરંતુ દરેક મેચમાં તેમને કસોટીની એરણ (ટ્રાયલ) પર મૂકવા મુર્ખામી ગણાશે તેમ ભારતીય ક્રિકેટ બોર્ડની પસંદગી સમિતિના ચેરમેન અજિત અગરકરે જણાવ્યું હતું.

ટેસ્ટ અને ટી૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ચૂકેલા રોહિત શર્મા અને વિરાટ કોહલી માત્ર વન-ડેમાં જ રમવાના છે અને લગભગ સાત મહિનાના ગાળા બાદ તેઓ ફરીથી મેદાન પર રમતા જોવા મળશે ત્યારે એવી અટકળો તથા ચર્ચાએ જોર પકડ્યું છે કે ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધીમાં ભારત જે કોઈ સિરીઝ કે મેચ રમશે તેમાં આ બંને ખેલાડીઓ ટ્રાયલ પર હશે અને તેમાં તેમના પરફોર્મન્સને ધ્યાનમાં રાખીને જ તેમને ૨૦૨૭માં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાનારા વન-ડે વર્લ્ડ કપ માટેની ટીમમાં સામેલ કરાશે.

અજિત અગરકરે જણાવ્યું હતું કે દરેક મેચમાં તેમને ટ્રાયલ પર મૂકવા તે મુર્ખામી છે. એક વાર તેઓ રમવાનું શરૂ કરશે ત્યાર બાદ તેમની રમતની સમીક્ષા થશે પરંતુ તેઓ હાલમાં કોઈ ટ્રાયલ પર નથી કે તેમને કાંઈ પુરવાર કરવાનું નથી. થોડા દિવસ અગાઉ અમદાવાદમાં પસંદગી સમિતિની બેઠક યોજાઈ ત્યાર બાદ શુભમન ગિલને ભારતની વન-ડે ટીમનો કેપ્ટન જાહેર કરતી વખતે પણ અગરકરે કહ્યું હતું કે આ બને ખેલાડી ૨૦૨૭માં રમતા હશે તે અંગે કોઈ વચન આપી શકાય નહીં અને શુક્રવારે પણ અગરકરે આ અંગે કોઈ વચનબદ્ધતા વ્યક્ત કરી ન હતી. તેણે એમ કહ્યું હતું કે જે ઈવેન્ટને હજી બે વર્ષ બાકી છે તેના અંગે અત્યારથી કોઈ ખાતરી આપી શકાય નહીં.

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને વર્તમાન પસંદગીકાર અગરકરે ઉમેર્યું હતું કે ભવિષ્ય અંગે કોઈ ખાતરી નહીં આપવાનો અર્થ એ પણ નથી કે વિરાટ કોહલી અને રોહિત શર્મા ઓસ્ટ્રેલિયામાં રન કરશે નહીં તો તેમને પડતા મુકાશે. અને આ જ રીતે તેઓ ઓસ્ટ્રેલિયામાં ત્રણ મેચમાં ત્રણ સદી ફટકારશે તો તેઓ ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમશે જ તેમ પણ નક્કી કરી શકાય નહીં. જોકે તેમની હાજરી અને તેમનો અનુભવ વર્તમાન ટીમને ઘણી રીતે મદદરૂપ બની શકે છે.



અગરકરે જણાવ્યું હતું કે કોહલી અને રોહિત બંને દિગ્ગજ ખેલાડી છે અને તેમણે અમારો સંપર્ક કર્યો હતો. એક વાર જ્યારે તેમણે નિર્ણય લઈ લીધો હતો તો તમારે તેમના નિર્ણયનો આદર કરવાનો હતો.

પસંદગી સમિતિના ચેરમેને એવી પણ સ્પષ્ટતા કરી હતી કે મોહમ્મદ શમી સંપૂર્ણ ફિટ ન હતો અને આ કારણથી ઈંગ્લેન્ડ સામેની સિરીઝ માટે તેની પસંદગી કરવામાં આવી ન હતી. છેલ્લા છથી આઠ મહિનામાં તેની સામાન્ય મેચ ફિટનેસ પણ યોગ્ય લેવલની રહી નથી. નોંધનીય છે કે ઉત્તરાખંડ સામે બંગાળ તરફથી રણજી ટ્રોફી રમતા પહેલાં શમીએ ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ માટે પોતાની થયેલી અવગણના અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું હતું કે જો હું રણજી ટ્રોફી રમી શકતો હોઉં તો ૫૦ ઓવરની ક્રિકેટ પણ રમી શકું છું.

# મલેશિયાને ૨-૧ હરાવીને ભારત જુનિયર્સ હોકીની ફાઇનલમાં

## સુલતાન જોહોર કપ હોકીમાં ભારતનું ઉમદા પ્રદર્શન જારી



સુલતાન ઓફ જોહોર મેન્સ જુનિયર હોકી ટુર્નામેન્ટમાં ભારતની જુનિયર્સ ટીમે તેનું શાનદાર ફોર્મ જાળવી રાખીને શુક્રવારે યજમાન મલેશિયા સામે ૨-૧થી રોમાંચક વિજય હાંસલ કરીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. ભારતે વર્તમાન ટુર્નામેન્ટમાં લગભગ દરેક મેચમાં ઉમદા દેખાવ કર્યો હતો.


શુક્રવારે મલેશિયાને પણ ભારત સામે સારી લડત આપી હતી પરંતુ અંતે તેઓ જીતવામાં સફળ રહ્યા ન હતા. હવે ફાઈનલમાં ભારતનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે.

મલેશિયા સામેની મેચમાં ભારત માટે ગુરજોત સિંઘે ૨૨મી મિનિટે ગોલ કરીને શાનદાર શરૂઆત કરી હતી. સૌરભ આનંદ કુશવાહાએ ૪૮મી મિનિટે વિજયી ગોલ નોંધાવ્યો હતો. મલેશિયા માટે નવિનેશ પાનિકરે ૪૩મી મિનિટે ગોલ કર્યો હતો.

પ્રથમ ક્વાર્ટરમાં ભારતે સતત આક્રમક રમત દાખવી હતી પરંતુ બંનેમાંથી એક પણ ટીમ ગોલ કરી શકી ન હતી. બીજા ક્વાર્ટરમાં પણ ભારતનું વર્ચસ્વ છવાયેલું રહ્યું હતું અને ૨૨મી મિનિટે ફાયદો થયો હતો. વિરામ સમયે ભારત ૧-૦ના સ્કોરથી આગળ હતું. બ્રેક બાદ ભારતે વધારે ઝડપી રમત દાખવી હતી પરંતુ મલેશિયાએ વળતો પ્રહાર કરવાના પ્રયાસ કર્યા હતા. ત્રીજા ક્વાર્ટરમાં સ્કોર ૧-૧થી સરભર થયો હતો પરંતુ અંતિમ ક્વાર્ટરમાં સૌરભે ફિલ્ડ ગોલ નોંધાવતા ભારતે વધુ એક વખત ૨-૧ની સરસાઈ મેળવી લીધી હતી. જે અંતિમ મિનિટો સુધી જળવાઇ રહેલી હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શનિવારે ફાઈનલ મુકાબલો રમાશે.

# દિગ્ગજોની હાજરી કેપ્ટન ગિલ માટે લાભકર્તાઃ અક્ષર પટેલ

## રોહિત અને કોહલી અનુભવી છે અને તેઓ પોતાની ભૂમિકા સારી રીતે જાણે છે



ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી લેફ્ટઆર્મ સ્પિનર અક્ષર પટેલનું માનવું છે કે આ ટીમમાં રહેલા બે દિગ્ગજ ક્રિકેટર રોહિત શર્મા અને વિરાટ કોહલીની હાજરીથી કેપ્ટન શુભમન ગિલને લાભ થવાનો છે.

ગુજરાતના અક્ષર પટેલે જણાવ્યું હતું કે ભારતની વન-ડે ટીમમાં વિરાટ કોહલી અને રોહિત શર્માની હાજરીને કારણે શુભમન ગિલને એક સુકાની તરીકે વધારે પરિપક્વ થવામાં મદદ મળશે. માર્ચ મહિનામાં ચેમ્પિયન્સ ટ્રોફી બાદ પ્રથમ વખત ભારત માટે રમવા તૈયાર થયેલા રોહિત અને કોહલી અગાઉ કરતાં વધારે ફિટ જણાય છે.

રોહિત અને કોહલી પાસે કેપ્ટનશિપ કરવાનો અનુભવ છે જે ગિલ માટે ઘણી સારી બાબત છે. બંને સિનિયર ખેલાડીઓ ટીમમાં પોતાનું યોગદાન પણ આપી શકે છે. આ સ્થિતિમાં સુકાની તરીકે ગિલનો સારો વિકાસ થશે અને ઘણી ઝડપથી પરિપક્વ બની જશે તેમ કહીને અક્ષર પટેલે ઉમેર્યું હતું કે ગિલ ઉપર હજી સુધી દબાણ હાવી થયું નથી તે ઘણી સારી બાબત છે.

રોહિત અને કોહલી સ્પર્ધાત્મક ક્રિકેટ લાંબા સમયથી રમ્યા નથી તેના સંદર્ભમાં અક્ષરે જણાવ્યું હતું કે બંને વિશ્વ સ્તરીય ખેલાડીઓ છે. પ્રારંભિક વન-ડે બાદ જ તેમના ફોર્મ અંગેનો ખ્યાલ આવશે. બંને પ્રોફેશનલ ક્રિકેટર છે અને તેમણે શું કરવાનું છે તે બાબતને તેઓ ઘણી સારી રીતે જાણે છે. બંને ઓસ્ટ્રેલિયામાં રમવા માટે તૈયાર છે.

એક દાયકા અગાઉ ભારતીય ખેલાડી તરીકે પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ ખેડનારા સ્પિન ઓલરાઉન્ડર અક્ષરે એમ પણ જણાવ્યું હતું કે પ્રેક્ટિસમાં રોહિત અને કોહલી સહિત તમામ ખેલાડીઓ રિધમમાં જણાય છે.

મોટા ભાગના ખેલાડીઓ ઓસ્ટ્રેલિયામાં રમવાનો અનુભવ ધરાવે છે અને સ્થાનિક પરિસ્થિતિ અંગે માનસિક રીતે પણ સહજ અનુભવી રહ્યા છે. ડ્રેસિંગ રૂમમાં હરીફ ટીમ સામેની રણનીતિ તૈયાર કરવા અંગે વાતચીત થાય છે. અમે પિચના બાઉન્સ તથા સ્વભાગ અંગે વધારે ચર્ચા કરતા નથી.

# સ્ટેટ ટીટી ચેમ્પિયનશિપમાં છમાંથી 3 ટાઇટલ સુરતે જીત્યા

## મેન્સ અને વિમેન્સ ટીમમાં સળંગ બીજા વર્ષે સુરતની ટીમ ચેમ્પિયન



ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ)ના ઉપક્રમે યોજાયેલી રાજ્યની સૌથી પ્રતિષ્ઠિત ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ગુજરાત સ્ટેટ અને ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં ગુરુવારે સુરતની ટીમે છમાંથી ત્રણ ટાઈટલ પોતાના નામે કરી લીધા હતા જેમાં મેન્સ અને વિમેન્સ ટીમના ટાઈટલ તેમણે સતત બીજા વર્ષે હાંસલ કર્યા હતા. આ ટુર્નામેન્ટ આદિપુર, ગાંધીધામના સ્વ. એમ. પી. મિત્રા ઈન્ડોર સ્ટેડિયમ, હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે યોજાઈ છે, ૧૪મીથી ૧૮મી ઓક્ટોબર દરમિયાન યોજાયેલી આ ટુર્નામેન્ટમાં વર્તમન ટીટી કેલેન્ડરના મહત્તમ રેન્કિંગ પોઈન્ટ અહીંથી મળવાના છે. મેન્સ ફાઈનલમાં સુરતે વડોદરાની ટીમને ૩-૨થી હરાવી હતી જેમાં અયાઝ મુરાદ, નુતાંશુ દયામા અને દેવર્ષ વાઘેલાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. વિમેન્સ ફાઈનલ પણ આવી જ રોમાંચક બની હતી જેમાં ફ્રેનાઝ છિપીયા, ફિલઝાહ ફાતીમા કાદરી અને આફ્રિન મુરાદે સુરતની જીતવામાં મદદ કરી હતી. જુનિયર બોયઝ કેટેગરીમાં અપસેટ સર્જાયો હતો કેમ કે બીજા ક્રમની અરાવલ્લીની ટીમે વર્તમાન ચેમ્પિયન ભાવનગરને ૩-૨થી હરાવ્યું હતું. વિજેતા ટીમ માટે જન્મેજય પટેલ અને હર્ષવર્દન પટેલ ઝળક્યા હતા. અમદાવાદની જુનિયર ગર્લ્સની ટીમે ૨-૦ની સરસાઈ હોવા છતાં મેચ ગુમાવી હતી જેમાં અંતે ભાવનગરનો ૩-૨થી વિજય થયો હતો અને તેમણે ટાઈટલ જીત્યું હતું.સબ જુનિયર ગર્લ્સની ફાઈનલમાં ગયા વર્ષની રનર્સ અપ અમદાવાદની ટીમે આ વખતે વધુ સારો દેખાવ કરીને રાજકોટને ૩-૧થી હરાવીને ટાઈટલ જીત્યું હતું. જ્યારે સુરતની સબ જુનિયર ગર્લ્સ ટીમે દાનિયા ગોદીલની મદદથી ગયા વર્ષના પરાજયનો બદલો લઈને ભાવનગરને ૩-૦થી હરાવ્યું હતું. આમ સુરતે આ ત્રીજું ટાઈટલ જીત્યું હતું. અંડર-૯ હોપ્સની ફાઈનલમાં સુરતના સમર્થ ભાભોરે ભાવનગરના કુશાનસિંહ રાણાને હરાવીને ૩-૦થી વિજય હાંસલ કર્યો હતો તો ગર્લ્સ કેટેગરીમાં ફાઈનલમાં કચ્છની મોખરાના ક્રમની યાના સિંઘે તેના જ શહેરની બીજા ક્રમની અવીશી જૂનને સીધી ગેમમાં હરાવી હતી.



# ચાર વખતની ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ સ્વિમર ટિટમસની નિવૃત્તિ

## ઓસ્ટ્રેલિયન સ્વિમર એરિયન ટિટમસ ૨૦૦ અને ૪૦૦ મીટર ફ્રી સ્ટાઇલમાં વર્લ્ડ રેકોર્ડધારક છે

ઓસ્ટ્રેલિયાની ચાર વખતની ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડાલિસ્ટ એરિયન ટિટમસે ગુરુવારે માત્ર ૨૫ વર્ષની વયે સ્વિમિંગમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી હતી. તેના આ નિર્ણયથી સ્વિમિંગના સમર્થકો સ્તબ્ધ થઈ ગયા હતા.

૨૫ વર્ષીય એરિયન ટિટમસે ગયા વર્ષની પેરિસ ઓલિમ્પિક ગેમ્સ બાદ થોડા સમય માટે બ્રેક લીધો હતો અને તે ૨૦૨૮ની લોસ એન્જલસ ગેમ્સની તૈયારી માટે સ્પર્ધાત્મક સ્વિમિંગમાં પરત ફરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવતી હતી. જોકે ટિટમસે તેના સોશિયલ મિડીયા હેન્ડલ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે મને બાળપણથી જ સ્વિમિંગ પસંદ હતું અને સમગ્ર કારકિર્દી દરમિયાન તેના પ્રત્યે મને ઝનૂન પણ રહ્યું હતું પરંતુ મારા જીવનની કેટલીક બાબતો હવે સ્વિમિંગ કરતાં વધારે મહત્વની બની ગઈ છે. ખેલદિલીપૂર્વક મારે જીવનની આ પ્રકારની બાબતોનો સ્વિકાર કરવો જ જોઈએ.૨૦૨૪ના પેરિસ ઓલિમ્પિક્સમાં એરિયન ટિટમસે ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં અમેરિકાની કેટી લેડેસ્કી તથા કેનેડાની સમર મેકઈન્ટોસને પાછળ રાખીને નવો વર્લ્ડ રેકોર્ડ નોંધાવવાની સાથે પોતાના ગોલ્ડન ટાઈટલને પણ જાળવી રાખ્યું હતું. આ ત્રણેય એવી સ્વિમર રહી છે જેમણે તેમની કારકિર્દીના કોઈને કોઈ તબક્કે વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરેલો હતો અને તેમનામાંથી જ કોઈ એકબીજાનો રેકોર્ડ તોડતા હતા. ટિટમસના નામે ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પણ વર્લ્ડ રેકોર્ડ છે. ટિટમસે તેની કારકિર્દીમાં ૩૩ ઈન્ટરનેશનલ મેડલ જીત્યા હતા જેમાં ઓલિમ્પિક્સમાં ચાર ગોલ્ડ, ત્રણ સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ પણ સામેલ હતો. તેણે ચાર વર્લ્ડ ચેમ્પિયનશિપના ટાઈટલ પણ પોતાના નામે કર્યા હતા.

# લાંચ કેસમાં મેન્ટેનન્સ સર્વેયર ધીરુભાઈ પટેલનો નિર્દોષ છૂટકારો

## ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ

સુરત, તા.૧૮

તરસાડી મુકામે સીટી સર્વે સુપ્રિન્ટેન્ટની કચેરીમાં મેન્ટેનન્સ સર્વેયર તરીકે ફરજ બજાવતા ધીરૂભાઈ સોમાભાઈ પટેલ, રહે.: એફ/૩૦૧, સોના કોમ્પ્લેક્ષ, અબ્રામા પારડી રોડ, વલસાડ નાઓ વિરૂદ્ધ ફરીયાદીશ્રી પર્વતસિંહ કાનસિંહ રાજપુત (ચુડાવત), રહે.: ૩૪, મહાદેવ નગર, તરસાડી, કોસંબા, તા.માંગરોલ, જી.સુરત નાઓ માંગરોલ મુકામે મિલકત ખરીદ કરવા માંગતા હોય અને તે મિલકતના માલિકી અંગેના પુરાવાઓની ખરાઈ કરવા તથા તેના ટાઈટલની ખરાઈ કરવા માટે પ્રોપર્ટી કાર્ડની નકલો મેળવવા માટે અરજી કરેલ અને અનુસંધાને આ નકલો આપવા માટે ધીરૂભાઈ સોમાભાઈ પટેલ નાએ ફરીયાદી પાસેથી રૂ.૨,૦૦૦/- ની લાંચની માંગણી કરેલ અને રકઝકના અંતે રૂ.૧,૦૦૦/- નક્કી થયેલ અને આ રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય એ.સી.બી.મા ફરીયાદ કરેલ અને આરોપીને એ.સી.બી.એ છટકુ ગોઠવી લાંચ લેતા રંગે હાથ પકડી લીધેલા અને આરોપી વિરૂધ્ધ પ્રિવેન્શન ઓફ કર્રપશન એક્ટની કલમ ૭, ૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબનો ગુન્હો દાખલ કરી ચાર્જશીટ કરવામાં આવેલુ અને આ કેસની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલી અને આરોપી તર્ફે વિદ્વાન વકીલશ્રી ગૌતમ આઈ. દેસાઈ તથા વકીલશ્રી ચેતન કે. શાસ્ત્રી નાઓએ હાજર રહી સાક્ષીઓની વિદ્વતાપૂર્વકની ઉલટતપાસ કરેલ અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદ પક્ષ આરોપી તર્ફેની ઉલટતપાસ તથા વિદ્વતાપૂર્વકની દલીલો ધ્યાને રાખી ફરીયાદ પક્ષ લાંચના ત્રણ મહત્વના તત્વો- માંગણી, સ્વીકાર અને સ્વીકૃતિ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ તેવું નામદાર ટ્રાયલ કોર્ટે ઠરાવી આરોપીને છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આરોપી ધીરૂભાઈ સોમાભાઈ પટેલ (મેન્ટેનન્સ સર્વેયર), સીટી સર્વે, સુપ્રિન્ટેન્ડન્ટની કચેરી, વર્ગ ૩, તરસાડી, કોસંબા, સુરત નાઓ તર્ફે વકીલશ્રી ગૌતમ આઈ. દેસાઈ તથા વકીલશ્રી ચેતન કે. શાસ્ત્રી નાઓએ હાજર રહી કામગીરી કરેલ.

# રિવાબાની મંત્રીપદ મળતા જામનગરમાં ઉજવણી માહોલ

## ક્રિકેટ બંગલા ખાતે જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોશિએશન દ્વારા રેલીઃ ફટાકડા ફોડી મોં મીઠા કરાવાયા

જામનગર તા.૧૮: જામનગરના ધારાસભ્ય અને ઈન્ટરનેશનલ ઓલરાઉન્ડર ક્રિકેટરના પત્ની રીવાબાને મંત્રી પદ મળતાં જામનગરના રમત જગતમાં ખુશી વ્યાપી છે. યુવા ક્રિકેટરોએ નાની રેલી યોજીને ફટાકડા ફોડયા હતા. ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ના હોદ્દેદારોએ મોં મીઠા કર્યા હતા.

જામનગરના ધારાસભ્ય રીવાબાને રાજ્ય સરકારનું મંત્રી પદ મળતાં જામનગર શહેર અને રાજપુત સમાજમાં હર્ષ સાથે ગૌરવની લાગણી તો થઈ જ છે. પરંતુ મંત્રી રીવાબાના પતિ રવિન્દ્ર જાડેજાની જે કર્મભુમિ છે. તે હોમ પીચ એવા અજીતસિંહજી ક્રિકેટ પેવેલીયન એટલે કે, ક્રિકેટ બંગલોમાં પ્રેક્ટીસ કરતા અને રવિન્દ્રને આદર્શ તરીકે ધ્યાનમાં રાખીને મહેનત કરતા યુવા ક્રિકેટરોમાં વિશેષ હર્ષની લાગણી છવાઈ છે.યુવા ક્રિકેટરોએ ફટાકડા ફોડીને બેનર સાથે નાની રેલી યોજી હતી. જે વેળાએ જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અજયભાઈ સ્વાદિયા, ઉપપ્રમુખ વિનુભાઈ ધ્રુવ, કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ના પ્રમુખ અજયભાઈ સ્વાદીયાએ જણાવ્યું હતું કે, જામનગરમાં બે સ્પોર્ટસ કોમ્લેક્સ બની રહ્યા છે. પરંતુ જામનગરમાં રણજી ટ્રોફી કક્ષાનો ફર્સ્ટક્લાસ કાન ક્રિકેટ મેચ વર્ષોથી મળ્યો નથી. જામનગરને એક સારું ક્રિકેટ મેદાન મળે તેવી ક્રિકેટ જગતની અપેક્ષા છે.

# સાવરકુંડલામાં ઐતિહાસિક 'નાવલી ઉત્સવ'માં અસ્મિતાના ઓવારણાં

## આવતી કાલથી સાવરકુંડલાનું ઓરિજિનલ ખમીરઃ 'નાવલી ઉત્સવ'

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા શહેરની અસ્મિતા અને સંસ્કૃતિના પર્યાય સમાન નાવલી નદીના પુનરાસ્ફુરણ અને શહેરના વર્ષો જૂના 'રીવર ફ્રન્ટ'ના સ્વપ્નને સાકાર કરવાના પ્રથમ ચરણરૂપે, "અસ્મિતાના ઓવારણાં નાવલી ઉત્સવ"નું બે દિવસીય ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૧૯ અને ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન યોજાનારા આ ઉત્સવમાં સાવરકુંડલાની અનોખી ઓળખ સમાન સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર, અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને સાવરકુંડલા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આ ઉત્સવ ઉજવાશે.

તારીખ ૧૯-૧૦-૨૫ (રવિવાર) રાત્રે ૯:૦૦ કલાકે (સ્થળઃ રિધ્ધિ સિધ્ધિ ચોક): ગુજરાતના ખ્યાતનામ કલાકારો રાજ ગઢવી, અપેક્ષા પંડ્યા અને કિશન રાદડિયા જેવા ધુરંધર લોકગાયકો ડાયરાની રોનકમાં ચાર ચાંદ લગાવશે. તારીખ ૨૦-૧૦-૨૫ (સોમવાર) - "બે બે દિવાળી"નો રંગ જામશેઃ રાત્રે ૯:૦૦ કલાકે (સ્થળઃ રિધ્ધિ સિધ્ધિ ચોક): ભવ્ય આતશબાજીનું આયોજન.અને રાત્રે ૧૦:૦૦ કલાકે (સ્થળઃ દેવળા ગેઈટ): સાવરકુંડલાની અનોખી ઓળખ સમાન ઈંગોરિયાની લડાઈ (ઈંગોરિયા યુદ્ધ) યોજાશે. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની અથાગ મહેનત અને ગુજરાત સરકારના રચનાત્મક સહયોગથી આ ઉત્સવ નાવલી પટાંગણને આંગણે યોજાઈ રહ્યો છે. ઉત્સવના પ્રારંભ રૂપે નાવલી પટાંગણમાં યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે 'રીવર ફ્રન્ટ'ના સપનાને સાકાર કરવાની દિશામાં પ્રથમ પગલું છે. ગુજરાત સરકાર ના રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ તેમજ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા,નગરપાલિકા ટીમ અને શહેર ભાજપ દ્વારા સાવરકુંડલાના તમામ શહેરીજનોને આ અનોખા અને યાદગાર અવસરે સહર્ષ ભાગ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમગ્ર શહેરને અપીલ છે કે આ 'નાવલી ઉત્સવ'ને સાથે મળીને માણીએ અને આપણી સંસ્કૃતિ અને અસ્મિતાના ગૌરવને ઉજાગર કરીએ.

**શુભં કરોતિ કલ્યાણમારોગ્યં ધનસંપદા । શત્રુ બુદ્ધિ વિનાશાય દીપજ્યોતિર્ન મોડસ્તુતે ॥**

# આજે ધનતેરસ : સોમવારે પ્રકાશનું પર્વ દિવાળી

## કાલે કાળી ચૌદશ : સોમવારે દિવાળીના ચોપડાપૂજન - શારદાપૂજન : બુધવારે નૂતન વર્ષ, ગુરૂવારના ભાઇબીજ, તા.૨૬ના રવિવારે લાભપાંચમ : દિવાળી ફેસ્ટીવલમાં ઘેર - ઘેર રંગોળી તથા દીવડાનો ઉજાસ : આતશબાજીનો નઝારો

રાજકોટ, તા.૧૮

આસુરી શકિત સામે દૈવીશક્તિના વિજયનું મહાપર્વ દિવાળી પર્વની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે. વાક્બારસના લોકોએ માઁ સરસ્વતી પૂજન કર્યુ, આજે ધનતેરસ છે, આવતીકાલે કાળી ચૌદશ, સોમવારે દિવાળી પર્વ અનેરા ઉમંગ તથા ઉત્સાહ સાથે સર્વત્ર ઉજવાશે. મંગળવારના પડતર દિવસ છે. બુધવારે વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષનો પ્રારંભ અર્થાત નૂતન વર્ષ, બેસણું વર્ષ છે. ગુરૂવારે ભાઈબીજ તથા તા. ૨૬ના રવિવારે લાભપાંચમ ઉજવાશે.

દિવાળી પર્વની ઉજવણીમાં બજારોમાં નવી ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળે છે. લોકો પોતાના ઘરના આંગણે રંગોળી પૂરે છે. રાત્રે દીવડાઓ કરે છે અને ફટાકડા ફોડીને ઉત્સવની હૈયાના હેતથી ઉજવણી કરે છે.

આજે ધનતેરસ છે. ધનતેરસના લોકો ઘર, દુકાન કે ઓફિસને દિવાઓ અને રોશની વડે શણગારી અને આગળ રંગોળી કરવામાં આવે છે. આ દિવસે રંગોળીમાં લક્ષ્મીજીના પગલાની આકૃતિ ખાસ કરવામાં આવે છે આજે નવું ધાન, ખાસ તો સોનુ-ચાંદી ખરીદવું તે શુકનવંતુ ગણાય છે. ધનતેરસના દિવસે સમૃધ્ધિના દેવ કુબેરની પૂજા, મહાલક્ષ્મીજીની પૂજા, શ્રીમંત્ર, સોના-ચાંદીના સિકકાની પૂજા કરવામાં આવે છે.

આ દિવસને સમુદ્ર મંથનના ફળ સ્વરૂપે ધન્વંતરિ ઉત્પન્ન થયા હોવાથી ધન્વંતરિ ત્રયોદશી કે ધન્વંતરિ જયંતિ તરીકે ઓળખવામાં આવે છે. આજે આયુર્વેદના પ્રેક્ટીશ્નરો ભગવાન ધન્વંતરિનું પૂજન કરશે આજે માઁ સરસ્વતીની પણ પૂજા થાય છે. વ્યાપારી વર્ગનો સંબંધ જમા-ઉધારનો હિસાબ લખવાના ચોપડા સાથે છે. તેથી વેપારી વર્ગ



ચોપડાનું પૂજન કરે છે. ધનતેરસના દિવસે નવા ચોપડા ખરીદીને તેનું પૂજન કરવામાં આવે છે.

કાળી ચૌદશ

આવતીકાલે કાળી ચૌદશ કે કાળરાત્રીની ઉજવણી કરાશે. તેને નરક ચતુર્દશી પણ કહેવાય છે. આ દિવસે યમરાજ, ભગવાન શ્રી કૃષ્ણ તથા હનુમાનજીની પૂજા કરવાનો પણ નિયમ છે. આ દિવસે ખીર અને વડા બનાવવાનો રિવાજ છે. સાંજે ગૃહિણીઓ કાણાવાળા વડા અને પુરી ઘર નજીકના ચાર રસ્તે મુકીને કકળાટ કાઢે છે.

સોમવારે દિવાળી પર્વ

તા.૨૦મીના વિક્રમ સંવત ૨૦૮૧ના વર્ષનો અંતિમ દિવસ છે. દિવાળીમાં સાંજના પ્રદોષ કાળનું તથા રાત્રીના નિશીથ કાળનું મહત્વ હોય છે. આ દિવસે સમુદ્રમાંથી લક્ષ્મીજીનો પાદુર્ભાવ થયો હતો. શ્રી રામચંદ્ર ભગવાન રાવણને મારી વિજય મેળવી અને દિવાળીના દિવસે અયોધ્યા પરત પધાર્યા હતા ત્યારે અયોધ્યામાં ઘેર ઘેર રંગોળી અને દીવા પ્રગટાવવામાં આવ્યા હતા.

આ દિવસે શારદાપૂજન-લક્ષ્મીપૂજન ચોપડા પૂજન કરવામાં આવે છે. ઘેર ઘેર રંગોળી તથા દીવડા પ્રગટાવીને દિવાળી પર્વ ઉજવવામાં આવે છે. રાત્રે આતશબાજીનો નઝારો જોવા મળે છે.

પડતર દિવસ

તા.૨૧મીના મંગળવારે તિથિ ભેદના કારણે પડતર દિવસ છે.

બુધવારે નૂતન વર્ષ

તા. ૨૨મીના વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષનો પ્રથમ દિવસ છે. નૂતન વર્ષના વધામણા લોકો અનેરા ઉલ્લાસ સાથે કરશે. એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવશે. સ્નેહ મિલનના કાર્યક્રમો યોજાશે. મંદિરોમાં અન્નકૂટ ઉત્સવ ઉજવાશે. દિવાળીના દિવસોમાં લોકો નવા વસ્ત્રો ધારણ કરશે.

તા.૨૩મીના ભાઈબીજ તથા તા.૨૬મીના રવિવારે લાભ પાંચમ સાથે દિવાળી પર્વની ઉજવણી પૂર્ણ થશે.

**ભારતનું ગોલ્ડ**

**પહેલા પાનાનું ચાલુ**

લગભગ દર મહિને સોનાની ખરીદી કરી હતી. ચાલૂ સાલ જાન્યુઆરીથી સપ્ટેમ્બરના સમયગાળામાં માત્ર ચાર ટનની ખરીદી કરવામાં આવી હતી.

જે ગત વર્ષનાં આ ગાળામાં ૫૦ ટન હતી. ગોલ્ડ રિઝર્વનાં મુલ્ય વધારા પાછળનું આજ સૌથી મોટુ કારણ છે.ચાલુ વર્ષે સોનાના ભાવમાં ૬૫ ટકાનો વધારો થયો છે. એટલે સ્ટોકનાં સોનાની કિંમત ઘણી વધી ગઈ છે.

દુનિયાભરની સેન્ટ્રલ બેન્કે કરન્સી તથા ડેટના જોખમો સામે હેજીંગ પ્રવૃતિનાં ભાગરૂપે સોનાની ખરીદી કરીને સ્ટોક વધારી રહી છે. ૧૦ ઓકટોબરની સ્થિતિએ સોનાનો સ્ટોક અંદાજીત ૮૮૦ ટદ રહ્યો છે. રિઝર્વ બેન્કનાં ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું કે સોનામાં તેજીથી ભારતનું રિઝર્વ મજબુત બન્યુ છે.

**પ્રાંતિજના**

**પહેલા પાનાનું ચાલુ**

દિવાળીને લઈને જ બબાલ થઈ અને આ લોકોએ મોટું સ્વરૂપ આપી દીધું.પ્રાંતિજના મજરા ગામે થયેલી જૂથ અથડામણ અંગે ગામના રાકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, એ લોકો વાઘબારસની આરતી કરી અને પટેલોના ઘરે ગયા અને સીધા નુકશાન કરવા જ માંડ્યા છે. જ્યાં જારના ગઠ્ઠામાં આગચાંપી અને પથ્થરમારો પણ કર્યો હતો. આખા ગામની અંદર ૨૦૦-૨૫૦ જેટલા પટેલોના ઘર છે ત્યાં નુકશાન પહોંચાડ્યું છે. એક વીડિયોમાં અમે જોયું કે સરપંચની મમ્મી પણ એ લોકો સાથે છે.

આ ઘટનાનું કારણ જણાવતાં તેમણે કહ્યું કે, આ ભૈરવદાસ દાદના મંદિરનો વહીવટ એમને આપ્યો ત્યાંરથી આ સમસ્યા છે. પહેલાં મંદિરનો વહીવટ પટેલોના હાથે થતો હતો. પણ, ગઈ સાલ એ લોકોએ થોડો વિવાદ કરી અને ચાવી લઈ લીધી'તી એટલે પટેલોએ આપી દીધી અને એ વખત કોઈ વિવાદ થયેલો નહીં. એ પછી આ લોકોને પૈસાની તૂટ પડે છે. પણ, પટેલો પૈસા ના આપે એટલે પ્રસંગ તૂટી પડે છે. આ લોકોને પૈસા જોઈએ છે અને પટેલો આપતાં નથી એટલે પૈસા લેવા માટે આ લોકોએ પટેલોને ટાર્ગેટ બનાવ્યા છે. દિવાળીમાં બે દિવસ ગરબા થાય છે પણ ગઈસાલથી પટેલો ત્યાં ગરબા ગાવા પણ જતાં નથી.

**લુધિયાણાથી**

**પહેલા પાનાનું ચાલુ**

તેમણે જણાવ્યું હતું કે આગ સીમીત ભાગમાં હતી એટલે ઝડપથી કાબુમાં આવી હતી. ટ્રેનનાં કોચમાં આગની આ ઘટનામાં જાનહાની કે કોઈ મોટા નુકશાનનાં ખબર નથી. એક મહિલા દાઝલા તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાઈ હતી. ટ્રેન ટુંક સમયમાં જ આગળ પહોંચશે અને કોચમાં આગ લાગવાના કારણની તપાસ થઈ રહી છે.

**પાક.નો**

**પહેલા પાનાનું ચાલુ**

ત્રણ ક્રિકેટરોના મોતથી અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના કપ્તાન નબી રાશીદ સહિતના સીનીયર ખેલાડીઓ ભડકયા હતા અને પાકિસ્તાની હુમલાની આકરી ટીકા કરી હતી. આ હુમલાને કાયરતા પૂર્ણ ગણાવ્યો હતો.અફઘાનિસ્તાન ત્રિકોણીય ટી-૨૦ સીરીઝમાંથી ખસી ગયું

પાકિસ્તાનની એર સ્ટ્રાઈકમાં અફઘાનિસ્તાનના ત્રણ ક્રિકેટરોના મોત નિપજતા સમગ્ર અફઘાની ક્રિકેટ જગત હચમચી ગયું છે અને પાકિસ્તાન સામે આકરો રોષ ઠાલવ્યો છે. આ હુમલાના પ્રત્યાઘાત હેઠળ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે આવતા મહિને રમાનારી ત્રિકોણીય ટી-૨૦ સીરીઝમાંથી ખસી જવાની જાહેરાત કરી છે.

પથી ૨૯ નવેમ્બર દરમ્યાન પાકિસ્તાન, શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રિકોણીય ટી-૨૦ શ્રેણી રાવલપીંડી અને લાહોરમાં યોજાવાની હતી પરંતુ પાકિસ્તાનની એર સ્ટ્રાઈકના પગલે આ શ્રેણીમાં સામેલ નહીં થવાનું ક્રિકેટ બોર્ડે જાહેર કર્યું છે.

**યુક્રેનના**

**પહેલા પાનાનું ચાલુ**

હાલમાં તેમના માટે શસ્ત્રો જરૂરી છે.ટ્રમ્પે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ પર પણ વાત કરતા કહ્યું કે, "હું આ તણાવને સરળતાથી ઉકેલી શકું છું."ટ્રમ્પ અને ઝેલેન્સકીએ બેઠક પહેલા મીડિયા સાથે વાત કરી, અનેક સવાલના જવાબ આપ્યા. ટ્રમ્પે ફરીથી કહ્યું કે તેઓ ઝેલેન્સકી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાટાઘાટો કરીને યુદ્ધ બંદ કરાવી શકે છે.

તેમણે કહ્યું કે આગામી અઠવાડિયામાં બુડાપેસ્ટમાં પુતિન સાથેની તેમની શિખર બેઠક "ડબલ મીટિંગ" તશે, જ્યાં તેઓ પુતિન અને ઝેલેન્સકીને અલગ-અલગ મળશે, પરંતુ બંને રાષ્ટ્રપતિઓ સીધી મુલાકાત કરશે નહીં.ટ્રમ્પે પોતાને મધ્યસ્થી ગણાવતા કહ્યું, "આ બંને નેતાઓ એકબીજાને બિલકુલ પસંદ નથી કરતા. તેથી તેઓ મામલાને યોગ્ય બનાવવા માંગે છે."

**માલદાની**

**પહેલા પાનાનું ચાલુ**

રહ્યા છે. કેટલાક યુઝર્સે સૂચવ્યું છે કે યુસુફ પઠાણ જે સ્મારકનો ઉલ્લેખ કરી રહ્યા છે તે મંદિરની ટોચ પર બનેલ છે. તેમણે તેમના દાવાને સમર્થન આપવા માટે ઘણા ઐતિહાસિક સંદર્ભો ટાંક્યા છે. દરમિયાન, અન્ય લોકોએ આદિનાથ મંદિર વિશેના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.

ગયા વર્ષે, પુજારીઓના એક ગ્રુપે મસ્જિદમાં હિન્દુ ધાર્મિક વિધિઓ કરી હતી, જેના કારણે વિવાદ થયો હતો. વૃંદાવન સ્થિત વિશ્વવિદ્યા ટ્રસ્ટના પ્રમુખ અને પુજારી હિરણમય ગોસ્વામીએ આદિના મસ્જિદમાં હિન્દુ દેવતાઓના દર્શન કર્યા હોવાનો દાવો કર્યો હતો અને દાવો કર્યો હતો કે આ મસ્જિદ એક હિન્દુ મંદિર પર બનાવવામાં આવી હતી. જોકે, ભારતીય પુરાતત સર્વેક્ષણની સત્તાવાર વેબસાઈટ અનુસાર, તે મુસ્લિમ સ્થાપત્યનો નમૂનો છે અને તેનું નિર્માણ સિકંદર શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

**બિહાર ચૂંટણી**

**પહેલા પાનાનું ચાલુ**

પટનામાં ભાજપના નેતાઓ સાથે બેઠક કરશે. શુક્રવારે, તેમણે પટનાના જ્ઞાન ભવનમાં એક બૌદ્ધિક સંમેલનમાં હાજરી આપી હતી. તેમણે કહ્યું, "લાલુ નવા ચહેરાઓનો ઉપયોગ કરીને અને કપડાં બદલીને જંગલ રાજ પાછું લાવવા માંગે છે. આ બંધ થવું જોઈએ."

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન ગૃહમંત્રી અમિત શાહને મળવા પટના પહોંચ્યા છે. આ બેઠક હોટલ મૌર્યમાં થઈ રહી છે. આજે શાહના બિહારના ત્રણ દિવસના પ્રવાસનો અંતિમ દિવસ છે. તેઓ આખો દિવસ ચૂંટણી પ્રચારની તૈયારીઓ અને સાથી પક્ષો સાથે સંકલન અંગે ચર્ચા કરશે. ત્યારબાદ તેઓ સાંજે પટનાથી દિલ્હી જવા રવાના થશે.

**ટ્રમ્પ તંત્રની**

**પહેલા પાનાનું ચાલુ**

દખલઅંદાજી કરવાની જરૂર નથી અને જો કોર્ટ પોતાના કાર્યક્ષેત્રની ઉપરવટ જઈને આવા ઓર્ડર આપશે તો તેને એક્સટ્રિમ એક્ટ ઓફ જ્યુડિશિયલ એક્ટિવિઝમ ગણવામાં આવશે.

**વર્ગ ચારના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

હતી.તમામ દલીલો સાંભળ્યા બાદ નામદાર વિદ્વાન જસ્ટિસ શ્રી નિખિલ એસ કરિયલ સાહેબે એક મૌખિક ઓર્ડર કરેલ હતો.જે મૌખિક ઓર્ડરમાં જણાવવામાં આવ્યું છે કે,"અરજદારોએ અન્ય બાબતોની સાથે ૨૨- ૯ - ૨૦૨૩ ના ઠરાવ દ્વારા પ્રતિવાદી કોર્પોરેશનના નિર્ણયને પડકાર્યો હતો. જેમાં સેનેટરી સબ ઈન્સ્પેક્ટરના પદ પર બઢતી માટે આઠ વર્ષનો અનુભવ જરૂરી લાયકાત તરીકે નિર્ધારિત કરવામાં આવ્યો છે.આ અરજીની સુનાવણી આ કોર્ટ દ્વારા કરવામાં આવી હતી અને સુનાવણી દરમિયાન પ્રતિવાદીઓ નંબર બે (મ્યુનિસિપલ કમિશનર)અને ત્રણ(ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર)ના વિદ્વાન વકીલે યોગ્ય સૂચનાઓ લેવા માટે સમય માંગ્યો હતો.એવું પણ લાગે છે કે આવા સમયગાળા દરમિયાન સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા ૨૫/૯/૨૦૨૫ ના રોજનો આદેશ કરવામાં આવ્યો છે.

ખાસ કરીને જેના કારણે ડેપ્યુટી મ્યુનિસિપલ કોર્પોરેશનને સેનેટરી સબ ઈન્સ્પેક્ટરના પદ પર બઢતીની ભલામણ કરી છે. આ કોર્ટને એવું લાગે છે કે જ્યારે આ કોર્ટને આ અરજીની સુનાવણી કરવામાં આવી હતી અને જ્યારે પ્રતિવાદી નંબર બે અને ત્રણના વિદ્વાન વકીલની વિનંતી પર સૂચનાઓ લેવા માટે મામલો મુલતવી રાખવામાં આવ્યો હતો ત્યારે પ્રતિવાદી નંબર ત્રણ દ્વારા ભરતીના આદેશો જારી કરવાનો નિર્ણય પ્રથમ દ્રષ્ટિએ આ કોર્ટ સમક્ષ બાકી રહેલી કાર્યવાહીનો અતિરેક ગણાશે.

આવી પરિસ્થિતિને ધ્યાનમાં લેતા પ્રથમ દ્રષ્ટિએ પ્રતિવાદી નંબર ત્રણ એટલે કે ૨૫/૯/૨૦૨૫ ના પ્રમોશન ઓર્ડરના લેખકને ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ આ કોર્ટ સમક્ષ હાજર રહેવા દો જેથી સમજાવી શકાય કે આ કોર્ટ સમક્ષની કાર્યવાહીનો અતિરેક કરવા બદલ ઉપરોક્ત અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કેમ ન કરવી જોઈએ."જેની સુનાવણી આગામી તારીખ ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થશે.

**નવસારી જિલ્લામાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ધાર્મિક સ્થળો, ફેક્ટરી વિસ્તાર, વર્કસાઈડ કે જ્યાં રખડતા, ભટકતા, ચા ની કિટલી પર કામ કરતાં બાળકો જોવા મળે તો આ બાળકોને નજીકની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં જાણ કરી બાળકોના શિક્ષણમાં સહભાગી બનીશું.

હવે આપણી ચિંતા દુર કરે છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (GSOS), ઘર બેઠા ધોરણ ૯ થી ૧૨ નો અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ પણ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત, આ સ્કુલમાં કદી શાળાએ ન ગયેલા હોય તેવા અથવા શાળામાં દાખલ થયા પછી અધવચ્ચેથી શાળા છોડી હોય તેવા તમામ જોડાય શકશે. આ માટે નજીકની કોઈ પણ માધ્યમિક શાળામાં જઈ રજીસ્ટ્રેશન કરાવવું આ રજીસ્ટ્રેશન નિ:શુલ્ક છે. જ્યાં સમગ્ર માહિતી આપવામાં આવશે. જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર અને જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર સમગ્ર શિક્ષાની કચેરી નવસારી દ્વારા અધવચ્ચેથી શિક્ષણ છોડી દેનાર બાળકોના સર્વેની કામગીરીમાં સહભાગી બનવા લોકોને અપીલ કરવામાં આવે છે.

**કાળી ચૌદશ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

વર્તન વ્યવહાર આધુનિક નવનિર્માણ માટે હોવું જોઈએ. કુરિવાજો, અંધશ્રદ્ધા, ચમત્કારો, ગેરમાન્યતાથી સમાજ રાષ્ટ્રને નુકશાન થવાથી તિલાંજલિ આપવાનો સમય છે. કાળીચૌદશે અનાજ-પાણીનો બગાડ થવો જોઈએ નહિ. ચાર ચોકમાં વડા મુકવાની પ્રથા છિન્ન મનોવૃત્તિના દર્શન થાય છે તેને સામુહિક દેશવટો આપીએ. મેલીવિદ્યા, ભૂત-પ્રેત, અગોચર શક્તિ, ચુડેલ-ડાકણ, આસુરી શક્તિ જેનું અસ્તિત્વ જ નથી તેનો ભય-ડર મનમાંથી કાઢી નાખવો જોઈએ. માનવીના મનની ત્રુટિમાં જ ભૂત-પ્રેતનો અસ્તિત્વ જોવા મળે છે.

**છેલ્લા પાનાનું ચાલુ**

**આજે ધનતેરસના**

જીવનનાં તમામ દુઃખોનું નિરાકરણ લાવવા લોકો વિશેષ પૂજા-પાઠ કરશે.

આજે ધનતેરસ દિવાળી અને ૨૨ ઓક્ટોબરે શહેરમાં દિવાળી અને નવા વર્ષનો તહેવાર ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે ત્યારે આજે સાંજે ધનતેરસની પૂજા મુહૂર્તનો સમય સાંજે ૭.૧૭ થી ૮.૨૦ વચ્ચેનો જ્યોતિષોનાં મને ઉચ્ચતમ ગણવામાં આવ્યો છે. સોના-ચાંદીની ખરીદી માટે પણ આ મુહૂર્તને શુભ દર્શાવાયું છે. દિવસ દરમિયાન શહેરમાં માં લક્ષ્મી મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. રાંદેર અને અડાજણ ખાતે આવેલા મેરૂલક્ષ્મી મંદિર-મહાલક્ષ્મી મંદિર તેમજ અંબિકાનિકેતન અને કોર્ટ વિસ્તારનાં મોટા મંદિર ખાતે ભક્તોની ભીડ ઉમટી હતી.

**ઉગત ગામ**

બે ઈસમોને પકડયા હતા. પોલીસે તેમની પાસેથી ૨૩૬.૩૧૦ ગ્રામ હાઈબ્રીડ ગાંજા નો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે મિતુલ ભાવેસ સિદ્ધપુરા (રહે. અક્ષર હાઈટ્સ સિંગણપોર) અને યશ ધીરજ વાઘેલા (રહે. સહજાનંદ સોસાયટી ડભોલી)ની ધરપકડ કરી હતી. જ્યારે આ ગદેર પવૃત્તિ યશ રાજ ઉર્ફે રાજ રણજીત રાઠોડ (રહે કૃતિ રેસિડેન્સી , સિંગણપોર)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**જમીન દલાલ**

સંબંધ બાંધ્યા હતા. દિવ્યેશ ખેનીએ તેના ઘરે પરિણીતાને રાખી હતી અને દોઢ વર્ષનાં સમયગાળામાં વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ મામલે ગઈ કાલે ભોગ બનનારે વરાછા પો. સ્ટેશનમાં આરોપી દિવ્યેશ રાઘવ ખેની સામે ગુનો નોંધાવ્યો છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૧૮ ઓક્ટોબર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સુરત શહેરમાં યુવાધનમાં વધતુ રેવ પાર્ટીનું ચલણ ચિંતાજનક

# વેસુ મંગલમ પેલેસના ૧૧માં માળે રેવ પાર્ટી: પોલીસના દરોડા

### ગેટ ટુ ગેધેરિંગના નામે દારૂની મહેફિલ જમાવનારા ૧૭ જણાં પકડાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

ગુરૂવારની મોડી રાત્રીએ અલથાણ ખાતે બર્થડે પાર્ટીમાં પોલીસે રેડ કરી દારૂ પાર્ટી પકડી હતી. જ્યારે વેસુ ખાતે વધુ એક દારૂની મહેફિલ માણતા વેપારીઓ અને નોકરીયાત યુવકો પકડાયા હતા. અંદાજીત ૧૫થી વધુ યુવકોને વેસુ પોલીસે પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વેસુ પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર ગઈ કાલે રાત્રીના અરસામાં વેસુ આદમ હોલની સામે આવેલા મંગલમ પેલેસના ૧૧માં માળે એક ફ્લેટની અંદર દારૂની મહેફીલ જામી હોવાનો કોલ સુરત કંટ્રોલને





### પોલીસ કંટ્રોલ રૂમને ફોન જતા પોલીસની ટીમ ઘટના સ્થળે ધસી ગઈ

મળ્યો હતો. જેથી સુરત કંટ્રોલે આ વર્દી વેસુ પોલીસને પાસઓન કરી હતી. પીએસઆઈ મેંદપરા અને તેમની ટીમે આ મેસેજના આધારે મંગલમ પેલેસના ૧૧માં માળે ફ્લેટમાં દરોડો પાડયો હતો. પોલીસે અહીથી ૧૫થી વધુ યુવકોની અટકાયટ કરી હતી. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે આ યુવકોએ ગેટ ટુ ગેધરનું આયોજન કર્યું હતું. જેથી તેઓ બધા સાથે મળ્યા હતા. અને તેઓએ જમણવારની સાથે સાથે દારૂની મહેફિલનું પણ આયોજન કર્યું હતું. જેમાં કેટલાક યુવકો નશાની હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અને આરોપીઓને મેડિકલ ચેકઅપ માટે શનિવારે સવારે નવી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે પકડાયેલા યુવાનોના પરિવારજનો પણ પોલીસ સ્ટેશન તેમજ સિવિલ ખાતે દોડી આવ્યા હતા.

---

### શહેરમાં વધુ એક હત્યાની ઘટનાથી લોકઆક્રોશ ફાટી નીકળ્યો

# ડિંડોલીમાં ઘટના સ્થળે લોકોના ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ: પથ્થરમારો

### પરિવારે મૃતદેહને પીએમ માટે લઈ નહીં જવા દેવાતા બબાલ થઈ, આખરે પોલીસની સમજાવટ બાદ મૃતદેહને પીએમ માટે હોસ્પિટલમાં ખસેડાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા દિવસે ને દિવસે કથળી રહી છે. જ્યારે સુરત શહેરના ડિંડોલી ખાતે વધુ એક હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. ડિંડોલીમાં નોકરીયેથી ઘરે જઇ રહેલા યુવકને લૂંટારૂઓએ મોબાઈલ લૂંટવાના પ્રયાસમાં રહેંસી નાંખ્યો હતો. મૃતકના પરિવાર અને સ્થાનિકો ઘટના સ્થળે પહોંચી પોલીસને પીએમ માટે મૃતદેહ ન લઈ જવાનું કહી હોબાળો મચાવ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ પથ્થરમારો પણ કર્યો હતો. જેમાં એક પોલીસકર્મીને ઈજા પણ પહોંચી હતી. આખરે પોલીસના ઉચ્ચ અધિકારીઓએ પરિવારને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપતા પરિવારે મૃતતેહ પોલીસને સોંપ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ નવાગામ ડિંડોલી શ્રીનાથનગર સોસાયટીમાં રહેતા દિલીપ સુનીલ જમાદાર (૧૭) ઉધના ખાતે જરીના કારખાનામાં કામ કરી માતા-પિતા સહિતના પરિવારને મદદરૂપ થતો હતો. દિલીપ અહીં તેના માસાના ઘરે રહેતો હતો. ગઈકાલે દિલીપ નોકરીએથી ઘરે આવી રહ્યો હતો ત્યારે ડિંડોલી રેલવે પટરી પાસે અજાણ્યા શખ્સોએ દિલીપને રોકી તેની પાસેથી મોબાઈલ ફોન લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં દિલીપે પ્રતિકાર કરતાં અજાણ્યોએ તેમની પાસેના હથિયાર વડે દિલીપ ઉપર હુમલો કરી દઈ ભાગી છૂટ્યા હતા. આ ઘટનામાં દિલીપનું ઘટના સામે મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે દિલીપના પરિવારજનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જ્યારે સ્થાનિકો પણ ટોળું બેગુ થઈ ગયું હતું. પરિવારજનો અને સ્થાનિકોનો ભારે રોષ જોવા મળ્યો હતો. ઘટના સ્થળે પહોંચેલી પોલીસ સામે પણ સ્થાનિકોને રોષ વ્યક્ત કર્યો હતો. પોલીસ કાર્યવાહી પણ કરવા દીધી નહોતી. આ દરમિયાન કોઈકે પોલીસ ઉપર પથ્થરમારો કરી દીધો હતો. જેમાં એક પોલીસ કર્મચારી ખવાયા હતા. આખરે ઘટના સામે પહોંચેલા ઉચ્ચ અધિકારીઓએ મધ્યસ્થી કરતા પરિવારે પોલીસને કાર્યવાહી કરવામાં સહકાર આપ્યો હતો. પોલીસે મૃતકનો મૃતદેહ લઈ પીએમ માટે ખસેડ્યો હતો. પોલીસે આરોપીને પણ દબોચી લેવાની દિશામાં તપાસ આગળ ધપાવી છે.

---

# માત્ર બે દિવસમાં સુરત એસટી નિગમને રૂા.૭૨.૨૨ લાખની આવક

### વતન જવા માટે ૩૨,૨૬૪ વધુ લોકોએ છેલ્લા ચાર દિવસમાં એસટી બસનો લાભ લીધો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

સૌરાષ્ટ્ર, રાજકોટ, પોરબંદર સહિત ઉત્તર ગુજરાતમાં દિવાળીની ઉજવણી કરવા માટે સુરતમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસી, ઉત્તર ગુજરાતના લોકો સપરિવાર સાથે વતનની દોટ મૂકી છે. ભારે ભીડને પહોંચી વળવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમ દ્વારા સંખ્યાબંધ વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. સુરત એસટી નિગમના જણાવ્યા મુજબ આ દિવાળી તહેવારમાં રાજ્યના નાગરિકોને તેમના વતન પહોંચાડવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. નિગમ દ્વારા જુદા-જુદા અને મોટા શહેરોને જોડતી વધુ એક્સ્ટ્રા બસ દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દાહોદ અને પંચમહાલના શ્રમજીવીઓ મોટી સંખ્યામાં વતન જાય છે. ૧૦૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. દિવાળી ટાણે એસટી નિગમને કરોડો રૂપિયાની આવક થાય છે. સુરત એસટી નિગમ સૂત્રોના જણાવ્યા મુજબ ગત તા. ૧૬મીથી આજે તા.૧૯મી સુધીમાં સૌરાષ્ટ્ર, અમદાવાદ, પંચમહાલ, ઉત્તર ગુજરાત તરફ કુલ ૩૬૨ બસો દોડાવવામાં આવી હતી. આ ચાર દિવસમાં એસટી નિગમને રૂા.૭૨,૨૨,૯૩૦ની આવક થઈ હતી. અંદાજે ૧૯,૨૮૪ મુસાફરોએ લાભ લીધો હતો.એસટી નિગમને ગ્રુપ બુકીંગ પણ મળ્યુંહ તું. જે ગ્રુપ બુકીંગની ૨૧ જેટલી ટ્રીપ હતી.

---

# મહિધરપુરામાં એપાર્ટમેન્ટમાં પાર્કિંગમાં રમતી બાળકીની છેડતી

### આરોપી સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

મહિધરપુરા વિસ્તરામાં એક દુકાનમાં કામ કરતાં ૩૪ વર્ષિય યુવાને એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રમવા માટે આવેલી માસૂમ બાળકીની છેડતી કરતા આ મામલો મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં પોક્સોની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. મહિધરપુરા પોલીસ મથકેની મળતી વિગત અનુસાર ઉત્તર પ્રદેશનાં સુલતાનપુરનો વતની અને હાલ બેગમપુરા મોતી ટોકીઝની સામે ઝાલાવાડ ટેકરા ખાતે રહેતો મો.સલમાન ઈન્સાફ અલી ઉ.વ.૩૪ મહિધરપુરામાં એક એપાર્ટમેન્ટ નીચે આવેલા પેસેજની દુકાનમાં નોકરી કરે છે. એવન ટ્રેડર્સ નામની દુકાનમાં કામ કરતા મો.સલમાને ગઈકાલે સાંજના સમયે એપાર્ટમેન્ટનાં પાર્કિંગમાં રમવા માટે આવેલી એક માસૂમ બાળકી ઉપર નજર બગાડીને તેને ગોડાઉનની પાસે રમાડવાના બહાને લઈ જઈ શારિરીક અડપલા કર્યા હતા. સ્થાનિકોને આ બબાતે જાણ થઈ હતી. દરમિયાન બાળકીનાં પરિવાર મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં છેડતી તેમજ પોક્સોની કલમો મુજબ ફરિયાદ નોંધવાવવામાં આવી હતી.

---

# આજે ધનતેરસના અને ધનવંતરી દેવના શુભ દિવસે રીઝવવામાં આવશે

### શહેરના વિવિધ મહાલક્ષ્મી મંદિરોમાં વિશેષ પૂજા થશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

દિવાળીનો તહેવાર ગઈકાલથી શરૂ થયો છે ત્યારે આજે ધનતેરસનાં દિવસે શહેરનાં રાંદેર રોડ ખાતે આવેલા મેરૂલક્ષ્મી મંદિર, અડાજણ સ્થિત મહાલક્ષ્મી મંદીર સહિત કુબેરજી મંદિરોમાં વિશેષ લક્ષ્મીપૂજનનાં આયોજનો કરવામાં આવ્યા છે. સવારથી શહેરનાં વિવિધ મંદિરોમાં ભકતોની ભીડ જોવા મળી હતી. દેવીમાં લક્ષ્મીની કૃપાથી સૌ કોઈનું જીવન આનંદમયી બને તેવી પ્રાર્થનાઓ મંત્રોચ્ચારો મંદિરોમાં ઘુંજ્યા હતા. આજે ધનતેરસ અને દિવાળીનો શુભ દિવસ સાથે નરક ચર્તુદર્શી પણ હોય જ્યોતિશ શાસત્રીઓ દ્વારા પુજા-પાઠ જાપ-તપ થકી દૈવીય શક્તિઓનું આહવાન કરી

અનુસંધાન પાના ૭ પર

---

# વતન જવા માટે છેલ્લા ત્રણ દિવસ : સુરત-ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનું કીડીયારું

### ભીડને નિયંત્રણ કરવા પોલીસની ભારે જહેમત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

યુ.પી, બિહાર, ઓરિસ્સા સહિતનાં રાજ્યોમાંથી સુરતમાં રોજગારી માટે આવનારા લાખો પરપ્રાંતીયોએ વતનની વાટ પકડી લીધી છે. સુરત-ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા માટે તંત્ર પણ તૈયાર થઈ ગયું છે. પરંતુ મુસાફરોની ભીડ એટલી વધી જવા પામી છે કે તંત્રનો પણ પનો ટુંકો પડી રહ્યો છે. સુરત-ઉધના રેલવે સ્ટેશન ઉપર બનાવેલા હોલ્ડિંગ એરિયા પણ હાઉસફુલ થઈ ગયા છે. ટ્રેનો પણ ભરચક જઈ રહી છે. યુ.પી, બિહાર જતી ટ્રેનોમાં મુસાફરોને ઊભા રહેવાની જગા મળતી નથી. ટ્રેનમાં ચઢવા માટે ઉધના રેલવે સ્ટેશન પર દોઢ કિલોમીટરથી લાંબી લાઈનમાં ઉભેલા મુસાફરો જોવા મળે છે. રેલવે તંત્ર અને પોલીસ દ્વારા ભીડને નિયંત્રણ કરવામાં આવી રહી છે. છઠની પૂજા માટે છેલ્લા ત્રણ દિવસ ઉધના-રેલવે સ્ટેશન પર મુસાફરોનો કીડીયારૂ ઉભરાઈ જશે. લોકો ટ્રેન પહેલા પાંચ-પાંચ કલાક પહેલા રેલવે સ્ટેશન ઉપર પહોંચી જઈ લાઈન લગાવી દે છે.

---

# ઉગત ગામ પાસેથી ૭.૦૮ લાખના ગાંજા સાથે બે યુવક ઝડપાયા

### ક્રાઈમ બ્રાંચ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

સુરત ક્રાઈમ બ્રાંચે ઉગત ગામ તરફ જતા કેનાલ રોડ ઉપર આવેલ સીસી ક્રિકેટ ક્લચર બોક્ષ ક્રિકેટ એકેડમીની સામેથી બે યુવકોને રૂપિયા ૭.૮ લાખના હાઈબ્રીડ ગાંજાના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે તેઓની સામે એનડીપીએસ એક્ટ મુજબ આગલની કાર્યવાહી હાથ ધરી છે. સુરત ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ નૈના દાનુ મીરને મળેલી બાતમીના આધારે રાંદેર ઉગડ કેનાલ રોડ જહાંગીરાબાદથી રેડીએન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ ઉગત ગામ તરફ જતા કેનાલ રોડ પર આવેલ સીસી ક્રિકેટ ક્લચર બોક્ષ ક્રિકેટ એકેડમીની સામેથી અલગ અલગ બે એકસેસ મોપેડ પર સવાર

અનુસંધાન પાના ૭ પર

---

# જમીન દલાલ પરિણીતા ઉપર દોઢ વર્ષથી બળાત્કાર ગુજારતો હતો

### પતિ-પત્નીના ઝઘડાનો લાભ આરોપીએ ઉઠાવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

વરાછા વિસ્તારમાં રહેતા અને જમીન મકાન લે વેચનું કામ કરતા ૩૮ વર્ષીય યુવાને એક પરિણીતાને તેનો પતિ ઝઘડા કરતો હતો. પતિને છુટા છેડા આપી તેની સાથે રહેવાનું જણાવી છેલ્લા દોઢ વર્ષમાં અવાર નવાર દુષ્કર્મ ગુજાર્યું હોવાની ફરિયાદ ભોગ બનનારે વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

વરાછા પોલીસે સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મૂળ ભાવનગર વતની અને અને હાલ વરાછા ત્રિકમનગર પાસે કાવલીદાસ નગર સોસાયટીમાં રહેતો દિવ્યેશ રાઘવભાઈ ખેની. ઉ. ૩૮ ની પાડોશમાં રહેતી એક યુવતીની બહેન સાથે પરિચય થયો હોય અને તેનો પતિ તેને અવાર નવાર ઝઘડો કરી હૈરાન પરેશાન કરતો હોય આ વાતથી વાકેફ દિવ્યેશ ખેનીએ છેલ્લા દોઢ વર્ષનાં સમયગાળા પરિણીતાને તેના પતિને છુટાછેડા આપવાની વાત કરીત તેને પોતાની સાથે રહેવાનું જણાવ્યું હતું. દિવ્યેશ ખેનીએ આપણે પતિ પત્ની તરીકે સાથે રહેશું તારૂ તમામભરણ પોષણ હું કરીશ તેમ જણાવી શરીર

અનુસંધાન પાના ૭ પર

---

# લાંચ લેતા ઝડપાયા પીએસઆઈને હાઈકોર્ટમાંથી શરતી જામીન મંજૂર

### આરોપી પીએસઆઈ લીંબોલા ૪૦ હજારની લાંચ લેતા ઝડપાયા હતા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

સરથાણામાં ૬૨ હજારનો પગારદાર પીએસઆઈ લીંબોલા ૪૦ હજારની લાંચ લેતા ભેરવાયા હતા. પીએસઆઈ લીંબોલાએ બે યુવકોને માર નહીં મારવા અને વહેલા જામીન પર છોડી દેવા ૪૦ હજારની લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાઈ ગયા હતા. આ કેસમાં હાઈકોર્ટે આરોપી લીંબોલાને શરતોને આધીન જામીન મંજૂર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, સરથાણા ખાતે મિત્રો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં સરથાણા પોલીસે બે મિત્રોની અટકાયત કરી હતી. સરથાણાના ડી-સ્ટાફના પીએસઆઈ એમ.જી. લીંબોલાએ આ બંને આરોપીને માર નહી મારવા અને વહેલા જામીન પર છોડી દેવા માટે ૪૦ હજારની લાંચ માંગી હતી. જેની એસીબીમાં ફરિયાદ થઈ હતી. ભરૂચની એસીબી ટીમે છટકું ગોઢવી આરોપી લીંબોલાને લાંચ લેતા પકડી પાડ્યા હતા. તેમની સામે લાંચની ફરિયાદ નોંધી આગળની તપાસ કરવામાં આવી હતી. જેલમાં બંધ આરોપી પીએસઆઈ લીંબોલાએ જામીન મુક્ત થવા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. બચાવ પક્ષના વકીલ રિધ્ધીશ મોદી, એસ.જી. યાદવ, મુકુંદ રામાણી હતા.

---

# આજે ધનતેરસના શુભ દિવસે સોના-ચાંદી પર જ્વેલર્સોની ઓફર વચ્ચે ધૂમ ખરીદી

### સોનાની ખરીદી પર ચાંદી અને લેબગ્રોન ડાયમંડ ફ્રી સહિત મેકિંગ ચાર્જમાં ઘટાડાની વિવિધ ઓફરો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

આજે ધનતેરસના શુભ મહાપર્વ નિમિત્તે સોનું અને ચાંદી ખરીદવાની સદીઓ જૂની પરંપરા સુરતમાં પૂરજોશમાં જોવા મળી રહી છે. જોકે, આ વર્ષે સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂ. ૧.૩૨ લાખ અને ચાંદીનો કિલોનો ભાવ રૂ. ૧.૭૨ લાખની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે. ભાવ વધારાના આ પડકાર વચ્ચે પણ ગ્રાહકોનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે સુરતના જ્વેલર્સ ઉદ્યોગે અત્યાર સુધીની સૌથી આકર્ષક અને નવીન ઓફર્સ મૂકીને બજારમાં ધમધમાટ મચાવ્યો છે.



સુરતના જ્વેલરી બજારે રોકાણકારોને આકર્ષવા માટે એક અનોખી વ્યૂહરચના અપનાવી છે. જ્વેલર્સ દ્વારા જાહેર કરાયેલી મુખ્ય ઓફર મુજબ, જે ગ્રાહકો ૩ તોલા (લગભગ ૩૦ ગ્રામ)થી વધુ સોનાની ખરીદી કરશે, તેમને એક લેબગ્રોન ડાયમંડ ફ્રી આપવામાં આવશે. આ ઓફર ખાસ કરીને મોટા રોકાણકારો અને જે પરિવારો પરંપરાગત રીતે વધુ માત્રામાં સોનું ખરીદે છે તેમને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. ગ્રાહકો માને છે કે આનાથી તેઓ ધનતેરસની ખરીદીમાં વધારાનું મૂલ્ય મેળવી શકે છે અને લેબગ્રોન ડાયમંડ જ્વેલરીમાં રોકાણ કરવાનો સારો વિકલ્પ પૂરો પાડે છે. ગ્રાહક પરિધિએ આ ઓફરને સારો ઈન્વેસ્ટમેન્ટ વિકલ્પ ગણાવીને એડવાન્સ બુકિંગ કરાવ્યું હોવાનું જણાવ્યું હતું.

મોટી ખરીદીની ઓફર્સ ઉપરાંત, જે ગ્રાહકો ૩ તોલાથી ઓછું સોનું ખરીદી રહ્યા છે, તેમના માટે મેકિંગ ચાર્જમાં આકર્ષક ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે. આનાથી સોનાના ઊંચા ભાવને કારણે થતા વધારાના ખર્ચમાં ઘટાડો થાય છે અને મધ્યમ વર્ગના ગ્રાહકો પણ ધનતેરસની પરંપરાગત ખરીદી કરી શકે છે.


**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ - જોધપુર વચ્ચે સુપર ફાસ્ટ ફેસ્ટીવલ સ્પેશિયલ ટ્રેનદોડાવશે**

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાનો દિવસ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૪૮૨૬ | બાંદ્રા ટર્મિનસ- જોધપુર (સુપર ફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૨૩.૧૦.૨૦૨૫ થી ૩૦.૧૦.૨૦૨૫ | ૨૧.૨૦ કલાકે (ગુરૂવાર) | ૨૧.૪૫ કલાકે (બીજાદિવસે) |
| ૦૪૮૨૫ | જોધપુર - બાંદ્રા ટર્મિનસ (સુપર ફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૨૨.૧૦.૨૦૨૫ થી ૨૯.૧૦.૨૦૨૫ | ૧૭.૩૦ કલાકે (બુધવાર) | ૧૮.૨૦ કલાકે (બીજાદિવસે) |

**રોકાણ**:જતા આવતા આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, રતલામ, કોટા, સવાઇ માધોપુર, જયપુર, નાવા સીટી, કુચમાન સીટી, મકરાણા, દેગાણા, રેન, મેરતા રોડ અને ગોતાન સ્ટેશનો પર થોભશે.

**બંધારણ:** એ.સી.ટુ ટાયર,એ.સી.થ્રી ટાયર,સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચિસ

**ટ્રેનોના સમય ,બંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો : www.enquiry.indianrail.gov.in**

ટ્રેન નં. **૦૪૮૨૬** નું **બુકિંગ ૧૮-૧૦-૨૦૨૫** થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

**મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો**